SHREE SWAMINARAYAN

શ્રી સ્વામિનારાયણ

Rs. 5/-

MAY '06

માણેક બૂરજ લોકાર્પણ
અને શ્રીહરિના દ્વિશતાબ્દી વંશજનો દ્વિતીય પ્રાકટ્યોત્સવ

પ્રકાશક:- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧

Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

SHREE SWAMINARAYAN શ્રી સ્વામિનારાયણ

વર્ષ - ૩૮ | મે - ૨૦૦૬



સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭

ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

લવાજમ
વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

પ્રકાશન સમય
દર માસની ૧૧મી તારીખે
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

પત્રવ્યવહાર અને લવાજમ
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

અનુક્રમણિકા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૩
૩.	મૂર્તિ	૪
૪.	મહુન્દ્રા ખાતે મહારાજશ્રીની પાદ્યમાં ઘનશ્યામ દર્શન !	૫
૫.	ઈષ્ટદેવના નામથી વિચાર્યા વિના કરેલું દાન	૭
૬.	સુખના સિંધુ શ્રીહરિ	૯
૭.	"માહાત્મય જ્ઞાને સહિત નિશ્ચય"	૧૦
૮.	આરતીની સમજણ	૧૨
૯.	સત્સંગ સુરભિ : "આપ બોત અચ્છી સલ્લા (સલાહ) દિયા"	૧૪
૧૦.	સત્સંગ બાલવાટિકા	૧૬
	(૧) ભગવાન ભાગ્ય બદલી આપે છે	
	(૨) નિષ્ઠા પ્રભુના નામની	
૧૧.	પ્રશ્નપેટી	૧૯
૧૨.	ભક્તિસુધા	૨૦
	(૧) મોહનને ગમવાને ઈચ્છો માનની	
	(૨) ને સૌએ ખીચડીનાં દાતણ કીધાં !	
	(૩) નીચી ટેલ મળે તો માને મોટા ભાગ્ય જો	
	(૪) પ્રાંતિજના લક્ષ્મીબાઈ	
૧૩.	સત્સંગ સમાચાર દેશ-વિદેશના	૨૩

: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮. ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાર્યાલય : ૨૨૧૬૬૭૬૭.
Visit us : www.swaminarayan.info
E-mail : sntemple@hotmail.com
www.swaminarayanmuseum.com / org

અસ્મદીયમ્

તંત્રીશ્રીની કલમે....

જીવ માત્રને મોક્ષની ઈચ્છા છે. પરન્તુ તે તરફની પ્રવૃત્તિ કરવાની જરાય ઈચ્છા થતી નથી. જો મુમુક્ષુ સર્વ પ્રકારે મોક્ષ માટે જ પ્રવૃત્ત થાય તેને અવશ્ય ઈશ્વર પ્રાપ્તિ થાય અને તેનાથી આત્યન્તિક મોક્ષ મળે. પણ જેમ જગતના પદાર્થો માટે માણસ રાત્રી દિવસ ત્રણેય કાળમાં જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિમાં એક જ રટણ કર્યા કરે છે. હું અને મારું. જે નથી જ થવાનું છતાં તેનું રટણ એટલું બધું દ્રઢપણે થાય છે. તેવું રટણ જો પરમેશ્વરનું થાય તોજ જન્મ મૃત્યુના ભય થી છૂટીને મોક્ષની પ્રાપ્તિ થાય. અન્યથા તો કેવળ રેતી પિસ્યા અને પાણી વલોવ્યા જેવું જ છે. જીવને પરમેશ્વરની કૃપા સિવાય મોક્ષની વાત સમજાતી નથી અને જગતના પંડિતો, ગુરુઓ, સાધુ મહાત્માઓ, મોટા મોટા વિદ્વાન વકત્તાશ્રીઓ તો કેવળ પોતાનો અહં પોષવા માટે ગુરુ નું જ માહાત્મ્ય મહત્વ સમજાવીને ભોળા મનુષ્યને વાક્‌છટામાં આંજીને પોતાના વધારેમાં વધારે શિષ્યો બનાવવામાં જ મચી પડ્યા છે. તેમને અન્ય ને મોક્ષ મળે કે શું થાય ? તે ક્યાં જોવાનું લક્ષ્ય જ છે. એટલા માટે જ સર્વોપરિ ભગવાન શ્રીહરિએ જીવના ઉપર અપાર કૃપા કરીને મનુષ્ય શરીર ધારણ કરીને એજ વાત કરી છે કે આ જીવને ભગવાનનો ભેટો કરાવે તેવા ગુરુની જરૂર છે. **પોતામાં જોડે એવા તો લાખો મળે પણ ભગવાનમાં જોડે તેવા તો સ્વામિનારાયણ ભગવાને સ્વયં આ જીવને માટે શોધીને આપ્યા છે. તેના શરણે જીવ જાય તો અવશ્ય આત્યન્તિક મોક્ષની પ્રાપ્તિ થાય.**

તંત્રી શ્રી (મહંત સ્વામી)

શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના

જયશ્રી સ્વામિનારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ



(એપ્રિલ - ૨૦૦૬)

૨. નવા વાડજ શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૫-૬. માધાપર (કચ્છ) પધરામણી.

૭. અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રીહરિ જયંતી રામનવમીના બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ - અભિષેક અને રાત્રે ૧૦-૧૦ પ્રાકટ્ય આરતી ઉતારવા પધાર્યા.
પ.ભ. પ્રવિણભાઈ બાળકૃષ્ણ ઉપાધ્યાયને ત્યાં પધરામણી, બોપલ.

૧૧. નવાગામ (જેતલપુરદેશ) શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે અને ત્યાં હરિભક્તોને ત્યાં પધરામણીઓ.
પ.ભ. જે. જે. પટેલ (પી.આઈ.)ને ત્યાં પધરામણી, નારણપુરા.

૧૨ થી ૧૫ કેરા (કચ્છ) અને માંડવી (કચ્છ) કથા-પારાયણ પ્રસંગે પધરામણી.

૧૬. પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૬૩મો પ્રાકટ્યોત્સવ પોતાની શુભ નિશ્રામાં ઉજવાયો.
પ.ભ. કાંતિલાલ મોહનલાલ પટેલને ત્યાં પધરામણી, મેમનગર.
ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમના પ્રોજેકટનું કામ બંધ પડતા તેને વળતી લડત આપવા ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ૫૧ કલાકના ઉપવાસ પર ઉતરતા તેમને બળ મળે અને સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાન આ કાર્યમાં ભળે અને પુનઃ કામ પુરજોશમાં ચાલું થાય તે માટે મુખ્યમંત્રીને સહભાગી થવા ગુજરાત યુનિ. ગ્રાઉન્ડ સંત મંડળ સાથે પધાર્યા.

૧૭. ઝુંડાલ ગામે પારાયણ પ્રસંગે પધરામણી.

૧૮. આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદના સંપૂર્ણ સહયોગથી પુનઃ નિર્માણ થયેલ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજીત માણેકબુરજ 'લોકાપર્ણ' વિધિ પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ. એલિસબ્રીજ.
અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પારાયણની પૂર્ણાહુતિ પોતાના વરદ્ હસ્તે કરી.

૧૯-૨૦. બળદીયા (કચ્છ) પધરામણી.

૨૧. પાલડી (કાંકજ) (જેતલપુર દેશ) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે કરી.
કર્મશક્તિ શ્રી સ્વામિનારાયણ મંદિર પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.

૨૨-૨૩. અંજાર (કચ્છ) સરદારનગર (કચ્છ) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૨૪. શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિર પરઢોલ પારાયણ પ્રસંગે પધરામણી.
રાત્રે ધૂળકોટ હાલાર પધાર્યા.

૨૫. ઉટબેટ સામપર (હાલાર-મૂળીદેશ) પધરામણી.

૨૬. હિંમતનગર શ્રી સ્વામિનારાયણ મંદિર 'માકૃતિયજ્ઞ' પ્રસંગે પધરામણી.

૨૭-૨૮. શિરોહી (રાજસ્થાન) શ્રી સ્વામિનારાયણ મંદિર પધરામણી.

૨૯. ઉનાવા શ્રી સ્વામિનારાયણ મંદિર પધરામણી.

૩૦. પ.ભ. અશોકભાઈ હરિભાઈ ગજ્જરને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, સાબરમતી.
પ.ભ. કલ્પેશભાઈ નારણભાઈ પટેલને ત્યાં પધરામણી, શ્રેયસ ટેકરા.
પ.ભ. કનુભાઈ ડાહ્યાભાઈ પટેલને ત્યાં પધરામણી, હાથીજણ.
પ.ભ. હર્ષદભાઈ ઝિંઝુવાડીયાના 'ઝિંઝુવાડીયા બ્રધર્સ જ્વેલર્સ'માં પધરામણી, શિવરંજની ચાર રસ્તા.

મૂર્તિ

- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ
(મહંતશ્રી, નારાયણઘાટ)

સર્વોપરિ ભગવાન સ્વામિનારાયણ ના પ્રાકટ્યના ૨૨૫ વર્ષ પુરા થયા. સર્વોપરિ સર્વ અવતારના અવતારી શ્રીહરિ ૪૯ વર્ષ બે માસ અને એક દિવસ વ્યતિરેક સ્વરૂપે પ્રગટ રહ્યા અને પોતાની હયાતીમાં સ્વયં પોતે જ પોતાની મૂર્તિ અમદાવાદ, વડતાલ, મૂળી, ધોળકા આદિ ૯ મંદિરોમાં પ્રતિષ્ઠિત કરી તે શ્રીહરિકૃષ્ણ મહારાજ દ્વારા પોતે અખંડ પૃથ્વી પર યાવત ચંદ્ર દિવાકર પ્રગટ રહેવાનો કોલ આપી ભૌતિક સંસારના નાશવંતપણાનું સમગ્ર સંસારને ભાન કરાવવા દેહ ત્યાગ કર્યો ખરો, પણ પોતાની મૂર્તિનું અલૌકિક આશ્ચર્ય, ઐશ્વર્ય પોતાની હયાતીમાં પોતે બતાવ્યું જ હતું કે જેના અંગ્રેજ સરકારે પણ તેમના એક પુસ્તકમાં મહારાજની ચાલ, લટકંતી ચાલની નોંધ લીધી છે, મહારાજના દર્શને તો લોકોને સમાધિ થઈ જતી પણ કોઈ કોઈક તો દર્શન ન કરવા આંખ બંધ કરી દે તો મહારાજની ચાખડીના મધુર રણકારથી ઘણા બધાને સમાધિ થઈ જતી અને સમાધિમાં પોત પોતાના ઈષ્ટદેવ, પયગંબર વગેરેના દર્શનની હરિની મૂર્તિમાં થતા, અરે પોતાની મૂર્તિમાંથી ૨૪ ભગવાનના અવતારો પ્રગટ થયા અને મૂર્તિમાં લીન થતા બતાવ્યા, દર્શન કરાવ્યા, યમ, નિયમ, આસન, પ્રત્યાહાર, પ્રાણાયામ, ધ્યાન, ધારણા અને સમાધિ અષ્ટાંગ યોગ સહેજે સહજાનંદ સ્વામીએ પોતાની મૂર્તિમાં જ્ઞાની, અજ્ઞાની જીવપ્રાણી માત્રને અરે પશુ, પંખી ચકલા અને માછલાને યમનિયમ આસન અષ્ટાંગ યોગ કર્યા વગર સમાધિ કરાવી પોતાની મૂર્તિના દર્શન કરાવ્યા જ છે. પોતે સ્વયં કહ્યું પણ ખરું કે અમે મૂર્તિ દ્વારા, આચાર્ય દ્વારા, સંત દ્વારા અને શાસ્ત્ર દ્વારા પ્રગટ રહીશું, પોતાના દેહ ત્યાગ સમયે યોગકલાપ્રવર્તક શ્રીહરિએ અનંત ઐશ્વર્ય ભાજન પ્રભુએ કંઈક જેની સાક્ષીરૂપે એક પોતાનો દેહત્યાગ જણાવ્યો છે. અરે ! શ્રીહરિના અગ્નિ સંસ્કારનાં દર્શન થઈ રહ્યા હતા ત્યારે જ દાદા ખાચર અતિશય પ્રેમને વશ મારા મહારાજ ગયા..... હવે મારે શા માટે જીવવાનું ! મહારાજની ચિત્તામાં પડવા દોડ્યા ત્યારે આપણા મહાન સદ્‌ગુરુવર્ય ગોપાળાનંદ સ્વામીએ હાથ પકડી પાછળ બેઠકે દર્શને મોકલ્યા. બસ અને ત્યાં તો આ..... શું !!! જે શ્રીહરિનો લૌકિક દેહ ૪૯ વર્ષ પ્રગટ રહ્યો તેનો અગ્નિસંસ્કાર થઈ રહ્યો છે તે જ મારો વ્હાલો ભગવાન પ્રભુ તો હાથમાં ગુલાબનો હાર લઈને ઊભો છે. અરે.... એ.... દાદા.... મને ગયો માની લીધો ? એમ કહી ગુલાબનો હાર દાદાના ગળામાં પહેરાવ્યો આજ પણ એ ગુલાબનો હાર મહારાજના પ્રગટપણાની સાક્ષી પુરતો શ્રીહરિની મૂર્તિ સત્ય સંકલ્પમૂર્તિ છે તેનું પ્રમાણ આપતો હાર સૌ સંતો હરિભક્તોને પ્રગટ પણાની પ્રતિતિ કરાવતો હાર વિદ્યમાન છે.

શ્રીહરિની મૂર્તિનું વર્ણન કરતા પ્રેમાનંદ સ્વામી મહારાજની દાઢમાં એક તલનું વર્ણન કરે છે તે પ્રેમાનંદ સ્વામી સૌ સંતો હરિભક્તોને ભગવાન પાસે શું માગવું, પૈસા, રૂપિયા, સોના મહોરો, મહેલ, બંગલા, ગાડી, દીકરા, દીકરી, ના ભઈ ના ! શું શીખવાડે છે ? કે,

તમારી મૂર્તિ વિના મારા નાથ રે
બીજું મને આપશો માં.....

એવી જ પ્રેરણા પિયુષ પાતા જગદીશાનંદ બ્રહ્મચારી છે. અહોનિશ દર્શન દેજો રે, મૂર્તિ ચૈતન્યમાં રહેજો, નાથ તમારી મૂર્તિમાં રહેજો વૃત્તિ મારી રે, ચૈતન્યમાં રહેજો. પાંચસો પહમહંસો અને ૨૦ લાખ હરિભક્તોએ મહારાજની હાજરીમાં આ જ માગણી કરી છે.

શોભા સાગર શ્યામ તમારી
મૂર્તિ પ્યારી રે,
મૂર્તિ પ્યારી રે નાંખુ મારા
પ્રાણ વારી રે.

સુખ સગવડ રમણીય સંસાર બાગ બગીચા, દીકરા, દીકરી, મા-બાપ આંખોથી શું જોવું છે ? સંતો શીખવે છે....

તારી મૂર્તિ રે છે જો નેણું નો
શણગાર...
મને પ્યારી લાગે મૂર્તિ તમારી
ઘનશ્યામજી.... પ્યારી લાગે.
તારા મુખની લાવણતા મીઠી રે
મોહન વનમાળી,
એવી ત્રિભુવનમાં નવ દીઠી રે
મૂર્તિ મરમાળી .. તારા ..

નિયમ ચેષ્ટાના પદ કરી મૂર્તિની સ્મૃતિ કરતા કરતા શ્રીહરિની આજ્ઞા પાળી હજારો હરિભક્તો સંતો કેવા મૂર્તિનાં સુખે સુખિયા થઈ સમાધિનું સુખ ભોગવે છે. આજે પણ.....

આવો મારા મોહન મીઠડા લાલ
કે જોઉ તારી મૂર્તિ રે લોલ.....

(અનુસંધાન પાના નં. ૬ ઉપર)

મહુન્દ્રા ખાતે મહારાજશ્રીની પાદ્યમાં ઘનશ્યામ દર્શન !

- શાસ્ત્રી હરિજીવનદાસ (મહુન્દ્રા)

શ્રીજી મહારાજ આ સત્સંગમાં સદા પ્રત્યક્ષ છે. ભગવાનને પ્રત્યક્ષ મેળવવા હોય તો શ્રદ્ધા પણ પ્રત્યક્ષ જોઈએ - પાકી અને મક્કમ.

પરંતુ માણસોને જેટલી શ્રધ્ધા પોતાના પુત્ર-પરિવારમાં હોય છે એટલીય ભગવાનમાં છે ખરી? ભગવાન તો આ કળિયુગમાંય ભક્ત મનોરથ-પૂરક છે. ખાસ કરીને શ્રીહરિનું તેજ અને દૈવત શ્રીહરિ સ્થાપિત ગાદી સ્થાનોના મંદિરોમાં જેવું જોવા મળે છે તેવું બીજે ભાગ્યે જ જોવા મળશે. જૂના મંદિરોના દેવોનો તેજ પ્રતાપ એવો તો દિવ્ય છે કે સંપ્રદાયનો આશ્રિત ન હોય છતાં સ્વીકારે છે કે જૂના મંદિરોના દેવ જેવું તેજ નવા સ્થાનોમાં નથી જોવા મળતું.

આજકાલ લોકોને જે બોલવું હોય તે બોલે, પણ શ્રીજી મહારાજે પોતાની પ્રત્યક્ષ હાજરીનો પરચો પૂરી દીધો છે. એ પણ એવા ગામમાં કે જ્યાં સ્વામિનારાયણ ભગવાનના નામથી સાવ અપરિચિત હતા. જ્યાં સત્સંગીના માત્ર બે જ ઘર ! વળી આર્થિક રીતે પછાત ! ગાંધીનગર જીલ્લાનું મહુન્દ્રા ગામ ચીલોડા-પ્રાંતીજ હાઈવે પર આવેલું છે. અહીં સત્સંગ ઓછો તેથી મંદિર બનાવવું ઘણું કઠીન. છતાં પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા અને આશીર્વાદ લઈને શાસ્ત્રી હરિકેશવદાસજીના શિષ્ય શાસ્ત્રી હરિજીવનદાસજીએ આ ગામમાં શ્રી નરનારાયણદેવના તાબાનું મંદિર બનાવવાનું બીડું ઝડપ્યું.

ગામના મનુભાઈ માધાભાઈ પટેલે મંદિર બનાવવા પોતાનો વાડો શ્રી નરનારાયણદેવને અર્પણ કર્યો. આ વાડો કચરો, ગંદકી, થોરીયા, બાવળ, હાડકા વગેરેથી ખદબદતો હતો. કોઈ એ બાજુ નજર કરવાય તૈયાર નહોતું. પરંતુ મંદિર નિર્માણનું નક્કી થયું. જમીનનું લેવલીંગ કરવા એક ખેડૂતે ટ્રેકટરનો પાવડો લગાવ્યો અને જગ્યા ચોખ્ખી કરી આપી. મંદિરની જમીન ચોખ્ખી કરી આપવાથી આ ખેડૂતને ઘનશ્યામ મહરાજે પરચો પૂર્યો. તેના એક ખેતરમાં ખાસ કશું પાકતું નહોતું. પરંતુ સેવાના ફળરૂપે એ વર્ષે તેના ખેતરમાં ઘણો પાક ઉતર્યો.

મંદિરના પાયા ખોદાયા. ભૂલેચૂકે કોઈ મંદિરનો વિરોધ કરે કે આડા હાથ નાંખે એવા લોકોને કાંઈને કાંઈ નુકશાન થવા માંડ્યું. મંદિર જ્યારે પૂર્ણતાને આરે પહોંચ્યુ ત્યારે મંદિરમાં પધરાવવા માટે ત્રણ ચિત્રાર્ચા સ્વરૂપોનું આગમન થયું - શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી નરનારાયણદેવ તથા શ્રી રાધાકૃષ્ણદેવ.

જ્યારે પ્રતિમાઓ આવી ત્યારે જોગાનુંજોગ ગામનો એક ભૂવો પણ આવેલો. તેણે સંકલ્પ કર્યો કે સ્વામિનારાયણ સાચા હોય તો મને પરચો પૂરે. એ વખતે ઘનશ્યામ મહારાજના ચાંદલામાંથી તેજ તેજ નીકળવા માંડ્યું. આવું પ્રત્યક્ષ જોઈને ભુવો માની ગયો કે સ્વામિનારાયણ ભગવાન સાચા છે.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી મહુન્દ્રા મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠાની તારીખ નક્કી થઈ. તા. ૧૮-૧૧-૦૫ કારતક વદ-૩, પાંચ દિવસનો મોટા પાયે સમૈયો શરૂ થયો. એક ભાઈ સ્વામિનારાયણ ભગવાનને માનતા નહોતા, તો મૂર્તિ પ્રતિષ્ઠાના ત્રણ દિવસ પહેલાં આ ભાઈને સ્વપ્નામાં આખી રાત ભગવાનના ત્રણે ત્રણ તેજસ્વી સ્વરૂપો દેખાયાં કર્યા. મૂર્તિઓ સીલબંધ હોવાથી હજુ સુધી કોઈએ દર્શન કરેલાં નહિ. પણ પ્રભુએ સ્વપ્નામાં દર્શન દીધા. કેવી કૃપા ! કેવો પ્રતાપ !

પ્રતિષ્ઠા યાગના ત્રીજા દિવસે ફક્ત પંદર લીટર છાશ હતી. પરંતુ ઉત્સવમાં શ્રીજી મહારાજ પ્રત્યક્ષ વિચરણ કરીને બધું ધ્યાન રાખતા હતા એવું ઘણાને દેખાતું હતું. તેથી માત્ર પંદર લીટર છાશમાંથી પાંચસો ભક્તોએ ધરાઈને મીઠી છાશ પીધી છતાં છાશ કેનમાં એટલી ને એટલી વધી હતી ! એક ભાઈ તો માને તેમ નહોતા. તેના સ્કુટરમાં દોઢ લીટર પેટ્રોલ જ હતું. ઉત્સવમાં તેણે સ્કુટર ખૂબ દોડાવ્યું. ઉત્સવ પુરો થતાં સુધી તેના સ્કુટરમાંથી પેટ્રોલ ખૂટ્યું જ નહિ ! તેને ઘનશ્યામ મહારાજ ઉપર આસ્થા બેસી ગઈ.

મૂર્તિ પ્રતિષ્ઠાના દિવસે પ.પૂ. કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા. પ્રતિષ્ઠાની આરતી ઉતારી અને જ્યારે યજ્ઞમાં સમાપ્તિનું શ્રીફળ હોમતા હતા. ત્યારે આજુબાજુમાં સંતો ને ભક્તો ઉભેલા. દૂર ઉભેલા એક માજીને પૂ. મહારાજશ્રીની પાદ્યમાં (મહુન્દ્રામાં પધરાવેલ) સાક્ષાત્ ઘનશ્યામ મહારાજના દર્શન થયાં ! કેવી શ્રધ્ધા ! કેવાં દર્શન ! અને દર્શન પણ શ્રીજી

મહારાજના પુત્ર એવા મહારાજની પાઘમાં ! જેમ માર્કંડેય ઋષિને વડના પાંદડામાં પ્રભુનું બાલસ્વરૂપ દેખાયું તેના જેવો અમૂલ્ય લાભ છે !

મહુન્દ્રા નિવાસી ઘનશ્યામ મહારાજની લેમીનેશન છબી એક ભાઈએ પોતાની દુકાનમાં પધરાવી છે, તો તેમને એવાં દર્શન થયાં કે ઘનશ્યામ મહારાજ તેમની દુકાનમાં ફરી રહ્યા હોય !

મહુન્દ્રા મંદિરની સામે એક પ્રજાપતિ રહે છે. તેમને નાતીલા સાથે મોટો અણ બનાવ થયેલો. મારામારીને કોર્ટમાં કેસ ચાલે. ઘણા સમયથી સમાધાન થતું ન હોતું. તો પ્રજાપતિએ નક્કી કર્યું કે જો નાતીલા સાથે સમાધાન થઈ જાય તો હું સ્વામિનારાયણ મંદિરે જઈશ, નહિ તો નહિ. ચમત્કાર સર્જાયો. કોર્ટની બહાર સમાધાન થઈ ગયું ! હવે, દરરોજ તે મંદિરે દર્શન કરવા આવે છે.

કોઈની સોનાની લકી ખોવાઈ હોય, કોઈની ગાડીની ચાવી ખોવાઈ હોય પણ ઘનશ્યામ મહારાજની બાધાથી બધું જ કામ પતી જાય. ઘણા લોકોના સંકલ્પો શ્રીફળ અને દીવાથી પૂરા થઈ જાય છે. જેની ગણતરી જ નથી, કોઈ બહેનને સંજોવશાત ઘરમાંથી મંદિરે જવાની રજા મળતી નથી તો તેને સ્વપ્નામાં એવા દર્શન થાય છે કે ઘનશ્યામ મહારાજ મંદિરમાંથી આવી પોતાને ઘેર પધરાવેલી છબીમાં સમાઈ જાય છે. એક ગરીબ રાવળ ભગતને તો ઘનશ્યામ મહારાજ અખંડ નજર આગળ ને આગળ દેખાયા કરે છે. મોટા યોગીઓને દુર્લભ ભગવાનની અખંડ સ્મૃતિ-અખંડ દર્શન-વચનામૃત મુજબ એ મોટામાં મોટી પ્રાપ્તિ છે. ભક્તનો નિર્દોષ ભાવ હોય તો જ આ બને.

એટલું ખરૂં કે સાક્ષાત્ શ્રીજી મહારાજના અપર સ્વરૂપ પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે મંદિરમાં ઘનશ્યામ મહારાજ બિરાજતા, ગામની શોભા, સુખ, સમૃદ્ધિ વધતી જાય છે. ગામની વેળા વળી છે ને વળશે. ભાવિકો જેટલી વધુ શ્રધ્ધા રાખશે, માનશે, પૂજશે કે સેવા કરશે તે લોકોને પ્રભુ ખૂબ સુખીયા કરશે. વ્યવહાર પણ સુધરશે.

"હું સ્વામિનારાયણમાં નથી માનતો." ભગવાનના કોઈ પણ અવતાર માટે આવું બોલનાર અસુર જ હોય. આવું બોલનારો માણસમાંથી તો ગયો પણ તે હિન્દુત્વમાંથીય ગયો. સાચો હિન્દુ કદાપિ કોઈ દેવ-દેવીની નિંદા ન કરે. સાધુ-સંત કે શાસ્ત્રની પણ નિંદા ન કરે. કદાચ કોઈને એમ થાય કે આજકાલ કાંટા વધી ગયા છે પરંતુ પોઝેટીવ (શ્રદ્ધાભર્યું) વલણ રાખો તો એમ વિચાર આવે કે કાંટાની સાથે સાથે ગુલાબ પણ ઘણાં છે ! ગુલાબને કાંટા ભેળા જ હોય છે દરેક યુગમાં..... તમારે શું જોઈએ છે ?

(પાના નં. ૪નું ચાલુ)

મૂર્તિ

કાલા મારી સુધબુધ તે હરિ લીધી રે
તારે લટકે વેરાગણ કીધી રે..

ગુજરાતી સાહિત્યનો સૌ પ્રથમ ગદ્ય ગ્રંથમાં સાહિત્યકારો જે ગ્રંથની નામના કરે છે તે પ્રથમ ગ્રંથ વચનામૃત આજ પર્યંત શ્રેષ્ઠતાના શિખરો પર જ શોભાયમાન બની રહ્યો છે. અમેરિકા જેવા દેશો પણ વચનામૃત ગ્રંથની સર્વોપરિતા પરિણામી, ચકાસી ખાતરી કરી પ્રમાણ કરી દીધું. હિંદુ ગ્રંથોમાં શ્રેષ્ઠ ગ્રંથ છે વચનામૃત. જેમાં તેના પ્રમાણની તિથિ, તારીખ, સાલ, સ્થાન, સંતો હરિભક્તોના નામ નિર્દેશ સાથે તે વચનામૃતના પહેલા જ વચનામૃતની પહેલી જ વાતમાં શ્રીહરિ કહે છે કે જેમ ચિંતામણી કોઈક પુરુષના હાથમાં હોય તો તે જે જે પદર્થને ચિંતવે તેને પ્રાપ્ત થાય છે. તેમ ભગવાનની મૂર્તિને વિષે જેના મનની અખંડ વૃત્તિ રહે છે તે તો જીવ, ઈશ્વર, માયા અને બ્રહ્મ તથા વૈકુંઠ, ગોલોક, બ્રહ્મમહોલ એ આદિક જે જે ભગવાનનાં ધામ તેને પણ દેખે છે. માટે ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવી તેથી કોઈ કઠણ સાધન નથી. અને તેથી કોઈ મોટી પ્રાપ્તિ પણનથી.

જન્મ, મરણ, ગર્ભવાસ અને લખચોરાશીના ફેરામાંથી મુક્ત થવાનું છે અને અનંત કાળ જે શ્રીહરિના સાનિધ્યમાં શ્રીહરિની મૂર્તિનું અખંડ ચિંતવન કરી મૂર્તિમાં રહી જીવન જીવવું એ જ આપણું સાધ્ય છે. શ્રીહરિ વચનામૃત ગ.મ. ૧૧માં કહે છે કે ભગવાનને મધ્યમાં રાખી જે જે ક્રિયા કરે તે સર્વ ક્રિયા ભક્તિરૂપ થઈ જાય છે.

અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવના દૈનિક સાંધ્ય (સાંજના) થાળ

સર્વોપરિ શ્રી નરનારાયણદેવના સાંજના પાકા થાળ છેલ્લા ઘણા સમયથી શરૂ કરવામાં આવ્યા છે. તો જે ભાવિક શ્રધ્ધાળુ હરિભક્તોને ઠાકોરજીને સાંજના થાળ કરાવવાની ઈચ્છા હોય તેમણે કોઠારે રૂા. ૫૦૦/- ભરીને પાવતી મેળવી લેવી. સાંજના થાળની પ્રસાદી આપવામાં આવતી નથી.

ઈષ્ટદેવના નામથી વિચાર્યા વિના કરેલું દાન

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

આ પૃથ્વી પર જે કોઈ મનુષ્યોને કંઈક વાંચવા સાંભળવાથી કે જોવાથી કે અનુભવથી સ્વામિનારાયણ ભગવાનમાં પ્રીતિ થઈ હોય તેવા દરેક મનુષ્યે શાસ્ત્રો દ્વારા સ્વામિનારાયણ સંપ્રદાયનું બંધારણ સમજવું અત્યંત જરૂરી છે. શાસ્ત્રની વાત આવી એટલે શાસ્ત્રની ખરીદીમાં પણ વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવો પડે. જેમ અમદાવાદ અને વડતાલ એ સત્સંગની બે ગાદી પરંપરાના ધર્મવંશી આચાર્યશ્રી થકી દીક્ષા નહીં પામેલા ત્યાગીને શાસ્ત્ર પ્રમાણે સ્વામિનારાયણ ના સંતો ગણવામાં આવતા નથી, તેમ ધર્મવંશી આચાર્યશ્રીના આજ્ઞાપત્ર વિનાના પ્રકાશિત પુસ્તકો પણ સંપ્રદાય ને માન્ય શાસ્ત્ર ગણાતા નથી. કેમ કે ધર્મકુળની આજ્ઞા વિરુદ્ધના પ્રકાશનોમાં મનઘડંત ફેરફારો થવાની પૂરી શક્યતા છે. અને તે ઘણાંએ અનુભવ્યું પણ હશે. એક જ નામ ધરાવતું પુસ્તક જો મૂળભૂત મંદિરો સિવાય અન્ય સંસ્થાઓમાંથી ખરીદવામાં આવે તો આવા ફેરફારો જોઈ શકાય છે.

જ્યારે સિદ્ધાંત કે બંધારણની વાત આવે ત્યારે દરેકના મુખે થી એક બહુ ચવાઈ ગયેલું વાક્ય સાંભળવા મળે છે કે 'ભગવાન તો એક જ છે ને!' હા ભાઈ! તમારી વાત ૧૦૦% સાચી છે કે ભગવાન તો એક જ છે. અને તે ભગવાન આપણને સ્વામિનારાયણ નામથી પ્રત્યક્ષ મળ્યા છે. પરંતુ આ વાક્યથી આગળ વિચારવાવાળા બહુ ઓછા છે કે આપણને મળ્યા એ જ પુરુષોત્તમ નારાયણે જીવના કલ્યાણ માટે કેવો માર્ગ પ્રસ્થાપિત કર્યો છે ? સંપ્રદાયનું શું બંધારણ છે ? માત્ર આ એક જ વાક્ય ઉપર જો વિચારવામાં આવે તો કોઈ એમ ન કહી શકે કે સ્વામિનારાયણ સંપ્રદાયમાં ઘણાં ફાંટા છે. શાસ્ત્રોમાં પરંપરા બંધારણ બહુ સ્પષ્ટ બતાવ્યું છે. શ્રીજી મહારાજે કંઈ બાકી નથી રાખ્યું. સત્સંગિજીવન ગ્રંથમાં તો એક એક શબ્દની મહારાજે વ્યાખ્યાઓ કરી છે. સ્વામિનારાયણ નામથી કોઈ મંદિરો કરે, સંસ્થાઓ કરે અને પછી એ મંદિરો કે સંસ્થાઓમાં જો મૂર્તિઓ પધરાવવામાં આવે તો ગાદી પરંપરાના ધર્મવંશી આચાર્યશ્રી વિના એ મૂર્તિમાં પરમાત્મા બિરાજમાન થતા નથી આ માટે શિક્ષાપત્રી શ્લોક નં. ૬૨નું મનન કરવું ખૂબ જરૂરી છે. આવી રીતે પરંપરાતો એક જ છે કે ધર્મવંશી આચાર્યશ્રી દ્વારા મૂર્તિ પ્રતિષ્ઠા, તેઓશ્રી દ્વારા ત્યાગીને સંત દીક્ષા તેમજ તેઓશ્રી દ્વારા ગૃહસ્થને સત્સંગી તરીકેની સામાન્ય દીક્ષા હવે સંપ્રદાયના બંધારણથી વિરુદ્ધ કોઈ મંદિરો કરે, ભગવી ચુંદડી ઓઢી લે કે કંઠી-તિલક ચાંદલો ધારણ કરી લે તો તેને સ્વામિનારાયણ સંપ્રદાય કેમ કહેવાય ? સ્વામિનારાયણ સંપ્રદાય એટલે સ્વામિનારાયણ ભગવાને સ્થાપિત કરેલી પરંપરા. ચિન્હો સરખા હોય પરંતુ પરંપરા ન હોય તો એ આભાસી ધર્મ કહેવાય. અથવા કલ્પિત ધર્મ કહેવાય. મહારાજે શિ.શ્લોક નં. ૨૪માં લખ્યું છે કે અમારા સત્સંગીએ કલ્પિત ધર્મનું આચરણ ન કરવું.

હવે પ્રશ્ન એ છે કે આ કલ્પિત અળગા થયેલા માર્ગને પોષણ ક્યાંથી મળે છે ? પોષણનું મૂળ ક્યાં છે ? વિચારીએ તો ખ્યાલ આવે કે પોષણનું મૂળ સિદ્ધાંત અને બંધારણ સમજ્યા વિનાના લોકોએ કરેલા દાનમાં રહેલું છે. અયોગ્ય દાનથી આભાસી સંસ્થાઓની દિવાલોને પોષણ મળે છે. કેવી રીતે ? એક દ્રષ્ટાંત આપું. દા.ત. એક હરિભક્ત છે. બંધારણની નિષ્ઠા - શ્રીજી મહારાજનું વચન હૃદયમાં દ્રઢ થયેલું ન હોય મકરસક્રાંતિનું પર્વ આવે, પરંપરા વિરુદ્ધની સંસ્થાઓમાંથી ઝોળીદાન લેવા ત્યાગી કે ગૃહસ્થ આંગણે આવ્યા. પેલા હરિભક્ત યજમાનને એમ થાય કે આંગણે આવેલા યાચકને ખાલી હાથે પાછો કેમ કાઢવો ? ચાલો આપો પચાસ રૂપિયા કે સો રૂપિયા ! આવનાર વ્યક્તિઓ આ દાન તેઓએ ઉભા કરેલા આભાસી ચોકઠામાં જમા કરશે. કદાચ તેમાંથી અલગ સંસ્થા ઉભી થશે. અલગ સંસ્થા હશે તો તેનો નિભાવ થઈ બળવત્તર બનશે. જુદી સંસ્થા ઉભી થાય તેની માલિકી શ્રીજી મહારાજે સ્થાપન કરેલ દેવની ન હોય, ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી તે સંસ્થાના વહીવટકર્તા ન હોય, ધારો કે જુદી સંસ્થાની દિવાલમાં પેલા હરિભક્તે દાન કરેલ રકમમાંથી ખરીદેલી થોડી ઈંટોનો ઉપયોગ થયો. એ સંસ્થા કાયમ માટે રહેશે. હજારો મનુષ્યોને સ્વામિનારાયણ સંપ્રદાયની પરંપરા ઓળખવામાં આ સંસ્થા આડખીલીરૂપ થશે. જગત વાતો કરશે કે સ્વામિનારાયણ સંપ્રદાયના કેટલા ફાંટા

છે? ૫૦/- રૂપિયાનું દાન કરનારે પોતાના ઈષ્ટદેવની સેવા કરી કે દ્રોહ કર્યો ? સંપ્રદાયનું બંધારણ તોડવામાં મુમુક્ષુજનોનું વિચાર્યા વિનાનું દાન જ જવાબદાર છે. ત્યાગી પૈસા કમાવા જતાં નથી. ગૃહસ્થ પૈસા કમાય છે. વિચાર્યા વિના દાન કરી સંપ્રદાયને તોડે છે. આખા વિશ્વમાં સ્વામિનારાયણ સંપ્રદાયની માત્ર અને માત્ર બે જ ગાદી છે. બાકી જેટલી ગાદી હોય તેટલી આભાસી સમજવી. અમદાવાદ અને વડતાલ એ બે સત્સંગની ગાદી સ્વયં શ્રીજી મહારાજે કરેલી છે. એ બે ગાદી પર બિરાજીત ધર્મવંશી આચાર્યશ્રી શ્રીજી મહારાજનું અપર સ્વરૂપ છે. અનંત કોટી બ્રહ્માંડનો વહીવટ કરનારા પુરુષોત્તમ નારાયણ પોતે સ્થાપન કરેલી બે ગાદીનો વહીવટ પણ પોતાની મરજી અનુસાર કરે છે. ગાદીસ્થાન સાથે સંકળાયેલ સંસ્થાઓ મંદિરોમાં ગૃહસ્થ હરિભક્તે કરેલું દાન શ્રીજી મહારાજે પ્રવર્તાવેલી પરંપરાને પોષણ આપે છે. તે સિવાયની આભાસી સંસ્થાઓમાં કરેલું દાન પરંપરા-સંપ્રદાયને તોડવાનું કામ કરે છે. સામાન્યતઃ કોઈ મનુષ્ય પોતાના ઈષ્ટદેવનો દ્રોહ ન કરે. પરંતુ આવી રીતે પરોક્ષપણે પોતાના ઈષ્ટદેવનો દ્રોહ થાય છે. તેથી જ દાન બાબત આપણા સ્વામિનારાયણ માસિકમાં અવારનવાર સર્વે સત્સંગી માત્રને જરૂરી સૂચન આપવામાં આવતું હોય છે કે "દાતાઓ ઘણી વખત ક્યાં દાન આપવું, ક્યાં વાસ્તવિક જરૂર છે. ઈત્યાદિથી પૂરા સજાગ ન હોવાથી અયોગ્ય જગ્યાએ દાનનો પ્રવાહ વળી જાય છે. માટે દાતાઓને સૂચન છે કે દાન માટે યોગ્ય માર્ગદર્શન પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પાસેથી મેળવવાથી જરૂરીયાતવાળા મંદિર, કેળવણી સંસ્થા ઈત્યાદિ અંગે દિશા સૂચન મળી શકશે."

વળી ધર્માદો એ તો દાન ગણાતું જ નથી. દશાંસ-વિશાંસ ભાગ તો શ્રીજી મહારાજે ગૃહસ્થ પાસેથી માંગી લીધેલ છે. તેથી એ ભાગ તો ભગવાનનો હોવાથી, ગૃહસ્થ ધર્માદો ન કાઢે તો તે દેવનો ચોર છે. બીજાનું ચોરી લીધેલું અણહકનું દ્રવ્ય જો ન પચે, તો સ્વયં ભગવાનનો ભાગ ગૃહસ્થ ચોરવા જાય તો ક્યાંથી પચે ? દશાંસ-વિશાંસ ગૃહસ્થ પોતાના ઘરમાં રાખીને તેનો ઉપભોગ કરવાની ઈચ્છા કરે તો તેનું દ્રવ્ય ડૉકટર, વકીલ, ચોર લઈ જાય અગર કુમાર્ગે વપરાય જાય, જેનું પાપ નફામાં રહી જાય માટે ધર્માદા બાબત પણ અંકમાં સૂચન કરવું પડે છે કે "સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની બહુ જ સ્પષ્ટપણે પોતાના સર્વે આશ્રિતોને આજ્ઞા છે કે પોતાની આવકમાંથી દશમો ભાગ અથવા વ્યવહારે દુર્બળ હોય તેને વીસમો ભાગ દેશ વિભાગના આધારે પોતે જે દેશ વિભાગમાં વસતા હોઈએ તે દેશ વિભાગના દેવને અર્પણ કરવો. કેળળણી સંસ્થાઓ કે મંદિરોના નિર્માણ થતા હોય અથવા કોઈપણ સ્થાનમાં દાન કરવું હોય તો ધર્માદામાં કાપ મૂકીને દાન ન અપાય. દેવનો ધર્માદો અમદાવાદ શ્રી નરનારાયણદેવની ગાદીના આશ્રિતોએ શ્રી નરનારાયણદેવના કોઠારમાં જ પોતાનો ધર્માદો (રોકડ, અનાજ ઈત્યાદિ) જમા કરાવી પાકી પાવતી મેળવવી જરૂરી છે."

આજે વિમુખ સંસ્થાઓ સ્વામિનારાયણ નામ હેઠળ નાના નાના નિર્દોષ બાળકોને છાપાની પસ્તી ઉઘરાવવા ગૃહસ્થના ઘેર ઘેર મોકલે છે. તેવા લોકોએ સ્વામિનારાયણ નામની શું કિંમત કરી !! જે નામ જપવાથી મનુષ્યના પાપો બળી જાય તે નામ પર વિમુખો પસ્તી ઉઘરાવે છે. સ્વામિનારાયણ સંપ્રદાયની બદનામી કરે છે. કારણ કે જગતને ખબર નથી કે શું અસલ અને શું આભાસી ? આવા સમયે નિષ્ઠાવાળા હરિભક્તની ફરજ છે કે આગંતુક નાના બાળકોને દેવ અને આચાર્યના નાના નાના કેલેન્ડરો આપીને તેઓને સમજાવવા જોઈએ કે આ નરનારાયણદેવને ભગવાન કહેવાય અને આ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજને આપણા ગુરૂ કહેવાય. તેવી જ રીતે સત્સંગના દક્ષિણ વિભાગ વડતાલ ગાદીમાં સમજવું. પ.પૂ. મોટા આચાર્ય મહારાજશ્રીના શબ્દો 'ઝનુન વાળાનો સત્સંગ બહુ શોભે છે.' એ વાક્ય જો આજે સત્સંગી માત્રના હૃદયમાં ઉતરી જાય તો દાન બાબત તો કોઈને સમજાવવાની જરૂર જ ન રહે.

સો વાતની એક વાત છે કે જે કોઈ વ્યક્તિને સ્વામિનારાયણ ભગવાનમાં પ્રીતિ હોય તે દરેક વ્યક્તિએ વચનામૃત કા. ૧૧ ખૂબ જ વિચારવું. આ રહ્યું તે વચનામૃત. પછી શ્રીજી મહારાજને સચ્ચિદાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછયો જે, "ભગવાનને વિષે પ્રીતિ હોય તેના શા લક્ષણ છે ?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "જેને પોતાના પ્રિતમ જે ભગવાન તેને વિષે પ્રીતિ હોય તે પોતાના પ્રિતમની મરજીને લોપે નહિ. એ પ્રીતિનું લક્ષણ છે. જો ગોપીઓને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે પ્રીતિ હતી તો જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન મથુરા જવા તૈયાર થયા

(અનુસંધાન પાના નં. ૧૧ ઉપર)

સુખના સિંધુ શ્રીહરિ

- સાધુ ભક્તવત્સલદાસ (તપોવન મંદિર લીંબડી)

સાખી :

સુરપૂર નરપૂર, નાગપુર
એ તીન મેં સુખ નાંહિ
કાં સુખ હરિ કે ચરન મેં
કા સંત કે માંહી

જે વ્યક્તિને મહેલ અને જેલ સરખા લાગે છે, કચરો અને કંચનમાં તફાવત નથી. પુરુષ અને સ્ત્રીનો આકાર ભેદ નજરમાં નથી આવતો તે સાચો સ્થિતપ્રજ્ઞ કે યોગી કહેવાય છે. તેવા સંત યોગીને બધે સમાનતા અનુભવાય છે. આવા મહાત્માઓના જીવનમાં સમદૃષ્ટિ હોય છે. ક્યારેક પાથરવા માટે સારૂં ગાદલું મળે તો, તેનો આનંદ નથી. અને ક્યારેક જંગલની ઝૂપડીમાં હાથનું ઓશીકું કરીને સૂતો હોય તો, તેને દુઃખ નથી. એની પાસે કોઈ દુન્યવી સુખ આપે એવું પદાર્થ કે વસ્તું નથી એનું એને દુઃખ નથી. અને મળતું નથી એનો અફસોસ નથી. અને ક્યારે મળશે તેની ચિંતા નથી, તેનું જીવન સદાને માટે સંતોષી હોય છે.

સદ્‌ગુરુ સેવો રે સાચા શુદ્ધ
ભાવશું રે,

આવા સ્થિત-પ્રજ્ઞ મહાત્માઓની પાસે પરિવાર નથી, પત્ની નથી, પૈસા કે પુત્ર નથી છતાં તેઓનું જીવન સદાને માટે પૂર્ણકામ અને આત્મારામ હોય છે. તેઓ સદાને માટે આત્માનંદમાં મસ્ત હોય છે. જ્યારે, સંસારીના જીવનમાં વ્યવહારના બધા યોગો હોવા છતાં એને રાત્રે શાંતિથી નિંદ્રા આવતી ન હોય, નિંદ્રા માટે ઘેનની ગોળી લે, ત્યારે, માંડ મેળ બેસે. વળી કેટલાક સંસારી ભોગી લોકો એટલા બધા વિષય ભોગવીને ક્ષીણ શરીરવાળા થઈ ગયા હોય છે કે, તેમને ઓક્સિજનનો બાટલો ઓશિકા પાસે રાખવો પડે છે. સાચું સુખ અને શાંતિનું મૂળ કોઈ શહેર નથી, કોઈ મહેલ નથી, કોઈ સંપત્તિ નથી, કોઈ સંતતિ નથી, કોઈ સંબંધ નથી. સુખ અને શાંતિનું જો કોઈ મૂળ હોય તો ભગવાન શ્રીહરિ અને સંતોનું શરણું છે. આત્મા અને પરમાત્માનું સાચું જ્ઞાન છે. તે સમાગમ અને જ્ઞાનના અનુભવથી આપો આપ દુઃખો દૂર થશે. જ્ઞાનીને દુઃખમાં પણ સુખ દેખાશે. અસંતોષ સદાને માટે નાશ પામી જશે. આશાઓ નિર્મૂળ બની જશે. મન પ્રભુના ચરણને જ તલસ્યા કરશે. માટે અજ્ઞાનતાના કારણે જે દ્રષ્ટિ ભ્રમ થયો છે, તે સદ્‌ગુરૂનું શરણું સ્વીકારી, જ્ઞાનનો અનુભવ કરી, મૂળમાંથી હટાવશો એટલે દુઃખમાં પણ આનંદ અનુભવાશે.

જેની સંપત્તિ અને સંતતિ લૂંટાઈ ગયેલ હોય એવાં વસુદેવજી અને દેવકીજીને જે આનંદ મથુરાની જેલમાં મળતો હતો, એ આનંદ કંસને મહેલમાં રહેવા છતાં નહોતો મળતો. ભગવાન શ્રી રામચંદ્રજીને રાજ્ય નહિ મળતા વનવાસ મળ્યો, અયોધ્યા અને રાજમહેલ છોડ્યા. સારાં વસ્ત્રો-છોડી વલ્કલ પહેર્યા, લોકોનો સહવાસ છોડી, જંગલનાં ઝાડો અને પશુપક્ષીઓના સહવાસી બન્યા છતાં, શ્રી રામજીને પંચવટીની ઝૂપડીમાં જે આનંદ મળતો, તે આનંદ દુષ્ટ રાવણને મહેલમાં રહેવા છતાં, નહોતો મળતો. આપણા, બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામને ધર્મ-ભક્તિની ગોદમાં જે આનંદ મળતો તે આનંદ - જંગલમાં સંત ગોપાળયોગીની ગોદમાં મળતો હતો. અને મહાત્મા ગાંધીજીને પોતાના ઘરમાં જે આનંદ મળતો હતો એજ આનંદ તેમને સાબરમતીની જેલમાં મળતો, તેઓ જેલને પણ મહેલ સમાન માનતા હતા.

વ્હાલા ભક્તો ! સર્વે સુખના સિંધુ ભગવાન શ્રીહરિ છે. પરમાત્માની મરજી વિના અને ચરણના આશ્રય વિના ક્યાંય સુખ કે શાંતિ નથી. તેની મરજી વિના આ જગતમાં એક સૂકું પાંદડું પણ હલવા સમર્થ નથી. આપણે નિત્ય નિયમમાં રોજ ગાઈએ છીએ.

મારી મરજી વિના રે કોઈથી તરણું ન તોડાય, ભગવાનની મરજી અને ચરણમાં સર્વે સુખ સમાયેલું છે.

કાંકરિયા (રામબાગ) શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ ફેરફાર અંગે

કાંકરિયા રામબાગ શ્રી સ્વામિનારાયણ મંદિરનું શિલ્પ સ્થાપત્ય અનુસાર પથ્થરથી પુનઃ નિર્માણ થતા વિ.સં. ૨૦૬૨ના ફાગણ સુદ-પના શુભ દિને શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્‌ હસ્તે સંપન્ન થઈ. જેથી હવે દર વર્ષે વાર્ષિક પાટોત્સવ ફાગણ સુદ-પના રોજ ઉજવાશે. જેની સમસ્ત સત્સંગને જાણ થાય. *(મહંત સ્વામી, કાંકરિયા)*

"માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચય"

- પટેલ ગાંડાભાઈ મોહનલાલ (કોલ્હાપુર)

સામાન્ય રીતે મનુષ્યને સંસારમાં ખાસો નિશ્ચય થયેલ હોય છે. તેના કારણે જ તે સંસારમાં કે વ્યવહારમાં એક બીજાના આધારે જીવી શકે છે. આવો સાંસારિક નિશ્ચય પ્રથમ કરાવનાર આપણાં મા-બાપ જ હોય છે. તેમણે જ એ ઓળખ આપી છે કે આ તારી બા આ તારો બાપ, આ તારો કાકો - મામો, આ તારી કાકી-મામી, આ તારો ભાઈ કે બહેન, આ તારું ઘર-ખેતર, આ તારી ભેંસ-ગાય કે બકરી, આ તારો પૈસો-મિલ્કત, આ તારાં ઘરેણાં-બસન, ઈત્યાદિક તે સ્રવે સંસારની માયાના કુસંગીની ઓળખાણ કરાવી અને તે જીવે પોતાની બુદ્ધિ અનુસાર તેનો નિશ્ચય કરીને તેવા સ્વરૂપે તેનો મહિમા જાણતો રહ્યો. આમ આવા જગતના માયિક નિશ્ચયો તેને ઈન્દ્રિયો અને અંતઃકરણથી થયેલ છે. તે કરાવનાર પણ તેના માયિક ગુરુજનો એટલે કે સગાસંબંધીઓ જ છે.

નિશ્ચય જે છે તે બુદ્ધિને કારણે જ થતો હોય છે. એટલે કે બુદ્ધિ ના હોય તેમને નિશ્ચય ના થાય. તેથી પશુ-પક્ષીઓ કે અન્ય જીવ-જંતુઓમાં બુધ્ધિની ક્ષમતા ઓછી હોવાથી તેમને નિશ્ચય જેવી કોઈ ચીજ હોતી નથી. જેમ ગાય ભલેને આપણી હોય. પરંતુ તેને વેચી દેતાં તે અન્યની થઈને રહે છે. આપણો માયિક સંબંધ પણ નથી રહેતો. તેના વાછરડાને પણ મોટું થતાં તે ભૂલી જાય છે. પક્ષીઓ માળામાં હોય ત્યાં સુધી બચ્ચાનું લાલનપાલન કરે પરંતુ જ્યારે તે ફરરર..... કરતાં ઉડી જાય પછી તેની દુનિયા અલગ. માત્ર મનુષ્ય જ માયિક નિશ્ચયને કારણે તે જીવનના અંત સુધી તેના કારણે સુખી કે દુઃખી થતો રહે છે.

આમ ભગવાને મનુષ્ય ઉપર કૃપા કરીને બુદ્ધિ આપેલ છે તે માત્ર પોતાનો કરી રાખવા કાજે. પરંતુ આ અવળો જીવ માયિક પદાર્થોમાં નિશ્ચય કરી બેઠ્યો. અને તેના પ્રપંચમાં જ બુદ્ધિનો ઉપયોગ કરવા લાગ્યો તેથી જ શ્રીજી મહારાજે તેવા બુદ્ધિવાળાઓને મૂર્ખ જ કહ્યા. વળી જેણે પોતાની થોડી પણ બુદ્ધિનો ઉપયોગ પ્રકટ ભગવાનના મહિમાને જાણવામાં અને તેનો નિશ્ચય કરવામાં કર્યો તેને કુશાગ્ર બુદ્ધિવાળો કહ્યો.

આ કાજે શ્રીજી મહારાજે પોતે વચનામૃતમાં દ્રષ્ટાંત આપેલ છે કે ગાયકવાડ સરકારના મોટા દિવાન કે જે મહામુત્સદી ગણાતા આખા રાજનો કારભાર ચલાવતા. પરંતુ તે દિવાને પોતાની ચોખાળી બુદ્ધિનો ઉપયોગ પોતાના મોક્ષને કાજે કે પ્રગટ ભગવાનનો નિશ્ચય કરવામાં ના કર્યો ઉલટો તેણે પ્રગટ ભગવાનનો દ્રોહ કર્યો. તો તેને મૂર્ખ કહ્યો. તેની કુશાગ્ર બુદ્ધિ શાની ? તેજ વડોદરાનો એક ગરીબ ને અભણ નાથ ભક્ત કે જેણે પોતાની થોડી બુદ્ધિથી ને સમજણથી ભગવાનને ઓળખવાને સાચો પ્રયત્ન કર્યો. પોતાના મોક્ષમાં કામે લગાડીને પ્રગટ ભગવાનમાં માહાત્મ્ય સહિત નિશ્ચય કર્યો તો શ્રીજી મહારાજે તેવા અભણ નાથ ભક્તને કુશાગ્ર બુદ્ધિવાળો કહ્યો.

આમ આધ્યાત્મિક માર્ગમાં બુદ્ધિનો માપદંડ અલગ છે. જે ભગવાનને ઓળખવામાં, મોક્ષના માટે કે બ્રહ્મની પ્રાપ્તિમાં જે પોતાની બુદ્ધિનો સદ્‌પયોગ કરે તેજ કુશાગ્ર બુદ્ધિવાળો કહેવાય. પરંતુ જે પોતાની બુદ્ધિથી માયિક ભાવે શાસ્ત્રના, વ્યવહારના ન્યાયના કે તર્કના નિર્ણય કરતો રહે તે આમાં મૂર્ખ ગણાય. તે પશુતુલ્ય ગણાય. માટે જ ભલે ને આપણી પાસે થોડી બુદ્ધિ હોય તેનોય ઉપયોગ ભગવાનનો નિશ્ચય કરવામાં અપનાવી જોવે. નિશ્ચય પણ એવો કે તે ભગવાનના માહાત્મ્યને પુરેપુરૂ જાણવાની ખબરદારી લઈને કરીએ કે તે અટલ નિશ્ચય થાય, કોઈનો ડગાવ્યો ડગે નહિ. ભગવાનના માહાત્મ્ય સાથે કરેલ અટલ નિશ્ચય જીવનના અંત સુધી આપણા કલ્યાણના માર્ગમાં અપાવી શકીયે અને આત્માનું શ્રેય કરતાં ભગવાનના દાસ થઈને રહીએ. નહીં તો ભગવાને જે કૃપા કરીને આપણને બુદ્ધિ આપી છે તે કેવળ ભારરૂપ ને શ્રમરૂપ જ રહેશે. પશુ કરતાં વધુ બદતર જીંદગી જીવી ગણાશે. સાથે સાથે અન્યનું પણ આપણા હાથે અકલ્યાણ જ થશે.

ડાકોરના દિનાનાથ ભટ્ટ હતા, તેમને બધાં શાસ્ત્રોનો સંપૂર્ણ અભ્યાસ હતો. શ્રીમદ્‌ભાગવતના બધા જ અઢાર હજાર શ્લોકો કંઠસ્થ હતા. તેવા ભટ્ટને શ્રીજી મહારાજે પૂછ્યું, "આ બધા શાસ્ત્રોના શ્લોકોમાંથી તમોએ તમારા આત્માના કલ્યાણ કાજે ક્યા શ્લોકને માન્યો ?" ત્યારે ભટ્ટની આંખો ઉઘડી ગઈ, "અરેરે ! બાપજી ! એ તો મેં નિર્ણય અત્યાર સુધી કર્યો જ નથી. મોક્ષ કાજે પ્રગટ ભગવાનને ઓળખવા પ્રયત્ન ના કરતાં માત્ર પેટને અર્થે પુરાણી થઈને રહેલ છું."

એટલે કે જે ભલેને સર્વે શાસ્ત્રો

ભણવામાં પોતાની બુદ્ધિને પરોવી શકતા હોય, નિપુણ ગણાતા હોય, પરંતુ સાથે સાથે સત્પુરુષોનો સંગ કે યોગ જેમણે કર્યો નથી અને પ્રગટ ભગવાનનું માહાત્મ્ય જાણેલ નથી કે તેને અટલ નિશ્ચય થયો નથી તે ભલેને જગતની દ્રષ્ટિએ વિદ્વાન પંડિત ગણાય પરંતુ તે પરમગતિને પામતો નથી. તેથીજ શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજીને ભાગવતમાં કહેલ કે "અષ્ટાંગ યોગ, સાંખ્યશાસ્ત્ર તથા સદ્‌શાસ્ત્રોના પઠન, તપ, ત્યાગ, યોગયજ્ઞ કે વ્રતાદિકે કરીને હું તેવો વશ થતો નથી જેવો હું સત્સંગે કરીને વશ થાઉ છું."

શ્રીજી મહારાજ તો તેથી જ કહેતા કે અમને તો એમ જ ભાસે છે કે જે પૂર્વ જન્મના સંસ્કાર હશે તે પણ સત્પુરુષને યોગે કરીને જ થયો હશે અને આજે પણ જેને સત્સંગ થાય છે કે મલે છે તે સત્પુરુષોના યોગે કે સંગે જ થાય છે. માટે જ જે સમર્થ એકાંતિક ભક્ત સંતો કે સાધુઓ હોય છે. તેમના વિના કદિ ભગવાનનો માહાત્મ્ય સહિત નિશ્ચય થતો નથી. એકલા શાસ્ત્રો કે વિદ્યા ભણે નિશ્ચય ના થાય.

જેમ હીરાથી હીરો વિંધાય, અન્યથી ના વિંધાય, માટે જ ભગવાનનો નિશ્ચય ભગવાન વતે જ થાય. પ્રગટ ભગવાનના હોય ત્યારે ભગવાનના સંતો અને એકાંતિક ભક્તો થકી જ નિશ્ચય થાય છે. માટે જ તેવા સંતો કે એકાંતિક ભક્તોને શોધી કાઢવા પડે, તેમનો સત્સંગ કરવો પડે. તેમના સંગે રહેવુ પડે. તેની સેવામાં દાસભાવ રાખીને નમ્ર ભાવે રહેવું પડે. તેમના વચનમાં વાણીમાં ને વર્તનમાં શ્રધ્ધા ને વિશ્વાસ રાખવો પડે. તેવા સંતોનો સત્સંગ જ તમોને ભગવાનની ઓળખ કરાવશે ને માહાત્મ્ય સહિત અટલ નિશ્ચય કરાવશે. તે નિશ્ચય જ તમોને અંતે મુમુક્ષુ બનાવીને રહેશે. ત્યારે જ તમારી બુદ્ધિ ની ભગવાન મેળવવાની પ્રબળ તૃષ્ણા જે છે તે તૃપ્ત થશે. જીવને શાતા મળશે.

તેથી જ ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે - જ્યાં-ત્યાં, જ્યારે-ત્યારે જે તે અને જેવુ-તેવું હોય તોય વ્યવહારમાં નિર્વાહ કરી લેવો. ચલાવી લેવું. તેમાં મોહ આસક્તિ ના લાવવી. ફક્ત આજ્ઞાથી ભક્તની વ્યવહારિક ક્રિયાઓ થવી જોઈએ. તોજ તેવાનો સમજણનો વૈરાગ્ય સચવાય, તેની ભક્તિમાં ભગવાન સહાય કરે છે. તેનો જ સત્સંગ સચવાઈ રહે છે અને ત્યારે જ સમજવું કે ભગવાનના માહાત્મ્ય સમજેલ છે તે પાકો દઢ નિશ્ચય થયો છે. ત્યારે તે ભક્ત એવો સુખી ને સમૃદ્ધ બની જાય છે કે સાક્ષાત્ શ્રી પુરુષોત્તમનારાયણના અર્હનિશ દર્શન થયા કરે છે. સાચું સગપણ આત્માનું થઈને રહે છે. સ્વામીતો કહેતા કે તમારાં જો સોનાનાં ખોરડાં હોય તો તે બાળીને પણ સંત સમાગમનો લાભ અવશ્ય લેજો. તોજ તમારા મનને અને જીવને ભગવાનની કથા કીર્તન-ધ્યાન-મૂર્તિદર્શન વિના વિરામ ક્યાંય મળશે જ નહિ. તે દઢ નિશ્ચયવાળો ભગવાનની સાથે જળમીનત્ય બનીને જીવી જશે. સાચા સુખનો ધણી બનીને રહેશે.

(પાના નં. ૮નું ચાલુ)

ઈષ્ટદેવના નામથી વિચાર્યા વિના કરેલું દાન

ત્યારે ગોપીઓ સર્વે મળીને એમ વિચાર કર્યો જે, "આપણે કુટુંબની તથા લોકની લાજનો ત્યાગ કરીને ભગવાનને જોરાઈએ રાખીશું.' ચાલવા સમે શ્રીકૃષ્ણ ભગવાનના નેત્ર સામું જોયું ત્યારે ભગવાનની મરજી દેખી નહિ, ત્યારે સર્વે ડરીને છેટે રહીયો, અને અંતરમાં એમ બીનીયો જે, "જો આપણે ભગવાનના ગમતામાં નહિ રહીએ તો ભગવાનને આપણા ઉપરથી હેત ઉતરી જશે.' એમ વિચારીને કાંઈ કહી શકીયો નહિ. પછી ભગવાન મથુરા પધાર્યા ત્યારે પણ ત્રણ ગાઉ ઉપર ભગવાન હતા તો પણ ગોપીઓ કોઈ દિવસ મરજી લોપી ને દર્શને ગઈ નહિ..... અને જ્યારે ભગવાને કુરુક્ષેત્રમાં તેડી ત્યારે ભગવાનનું દર્શન કર્યું પણ કોઈ રીતે ભગવાનના વચનનો ભંગ કર્યો નહિ. માટે જેને ભગવાનને વિષે પ્રીતિ હોય તે ભગવાનની આજ્ઞા કોઈ કાળે લોપે નહિ. જેમ ભગવાનનું ગમતું હોય તેમ જ રહે એ પ્રીતિનું લક્ષણ છે....."

શાસ્ત્રમાં સમજણ ન પડે તો દાન કરવા માટે ઉપર લખ્યું એ મુજબ આપણા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની મરજી પૂછીને યોગ્ય જગ્યાએ દાન કરવું. કારણ કે પ.પૂ. મહારાજશ્રી આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનની જગ્યાએ અને તેમની ગાદી પર શ્રીજી મહારાજના અપર સ્વરૂપે બિરાજમાન છે. કારણ કે પુરૂષોત્તમ પ્રકાશમાં શ્રીજી મહારાજના સ્વમુખના શબ્દો છે કે "અમે એમાં એ છે અમ માંઈ રે, એમ સમજો સહુ બાઈ ભાઈરે, એથી ન અળગા રહીએ રે, એમાં રહીને દર્શન દઈએ રે.॥" સાર એટલો છે કે યોગ્ય જગ્યાએ આપેલું દાન સંપ્રદાયની એકતા ટકાવે છે. આપણા ઈષ્ટદેવ શ્રીજી મહારાજનો રાજીપો થાય છે અને વિચાર્યા વિના અયોગ્ય જગ્યાએ આપેલું દાન સંપ્રદાય તથા સંપ્રદાયના બંધારણને તોડે છે. જેથી પરોક્ષ રીતે ઈષ્ટદેવનો દ્રોહ થાય છે.

આરતીની સમજણ

- રજની પરમાર (પેથાપુર)

આપણી આ આરતીની રચના પરબ્રહ્મનિષ્ઠ, પરમહંસ, સંત શિરોમણી કવિવર્ય શ્રી મુક્તાનંદ સ્વામીએ પરબ્રહ્મ પરમાત્મા સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુને સંબોધીને બનાવી હતી.

આ આરતીમાં એટલું તત્વજ્ઞાન ભરેલું છે કે એનું પૂરેપુરૂ સંકલન કરવું એ બહુ મુશ્કેલ છે.

"જય સદ્‌ગુરૂ સ્વામી, પ્રભુ જય
સદ્‌ગુરૂ સ્વમી,
સહજાનંદ દયાળુ (૨) બળવંત
બહુનામી."

આ પંક્તિમાં પૂજય શ્રી મુક્તાનંદ સ્વામી એમ બતાવવા માગે છે કે આપણા સંપ્રદાયમાં સદ્‌ગુરુ અને ઈષ્ટદેવ બંને એક છે, એટલે કે ભગવાન શ્રી સ્વામિનારાયણ આપણા સદ્‌ગુરુ પણ છે અને આપણા ઈષ્ટદેવ પણ છે એટલે સદ્‌ગુરુનો અને ભગવાનનો જય જયકાર એક સાથે થાય છે.

જીવનમાં ગુરુઓ ઘણા હોય છે, જેમ કે ભગવાન શ્રી દત્તાત્રેયે ૨૪ ગુરુ માન્યા હતા. ગુરુ પાસેથી જ્ઞાન, ભક્તિ અને કૃપા મેળવવાની છે. તેમની પાસેથી જે કાંઈ સારી વાતો છે તેનો સ્વીકાર કરીને, આપણે આપણા જીવનમાં ઉતારવાની છે. ફકત વાતો સાંભળવાથી મોક્ષ મેળવવા રૂપી કામ નહિ થાય. રસ્તો બતાવનાર ઘણા છે, પરંતુ મુકામે પહોંચવું હશે તો ભગવાનને મારગે ચાલવું પડશે. ભગવાનના આપેલા વચનોનું યથાર્થ પાલન કરવું પડશે.

સહજાનંદ એટલે સહજમાં આનંદ આપનાર, ભગવાન સહજાનંદ અતિ દયાળુ છે, 'બળવંતા' એટલે ભગવાન સામર્થ્યવાન છે. અને ભગવાનના અનંત નામો (બહુનામ) છે.

"ચરણ સરોજ તમારા વંદુ
કરજોડી... પ્રભુ
ચરણે શીશ ધર્યાથી (૨) દુઃખ
નાખ્યા તોડી."

ભગવાન અનંત કોટી બ્રહ્માંડના નાયક, અને અક્ષરધામના અધિપતિ છે. એટલે એમની સેવામાં સર્વ દેવ-દેવતાઓ હાજર હોય છે. ભગવાનને આ સૃષ્ટિ અને એવી અનેક સૃષ્ટિઓની રચના કરેલ છે, એટલે એમને કોઈ વસ્તુની જરૂરીયાત ન હોય. આપણે જે કંઈ અર્પણ કરીએ છીએ, એ તો આપણે હૃદયના ભાવથી કરીએ છીએ અને ભક્તોને રાજી કરવા પ્રભુ તે સ્વીકારે છે. ભગવાન તો આપણો તેમના તરફનો પ્રેમ જોતા હોય છે, કારણ કે ભગવાન પ્રેમસ્વરૂપ છે અને એટલે પ્રેમથી, અંતરના પોકારથી ભગવાનના ચરણમાં શીશ નમાવવાથી ભગવાન આપણા સર્વ દુઃખો દૂર કરે છે. ભગવાન શ્રીસ્વામિનારાયણે પોતાની હયાતિમાં અસંખ્ય મનુષ્યોના દુઃખો દૂર કર્યા હતા. અને સ્વધામ પધાર્યા પછી પણ ઘણા જીવોના દુઃખો દૂર કર્યાના દાખલા સંપ્રદાયમાં લખાયેલા છે એટલે આપણા સંપ્રદાયમાં દિવસે દિવસે હરિભક્તોની સંખ્યા કૂદકે ને ભૂસકે વધતી જાય છે એ એની પ્રતિતી છે.

"નારાયણ નરભ્રાતા દ્વિજકુળ
તનુધારી....
પામર પતિત ઉધાર્યા (૨)
અગણિત નરનારી."

ભગવાન શ્રી સ્વામિનારાયણ એ નારાયણનો અવતાર છે. 'નાર" એટલે હૃદય અને "અયણ" એટલે રહેઠાણ. ભગવાનનો વાસ આપણા હૃદય કમળમાં છે. ભગવાન અંશરૂપે દરેકના હૃદયમાં બિરાજેલા છે.

આપણા ઘરમાં વીજળી તો છે, પરંતુ જ્યાં સુધી સ્વીચ (ચાંપ) પાડીને પ્રવાહ ચાલુ ન થાય ત્યાં સુધી લાઈટ ચાલુ ન થાય, પંખો ન થાય, ટી.વી. ચાલુ ન થાય એવી રીતે ભગવાન આપણા હૃદયમાં છે પરંતુ ભક્તિરૂપી, જ્ઞાન રૂપી, સ્વીચ ચાલુ ન કરીએ ત્યાં સુધી ભગવાનના દર્શન ન થાય. ભક્તિરૂપી, જ્ઞાનરૂપી સ્વીચ તેને જ પ્રાપ્ત થાય છે. જેના હૃદય, અંતઃકરણ શુદ્ધ હોય.

ભગવાન નરભ્રાતા છે. એટલે કે નરા ભ્રાતા. નર એટલે વ્યક્તિ, વ્યક્તિના ભ્રાતા એટલે વ્યક્તિના હિતેચ્છુ છે. માટે ભગવાન આપણું અહિત ક્યારેય પણ કરતા નથી.

"દ્વિજકુળ" એટલે બ્રાહ્મણ કુળમાં 'તનુધારી' એટલે શરીરધારી ભગવાને બ્રાહ્મણકુળમાં જન્મ ધારણ કરીને અસંખ્ય પામર અને પતિત લોકોનો ઉદ્ધાર કર્યો છે. કળિયુગમાં એવા અનેક પામર અને પતિત એટલે પાપી લોકો હતા, જેમને ધર્મ શું છે ? આચાર વિચાર શું છે ? ભગવાન શું છે ? વગેરેની કંઈ પણ સમજણ ન હતી એવા સમયમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે એવા લોકોને રસ્તો બતાવી તેમનો ઉદ્ધાર કર્યો છે. સંપ્રદાયમાં એક નાનીશી શિક્ષાપત્રી લખેલ છે અને તેમાં આચાર્યશ્રી, સાધુ-સંતો, બ્રહ્મચારી તથા સર્વે સ્ત્રી-પુરુષ હરિભક્તોને પાળવાના નિયમો બતાવ્યા છે અને તેનું યથાર્થ પાલન કરવાની આજ્ઞા

આપી, અક્ષરધામનો મારગ મોકળો કરી આપ્યો છે.

"नित्य नित्य नौतम लीला
करता अविनाशी
अडसठ तीरथ चरणे (२) कोटि
गया काशी."

ભગવાન શ્રી સ્વામિનારાયણ આ ધરતી પર પ્રગટ થયા ત્યારે રોજ રોજ નવી નવી લીલાઓ. (લીલા ચરિત્રો) કરતા હતા. આ લીલાઓ, પરમહંસો તથા હરિભક્તોને આનંદ આપી, સત્યના મારગે વાળી અક્ષરધામમાં પામવાને વાસ્તે કરતા હતા. બ્રહ્માંડમાં પ્રલયો થાય ત્યારે સર્વ વસ્તુઓનો નાશ થાય છે. પરંતુ ભગવાન તો અવિનાશી છે.

ભગવાનના ચરણમાં અડસઠ તીર્થો છે અને કોટી એટલે કરોડવાર કાશી જવાનું પુણ્ય ભગવાનના ચરણમાં છે. માટે ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શન કર્યા એટલે અડસઠ તીર્થોની યાત્રા થઈ અને કરોડ વખત કાશીના દર્શનનું પુણ્ય મળી ગયું એમ જાણવું. પરંતુ દર્શન ખરા અંતઃકરણથી અને શુદ્ધ હૃદયના ભાવથી કરવા જોઈએ તો જ પુણ્ય મળે. ભગવાન તો મૂર્તિમાં, આચાર્યોમાં, સંતોમાં અને સત્તશાસ્ત્રોમાં પ્રત્યક્ષપણે બિરાજમાન છે.

"पुरुषोत्तम प्रगटनुं जे दर्शन
करशे.
काळ करमथी छुटी (२) कुटुंब
सहित तरशे."

ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વયં પ્રગટ પુરુષોત્તમ નારાયણ છે. જેમનું દર્શન કરવાથી વ્યક્તિ, કાળ અને કર્મના બંધનથી મુક્ત થઈ જાય છે. અને આ સંસારરૂપી (જગતરૂપી) સાગર તરી જાય છે અને પોતાના કુટુંબ પરિવારને પણ તારે છે.

આપણા સંપ્રદાયમાં એવા કેટલાય દાખલા છે કે વ્યક્તિના મૃત્યુ સમયે ભગવાન અને ભગવાનના સંતો દર્શન આપી અક્ષરધામમાં લેવા માટે આવે છે. હરિભક્તોને તો મરણ સમયે ભગવાન સ્વયં સફેદ હાથી ઉપર અંબાડીમાં બેસી, સંતો પાર્ષદો સહિત લેવા આવ્યાના ઘણા દાખલા પ્રચલિત છે.

ભગવાનનું દર્શન કેવું હોવું જોઈએ તો એ દર્શન આપણા હૃદયના ઉંડાણથી હૃદયના પ્રેમથી અને શુદ્ધ અંતઃકરણથી કરવું જોઈએ. ભગવાન ઉપરનો પ્રેમ એટલો ગાઢ થવો જોઈએ કે ભગવાનની યાદ આવવાથી અથવા નામ લેવાથી આપણા હૃદયમાં આનંદની ઉર્મિઓ દોડવા લાગે. આપણું હૃદય પ્રેમથી ભરાઈ જાય. આંખોમાંથી આંસુ વહેવા લાગે તો સમજવું કે ભગવાન આપણી સાથે છે.

"आ अवसर करुणानिधि करुणा
बहु कीधी
मुक्तानंद कहे मुक्ति (२) सुगम
करी सिध्धि"

"આ અવસર" એટલે કે આ કળિયુગમાં ભગવાન શ્રીસ્વામિનારાયણ કે જેઓ કરૂણાનિધિ છે. ભગવાને ઘણી ઘણી કરૂણા કરી દીધી છે, માટે મુક્તાનંદ સ્વામી કહે છે કે "મુક્તિ ને પણ સુગમ એટલે સહેલી કરી દીધી.

ભગવાને આ પૃથ્વી પર અવતાર ધારણ કરીને તો હદ કરી દીધી છે. ભગવાનનાં અનેક નામો બોલાય છે. તે સઘળા નામો સાર્થક કરી દીધા છે. કારણ કે ભગવાન પોતે ગરીબ, અમીર, ધાર્મિક, નાસ્તિક, પામર, પતિત, પુણ્યશાળી, પાપી વગેરે સર્વે પ્રકારના લોકો વચ્ચે રહીને સર્વેને સુખીયા કર્યા અને સર્વનો ઉદ્ધાર કર્યો એ આ અવતારનું વૈષિષ્ઠ છે. આ અવતારમાં ભગવાને જીવો ઉપર એટલી બધી કરૂણા વરસાવી કે એનો અંદાજ કાઢવા આ બુદ્ધિ સક્ષમ નથી. માટે આપણે પણ આ કળિયુગમાં ભગવાન સ્વામિનારાયણે બતાવેલ આજ્ઞાઓનું યથાર્થ પાલન કરવાનું છે. આજ્ઞાઓનું યથાર્થ પાલન કરી, ભગવાનું સ્વરૂપ અને નામજપનું અખંડ સ્મરણ કરતા રહીશું તો સમજવાનું કે ભગવાન આપણાથી દૂર નથી અને એક દિવસ ચોક્કસ ભગવાનના સાક્ષાત્ દર્શન થશે.

શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય જેતલપુર પ્રવેશ માટે

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી તેમજ રાજ્ય પરીક્ષાબોર્ડ સાથે સંલગ્ન શ્રીસ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયમાં પ્રવેશ મેળવવા માટે ધોરણ ૭ પાસ હોવું જરૂરી છે. પ્રવેશ ફક્ત ધોરણ ૮ અને ૯ માં જ આપવામાં આવશે. પ્રવેશ ફોર્મ સ્વામિનારાયણ મંદિર કાલુપુર ઓફિસ તથા સ્વામિનારાયણ મંદિર જેતલપુર તેમજ સંસ્કૃત પાઠશાળા જેતલપુરમાંથી મળશે. પરિણામની ઝેરોક્ષ નકલ જોડી ફોર્મ ભરી તા. ૩૦-૫-૦૬ સુધીમાં નીચેના સરનામે ફોર્મ મોકલી આપવું. પ્રવેશ માટે ઈન્ટરવ્યુ તા. ૫-૬-૦૬ સોમવાર સવારે ૯ વાગ્યે રાખેલ છે. તો પ્રવેશ લેવા ઈચ્છતા વિદ્યાર્થીના વાલીઓએ ઉપરની માહિતી મેળવી લેવા વિનંતી છે.

સંચાલકશ્રી
શ્રી સ્વા. સંસ્કૃત મહાવિદ્યાલય
નાઝ-પીરાણા રોડ, અક્ષર મહોલ વાડી,
તા. દશક્રોઈ, જી. અમદાવાદ
મુ.પો. જેતલપુરધામ-૩૮૨ ૪૨૬.

સત્સંગ સૂરભિ :

"આપ બોત અચ્છી સલ્લા (સલાહ) દિયા"

– અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

૧૮૮૬ના પોષ સુદ બીજથી મહારાજે સ્વઈચ્છાથી મંદવાડ ગ્રહણ કરેલો. દરેક વસ્તુમાંથી વૃત્તિ પાછી ખેંચી લીધી. ઉદાસી ગ્રહણ કરી. ખાવા પીવાનું ઘટાડી નાખ્યું, શરીર સૂકાતું ચાલ્યું. હરિભક્તોના મનમાં ચિંતા પેઠી. મહારાજ ગઢડાથી ક્યાંય જતા નહિ. બસ અક્ષરઓરડીમાં જ આરામ કરતા. ત્રીસ સંતો દિવસે અને ત્રીસ સંતો રાત્રિએ ઊભા પગે મહારાજની સેવામાં રહે. ઉપરાંત ભગુજી, મુળુજી, સુરા ખાચર વગેરે કેટલાય હરિભક્તો સેવામાં હાજર રહેતા.

એ વખતે ભારતમાં વાઈસરોય તરીકે સર વિલિયમ બેન્ટિક નિયુક્તિ પામેલા. મુંબઈના ગવર્નર તરીકે સર જોન માલ્કમ હતા. ગવર્નર માલ્કમ કાઠિયાવાડ આવવાના હતા. બિશપ હેબર અને બીજા અંગ્રેજ અમલદારો દ્વારા મહારાજનો મહિમા એમને જાણવા મળેલો. તેથી તેમણે મહારાજને મળવાની ઈચ્છા દર્શાવી.

મહા માસ હતો. શીશીરની આવી સોહામણી ઠંડીમાં શ્રી સ્વામિનારાયણ જેવા મહાપુરુષને મળવા માટે માલ્કમ બેતાબ બન્યા. ગવર્નરના સેક્રેટરીએ પત્ર લખી જણાવ્યું કે નામદાર ગવર્નર આપને મળવા આતુર છે.

મહારાજની તબિયત નાદુરસ્ત હતી તેથી મહા વદ તેરસે પત્રનો ઉત્તર લખી મોકલ્યો કે હાલ તુરત મળવાનું શક્ય નથી.

ગવર્નરના સેક્રેટરી સર થોમસ વિલિયમ્સે પત્રનો વળતો જવાબ આપ્યો અને તબિયત સારી થઈ જાય તેવી આશા વ્યક્ત કરી.

આ બાજુ ફાગણ બેઠો. કાઠિયાવાડના કામચલાઉ પોલિટિકલ એજન્ટ બ્લેન સાહેબે, ફાગણ સુદ બીજને દિવસે (તા. ૨૨મી ફેબ્રુઆરી ૧૮૩૦) મહારાજને નિમંત્રણ આપતો પત્ર લખ્યો.

"ગર્વનર સાહેબ કાફલા સાથે કાઠિયાવાડ આવી રહ્યા છે. તેમની ઈચ્છા છે કે રાજકોટમાં મળી શકાય તો અવશ્ય મળવું. આપશ્રી આવી શકશો કે કેમ તે કૃપા કરીને જણાવશો."

મહારાજે પત્ર વાંચ્યો. ગવર્નર સાહેબ અને બ્લેન સાહેબનો મળવા માટેનો ઉત્કંઠ ભાવ જોઈ મહારાજ પ્રસન્ન થયા. મહારાજે મંદવાડ બાજુએ મુકી દીધો. યોગશક્તિ ધારણ કરી સાજા થયા !

પત્ર લાવનાર ખેપિયાને હા પાડીને મળવા માટેની સંમતિ દર્શાવી. ત્રીજને દિવસે મેનામાં બેસી ગઢડેથી સંતો-હરિભક્તોનો સંઘ લઈ, મહારાજ રાજકોટ જવા નીકળ્યા.

૧૮૮૬ના ફાગણ સુદી પાંચમે (તા. ૨૬ મી ફેબ્રુઆરી ૧૮૩૦) સવારે દીવાન રોડ પર પોલિટિકલ એજન્ટને બંગલે, રાજકોટમાં શ્રીજી મહારાજ અને ગવર્નરશ્રી માલ્કમની મુલાકાત થઈ. ધર્મસત્તા ને રાજસત્તાનું આ અનોખું મિલન હતું. ગવર્નર, તેમના સેક્રેટરી, પોલિટિકલ એજન્ટ અને બીજા ત્રણ અમલદારો મળ્યા. આ બાજુ મહારાજની સાથે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી, શ્રી રઘુવીરજી મહારાજશ્રી, મુકુંદ બ્રહ્મચારી, શુકાનંદ મુનિ, મુક્તાનંદ સ્વામી, સુરા ખાચર, સોમલો ખાચર, દાદા ખાચર, લાધા ઠાકર, હીરજી ઠક્કર, દેવા ભક્ત અને ભીમભાઈ હતા.

ગવર્નર તરફથી લશ્કરી દળોએ અને સિપાહીઓએ બંદૂકો ફોડી, બેંડવાજા વગાડી શ્રીજી મહારાજ અને સંતો-હરિભક્તોનું વાજતે ગાજતે સ્વાગત કર્યું. મહારાજનું રેડ કાર્પેટ સ્વાગત થયું. ગવર્નર સાહેબ તથા તેમના સેક્રેટરી એ સામે આવીને મહારાજનું અભિવાદન કર્યું. મહારાજ બંગલામાં પધાર્યા એટલે ગવર્નરે હાથમાં હાથ મિલાવી શ્રીહરિને એમના આસન પ્રતિ દોર્યા. પછી હાથ જોડી દીવાનખંડમાં લઈ ગયા. હારતોરા પહેરાવ્યા. અત્તરનો છંટકાવ કર્યો, શાલદુશાલા ઓઢાડ્યા અને યોગ્ય ખુરશીમાં મહારાજને બેસાડ્યા.

પછી ગવર્નરે સ્વામિનારાયણ સંપ્રદાયના સિધ્ધાંતો વિષે પૂછ્યું. કોઈ તકલીફ પડે છે કે કેમ એ અંગે પણ પૂછપરછ કરી. ભલે બીજા મુલકથી આવેલા, પરંતુ એક ધર્મપ્રવર્તક ની સાથે કેવો વ્યવહાર કરવો તે સારી રીતે જાણતા હતા. મહારાજ એમના સંતો અને સાથે આવેલા હરિભક્તો સર્વેની એમણે યથાયોગ્ય આગતા સ્વાગતા કરી.

પરદેશીઓની આવી સ્વાગત

પધ્ધતિથી મહારાજ ખૂબ રાજી થયા. મહારાજે કહ્યું, : "ના ખાસ કશી તકલીફ પડતી નથી. ગાય તથા બ્રાહ્મણોનું રક્ષણ કરજો. તમારું રાજ ઘણા કાળ સુધી રહેશે. ગવર્નર માલ્કમે પૂછ્યું : "અમારી સરકાર સતી પ્રથા અને બાળહત્યા બંધ કરાવે છે, તે સંબંધી આપના શા વિચારો છે ?"

"સતી થવું એ આત્મહત્યા કરવા જેવું છે. અમારો મત તો એ છે કે તીર્થના માહાત્મયે કરીને, પતિના માહાત્મયે કરીને કે સમાજની લાજ શરમે પણ સતી થવા રૂપ આત્મહત્યા કરવી નહિ. સ્ત્રીને સતી થવાની ફરજ પાડવી એ પણ સ્ત્રી હત્યા કરવા બરોબર છે. માટે સમજું સ્ત્રીઓએ તો પોતાનો ધણી મરી જાય તો પણ નાસીપાસ થયા વગર પરમેશ્વરને પતિભાવે સેવવા. એક પરમેશ્વરને વિશે પતિવ્રતાની દૃઢ ટેક રાખી, પોતાના ભાઈ, પુત્ર, પિતા કે સસરાની આજ્ઞામાં રહી ભગવાનનું ભજન કરવું, સતી થનારનો મોક્ષ થતો નથી. કારણ કે આત્મહત્યાથી તો જીવની માત્ર અવગતિ જ થાય છે. અને બાળહત્યા તો ક્યારેય કરાય જ નહિ, બાળકો તો ભગવાનનાં સ્વરૂપ છે."

સતીપ્રથા અને બાળહત્યા બાબતે મહારાજના સ્પષ્ટ અને પોતાની સરકારને સુસંગત, આવા વિચારો જાણી ગવર્નર ખૂબ રાજી થયા.

"નારાયણ સ્વામી, આપ બોત અચ્છી સલ્લા (સલાહ) દિયા"

એ પછી માલ્કમ સાહેબે ધર્મના સિધ્ધાંતોનું પુસ્તક માંગ્યું અને કહ્યું : "અમારું ને અમારા શત્રુનું સારું કરજો."

મહારાજે આશીર્વાદ આપ્યા અને "શિક્ષાપત્રી" પુસ્તિકા ભેટમાં આપી.

બે કલાક સુધી ઘણાં ઘણાં વિષયો ઉપર ચર્ચાઓ ચાલી. પ્રત્યેક વખતે મહારાજ એમના વિચારોમાં સુસ્પષ્ટ હતા. ગવર્નર અને એમનાં સેક્રેટરી - મહારાજના સર્વે વાતોમાં સુંદર વિચારો અને સુધારક સિધ્ધાંતો જાણી અત્યંત પ્રભાવિત બન્યા. બે કલાકની મુલાકાત પછી બધા છૂટા પડ્યા. ગવર્નરે અને બીજા અમલદારોએ માથેથી ટોપા ઉતારી વાંકા વળી ત્રણ વાર મહારાજને નમસ્કાર કર્યા. મોટા પદે બિરાજમાન હોવા છતાં માલ્કમનો આવો નિર્માની વર્તાવ જોઈ શ્રીહરિ અત્યંત પ્રસન્ન બન્યા અને માથા ઉપર હાથ મૂકી રૂડા આશીર્વાદ આપ્યા.

મહારાજ અને એમનો રસાલો આગળ વધ્યો. ડાક બંગલાના દરવાજા સુધી સૌ અમલદારો સાથે ગવર્નર સાહેબ પોતે મહારાજને વિદાય આપવા આવ્યા.

(પાના નં. ૨૨નું ચાલુ)

"આપ અમને દર્શન આપવા સારું આવ્યા તેથી અમને અત્યંત હર્ષ થયો છે." ગવર્નર માલ્કમે આભાર વ્યક્ત કરતા કહ્યું, છેલ્લે હસ્તધૂનન કરી મહારાજ ઉતારે પધાર્યા.

ધર્મસત્તા અને રાજસત્તાનું આ મિલન, આગંતૂક અંગ્રેજ સરકાર ને સર્વથા ફળદાયી બની રહ્યું. અમલદારોનો મહારાજ પ્રત્યેનો અહોભાવ એમના વર્તનમાં સ્પષ્ટપણે નીરખવા મળ્યો. સામે મહારાજે પણ આવી રાજસત્તાને આશીર્વાદ આ' વામાં કશી કચાશ રાખી નહોતી !

ગવર્નર માલ્કમ પણ નારાયણ સ્વામીની રાજધર્મ દર્શાવતી સલાહો સાંભળીને અત્યંત રાજી થયા. અને મનોમન આવા ઓલિયા મહાપુરુષને વંદી રહ્યા.

॥ ભક્તિસુધા ॥

પ્રાંતિજના લક્ષ્મીબાઇ

- કંચનબેન બાબુભાઈ પટેલ
(રતનપર - મૂળીદેશ)

હે ભક્તો ! ઉત્તર ગુજરાતમાં પ્રાંતિજ નામનો તાલુકો આવેલો છે. તે શહેરમાં લક્ષ્મીબાઈ નામના એક હરિભક્ત બહેન થઈ ગયા.

લક્ષ્મીબહેન ધર્મ-નિયમોનું ચુસ્તપણે પાલન કરતાં હતા. તેથી તેમના પતિને બિલકુલ ગમતુ નહિ. સત્સંગ છોડાવવા માટે અનેક પ્રકારે દુઃખો દેવા લાગ્યો છતાં પણ લક્ષ્મીબહેને સત્સંગ છોડ્યો નહિ.

એવા સમયે સ્વામિનારાયણ ભગવાન પ્રાંતિજ ગામમાં પધાર્યા. તે ખબર લક્ષ્મીબાઈને પડી, તુરંત દર્શન કરવા માટે જવા લાગ્યા. ત્યાં તો તેમનો પતિ પકડીને ઘરમાં લઈ ગયો અને જમીન ઉપર સૂવડાવી છાતી ઉપર પલંગનો પાયો રાખીને તે ઉપર સૂતો. સૂતા સૂતા કહેવા લાગ્યો : બોલાવ તારા સ્વામિનારાયણને તને આવીને બચાવે. સાંભળી લે ? જ્યાં સુધી તું સ્વામિનારાયણનો ધર્મ નહિ છોડે ત્યાં સુધી હું દરરોજ તારી છાતી ઉપર ખાટલાનો પાયો રાખીને સૂવાનો છું. તેનો નરાધમ પતિ આવી રીતે આખી રાત સૂતો. તેથી લક્ષ્મીબહેને શ્રીહરિની બહુ પ્રાર્થના કરી. તેથી પ્રભુએ દર્શન દઈને છાતીએ હાથ ફેરવ્યો, તુરત જ સર્વ પીડા શમી ગઈ, ત્યારબાદ લક્ષ્મીબહેન ઉપર અતિ રાજી થઈને વરદાન માંગવાનું કહ્યું. ત્યારે તેમણે માગ્યુ, "હે મહારાજ ! આવા પાપી ભેગું મારે રહેવું નથી, માટે તમારા ધામમાં લઈ જાવ." તુરત શ્રીહરિએ લક્ષ્મીબહેનના જીવાત્માને ભાગવતી તનું ધારણ કરાવી દિવ્ય વિમાનમાં બેસાડીને ધામમાં લઈ ગયા.

સત્સંગ ભાવવાહિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

ભગવાન ભાગ્ય બદલી આપે છે

- શાસ્ત્રી હરિસ્વામી (ગાંધીનગર)

ઉત્તર ગુજરાતના વિસનગર પાસેના દેવડા ગામે સ્વામિનારાયણ ભગવાન પધારે છે. સાથે બે-ચાર ઘોડેશ્વાર કાઠી પાર્ષદો છે. સામે જ પાર્ષદો અને ઘોડા વચ્ચે હરખશાહ ઉભા છે. શ્રીજી મહારાજને આવતા જોઈ હરખશાહે હાથ ઊંચો કર્યો એટલે મહારાજે માણકી ઘોડી ઊભી રાખી. એ વખતે હરખશાહે વિનંતી કરી, "હે મહારાજ, આમ બારોબાર જવાય ! ઘેર પધારો." સ્વામિનારાયણ ભગવાને 'ના' પાડી નહી આવીએ. અમારે આગળ પહોંચવાનું છે. પણ મને અહીં જોગાનુંજોગ આપના દર્શન થઈ ગયા. પછી શા માટે મારા ગરીબનું ઘર ટાળીને જાવ છો. એટલે જ નથી આવતા. અમારા લીધે તમને કષ્ટ પડે. અમારું અને અમારા આ પાર્ષદોનું સન્માન કરો એમાં તમને ખર્ચ થઈ જાય. તમારા ઉપર અમે બહુ રાજી છીએ. પણ તમને કષ્ટ પડે એવું અમે ઈચ્છતા નથી. માટે બારોબાર જઈએ છીએ. ના પ્રભુ એવું ના કરશો. ભક્તનો ભાવ સાચો, પ્રેમ સાચો પણ આર્થિક સ્થિતિ થોડી નબળી. બિચારાના ઘરમાં કાંઈ ન મળે. છતાં બહુ આગ્રહ ભાળી મહારાજે કહ્યું, અમારું એક વચન રાખો તો આવીએ. મહારાજ, તમે જેમ કહેશો તેમ કરીશ. પ્રભુએ કહ્યું, જુઓ આ પાંચ પાર્ષદો. અને અમે. ફક્ત રોટલો ને દાળ એટલું જ કરજો, બીજું કાંઈ ન કરતા. એ વખતે ગામડામાં શાક મળતું નહિ, બટાકા હજુ આપણા દેશમાં પેઠાં ન હોતાં, ગામડામાં બીજું કાંઈ શાક મળે કે ન મળે એટલે મહારાજે દાળ અને રોટલો કરો તો પધારીએ તેમ કહ્યું, હા, મહારાજ એમ. પણ ઘેર પધારો. સમયને ઓળખવો પડે. તક સાધી લેવી પડે. એ વખતે કાંઈ દલીલ કરવા બેસો - ના, મહારાજ.... એવું કાંઈ કરાય, એમ તો કાંઈ ચાલે. સમય વર્તે સાવધાન. સારું મહારાજ તમે જેમ રાજી થાવ તેમ. ભગવાન જાણતા હતા. અંતર્યામી છે. આજે આ ગરીબ ઉપર કૃપા વરસાવવાની છે. એને ઘેર પધાર્યા.

હરખશાહે અંદર જઈ ઘરવાળાંને કહ્યું, જો મહારાજને શરત કરીને હું બોલાવી લાવ્યો છું. એટલે કશું કંઈ જ કરતી નહિં. ક્યાંકથી દોડીને કોઈ દુકાનેથી ઉછીનાં ઘી-તેલ લાવતી નહિં. મહારાજને રોટલો અને દાળ જ જમાડવાના છે. ના, એવું તે કાંઈ હોય. પણ..... આવો કરાર કરીને મહારાજને લાવ્યો છું. ત્યારે એમના પત્નીએ કહ્યું, ભગવાન તો બહુ દયાળુ છે. તમે શું સમજો ! વ્યવહારમાં તમે એવાને એવા જ રહ્યા. સાવ બોધા.... જ્યારે આપણા સગાં આવે છે તો દેવું કરીને એને જમાડીએ છીએ. જ્યારે આ તો આપણા ઈષ્ટદેવ આવ્યા છે અને એમને તે કાંઈ રોટલો ને દાળ થાળમાં મુકાય ! જે થવું હોય એ થાય કાંઈક કરીશું..... પણ શું કરીશું..... પૈસા..... અને આ બહેને તાંબાનું બેડું વેપારીને ત્યાં વેચી જે પૈસા આવ્યા તેમાંથી સીધું લાવી દૂધપાક અને માલપૂવા બનાવ્યા.

સ્વામિનારાયણ ભગવાનને બહાર ચોકમાં ઢોલીયો ઢાળી આપેલો અને ઉપર નવી રજાઈ બિછાવીને આસન પાથરી આપેલું. સાથે હરખશાહ પણ મહારાજ સામે નીચે બેઠેલા. જોતજોતામાં રસોઈ તૈયાર થઈ ગઈ. થાળ પીરસાયો. પાટલો ગોઠવી ઉપર આસન પાથરી અંદરથી અવાજ દીધો. મહારાજ પધારો..... પાટલા ઉપર મહારાજને બિરાજમાન કર્યા. આાગળ થાળ મૂક્યો. થાળ જોતા વેંત શ્રીજી મહારાજ ઉભા થઈ ગયા. નથી જમવું..... પણ મહારાજ કૃપા કરો. એ વાત જ નહીં બને. તમને કહ્યું હતું ને કે રોટલો ને દાળ કરજો. આ બધું શું છે ? (આવા સમયે ડાહ્યો માણસ હોય એ ઘરવાળીનો વાંક ન કાઢે. "પણ પેલી હઠીલી છે. એણે જ આ બધું કર્યું." એમ કોઈ દા'ડો ન બોલાય.)

હરખશાહ બહુ બુદ્ધિશાળી કોઈનું નામ લીધા વગર કહેવા લાગ્યા. મહારાજ દયા કરો, જે કાંઈ છે તે પણ મહારાજ તમે કહ્યું હતું એવું જ છે ને ! કેમ એવું છે ? મહારાજે કહ્યું ત્યારે હરખશાહ બોલ્યાં, મહારાજ, દાળ જરાં ધોળી છે. અને રોટલો જરા કાળો છે. એમાં શું હવે ! ગોળના માલપૂવા બનાવેલા. એટલે દેખાવમાં જરા કાળા દેખાતા હતા. આ કાળી રોટીને ધોળી દાળ. દયા કરો મહારાજ ! ભૂલ થઈ ગઈ. ભૂલ તો ઠીક છે પણ અમારી અમારી માન્યતા સુધારવી પડશે. આજ

સુધી અમે એમ માનતા હતા કે, તમે ગરીબ છો. પણ હવે અમને ખબર પડી કે તમે તો શેઠ છો, પૈસાદાર છો. લાવો પાંચસો રૂપિયા, ભેટ મૂકો, પછી જ જમવાનું ચાલુ કરીએ. બિચારા હરખશાહના ઘરમાં પાંચ પૈસા યે નહી અને મહારાજે કેટલા માગ્યા ? પાંચસો રૂપિયા. આવા મહેમાન તો વહમા પડે હોં ! આવા સમયે વહમું લાગે પણ ઈશ્વરની લીલા બહુ અલૌકિક છે. હરખશાહ ઘરમાં ગયા અને કહેવા લાગ્યા. આ તેં ડહાપણ કર્યું. હવે મહારાજે ગળુ પકડ્યું છે. મહારાજ કહે કે પાંચસો રૂપિયા લાવો, અહીં મૂકો પછી જ જમીએ. મહારાજે પાંચસો રૂપિયા માગ્યા છે ? હા, આપી દો. પણ ક્યાં આપી દે. આપણું ઘર તો આપણું જ છે ને ? વેપારીને ત્યાં જાવ. ગીરવે મૂકી આવો. અંગૂઠો કરી આવો અને પાંચસો રૂપિયા લઈ આવો. હરખશાહે તો દોટ મૂકી હોં ! તુર્તજ રોકડા પાંચસો લાવ્યા. એ વખતે નોટોનો જમાનો ન હતો. રોકડા જ ચલણમાં હતા. આવીને મહારાજ પાસે પાંચસો રૂપિયા મૂક્યા. મહારાજ જમ્યા. પાર્ષદોને ય જમાડ્યા. ખરા શેઠ તમે હોં, અમારા મગજમાં તો એમજ હતું કે તમે ગરીબ છો. ના..... ના..... ના..... તમે ગરીબ નથી. કોણ બોલે છે આ વાક્યો ? સ્વામિનારાયણ ભગવાન બોલે છે. તમે તો શેઠ છો. પૈસાદાર છો. હવે એક કામ કરો આ પૈસા લઈને અમારી સાથે ચાલો.

સ્વામિનારાયણ ભગવાને એ વખતે ગુજરાતમાં સંવત અઢારસો ને અડસઠ (૧૮૬૮)ની સાલ ચાલતી હતી. મબલખ તુવેરો પાકેલી શ્રીજી મહારાજને એમ થયું કે આ વેપારમાં હાથ અજમાવીએ. મહારાજે તુવેરો ખરીદવાનું શરૂ કર્યું. એ વખતે તુવેરોનો ભાવ ચાલતો હતો. એક રૂપિયાની ચાર મણ. બહુ સસ્તી. પાંચસો રૂપિયાની તુવેરો ખરીદીને ગાડા ભરાવ્યાં. કેટલી આવી હશે ? એ બજાર મણ તુવેર. મહારાજ, બે હજાર મણ તુવેર થઈ. શેઠ તમારું ઘર તો મોટું છે. એક ઓરડામાં આ તુવેરો ભરી દો. ભરીને તાળું મારી દો અમારે જોઈશે ત્યારે મંગાવી લઈશું. અત્યારે અમારી સાથે સાથે આ બધી બે હજાર મણ તુવેરો ક્યાં ફેરવવી ? આ ભલા ભોળા હરખશાહ ઘેર લાવીને ઓરડામાં બધી તુવેરો ભરી દીધી. તાળું મારી દીધું. એક દાણો પણ વાપર્યો નહીં. આ તુવેર આપણી નથી મહારાજની છે.

ઈતિહાસમાં જેની નોંધ થઈ છે એવો ભયંકર દુષ્કાળ પડ્યો. ઓગણોતરમાં ટીપું વરસાદ ક્યાંય ન પડ્યો. અને હરખશાહે મહારાજને ચિટ્ઠી લખી. હે મહારાજ ! ભયંકર દુષ્કાળ પડ્યો છે. તમારી બે-હજાર મણ તુવેરો અહીં પડી છે. અમને ચોર-ચકારની બીક લાગે છે એટલે દયા કરીને તમે કહો એમ કરૂં. તમે જો મંગાવી લેતા હો તો ગાડા ભરીને ત્યાં ગઢડા મોકલાવી દઉં.

શ્રીજી મહારાજે ચિટ્ઠીનો જવાબ લખ્યો. સ્વામિનારાયણ ભગવાને ચિટ્ઠીમાં લખ્યું, "શેઠ એ તુવેર અમારી નથી, તમારી જ છે." તમારા માટેજ ખરીદી છે. તમે વાપરો-ગરીબોને આપો અને વેચો. ત્રણ કામ કરો. ભગવાને કહ્યું છે કે, તુવેરો નહિ ખૂટે. પછી તો શું વેચવા માંડ્યા. આપવા માંડ્યા. ભાઈ હું ગરીબ છું. લઈ જા. કોથળો ભરીને આપી દે. ખા તું તારે. ભગવાને છૂટ આપી હોય ને તો થોડો પરોપકાર કરતાં શિખવાનો.

ઓગણોત્તેરામાં તુવેરનો શું ભાવ હતો ખભર છે ? આઠ રૂપિયે મણ, તુવેર મળતી હતી. બે હજાર મણ તુવેર વેચી. એક રૂપિયે ચાર મણ ખરીદેલી છે. હવે આઠ રૂપિયે એક મણનો ભાવ ચાલતો હતો. કેટલાયને દાનમાં આપી-લઈ જાવ. વેચી પણ ખરી અને ઘેર રોજ કેટલાયને દાનમાં આપી-લઈ જાવ. વેચી પણ ખરી અને ઘેર રોજ ઠાકોરજીના થાળ કરી હરખશાહનાં ઘંરવાળાં ઠાકોરજીને ભાવથી જમાડે - ભગવાનની મૂર્તિને કહે, હે મહારાજ ! જમો આ તમારી દયાથી પુરણ-પોળી જમાય તેવા દિવસો આવ્યા છે. સ્વામિનારાયણ ભગવાન બોલ્યા હતા કે, તમે ગરીબ નથી. પૈસાદાર છો, પ્રભુના વચને હરખશાહ સાચા અર્થમાં શેઠ બની ગયા. માટે સંતોષથી જીવતાં શીખો. પરિશ્રમ કરો - પ્રયત્ન કરો એ પ્રયત્નમાં ભગવાન ભળે તો હરખશાહની જેમ બેડો પાર થઈ જાય.

આવી રીતે આપણા પરિશ્રમમાં પરમાત્માની કૃપા ભળે તો ભાગ્ય બદલાઈ જાય અને જીંદગીમાં લીલા લહેર થઈ જાય.

●

નિષ્ઠા પ્રભુના નામની

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

સૌ જાણે છે કે ભગવાનના ભક્ત એવા પ્રહલાદજી અસુર કુળમાં જન્મયા હતા. તેમના પિતાએ તેમની ઉપર ખૂબ જ ત્રાસ ગુજાર્યો હતો. પ્રહલાદજીને મારી નાખવા માટે અનેક પ્રયત્નો કર્યા પણ તેમ છતાંય તેમાં નિષ્ફળતા મળી કારણ કે જેને ગુરૂ બળવાન હોય. તેનો કોઈ વાળ પણ વાંકો ન કરી શકે. તમને એમ થશે કે પ્રહલાદજીના ગુરૂ કોણ ? પ્રહલાદજીએ ગુરૂ ક્યારે કર્યા ?

એમનામાં આટલી નાની વયે જ્ઞાન આવ્યું ક્યાંથી ? તો તેનો જવાબ નિષ્કુળાનંદ સ્વામી આપે છે.

ગર્ભવાસથી ગુરૂ કર્યા,
મુનિ નારદને નિરધાર,
નિશ્ચય કર્યો હરિભજ્યુ,
તજ્યું સુખ સંસાર.


ભગવાનને ભજવા હોય તો સંસારના સુખનો ત્યાર કરવો પડે. માટે જ પ્રહલાદજીએ કષ્ટ સહન કર્યા. તે કષ્ટ કંઈ સામાન્ય નહોતા. કારણ પિતા પ્રભુના વેરી હતા. અને પુત્ર એ પ્રભુના ભક્ત હતા. હિરણ્યકશ્યપુ પાસે ઘણી બધી સત્તા હતી. આખી ત્રિલોકીમાં પોતાનું સામ્રાજ્ય હતું. એટલે એણે પોતાના પુત્રને ભગવાન ભજતા જોઈ તેનો નાશ કરી નાખવા નક્કી કર્યું. પછી તો પ્રહલાદજીને હાથીના પગ નીચે ચગદાવીને મારી નાખવા પ્રયત્ન કર્યો. તો પણ પ્રહલાદજી બચી ગયા. અસુરોની સ્કુલમાં પ્રહલાદજીને મૂકવામાં આવ્યા. કદાચ માનસ બદલાય અને આસુરી સંસ્કાર શીખે પણ તેમાં પણ પ્રહલાદજીને કુસંગ અડી ન શક્યો. ત્યાર પછી તો પોતાના સગા ફઈબા તેમણે અગ્નિમાં પ્રહલાદજીને બાળી નાખવા પ્રયત્ન કર્યો. પણ તેમાંથી પ્રહલાદજી બચી ગયા. પર્વત ઉપરથી નાખવામાં આવ્યા તો પણ બચી ગયા. આટ આટલા કષ્ટ પડવા છતાં પ્રહલાદજીએ ભગવાનનું નામ લેવાનું ન છોડ્યું. પિતા સાથેનું સગપણ તોડ્યું પણ પ્રભુમાં મન દૃઢ કરીને જોડ્યું. તેમાં પાછી પાની ન કરી. આટ આટલાં કષ્ટ પડતાં જોઈ દેવતાઓ પણ કંપી ઉઠ્યા. આટલી નાની ઉંમરમાં પણ આવી શૂરવીરતા ! ધન્ય છે. ભક્ત પ્રહલાદને. પણ આ પ્રહલાદજીના માતા પુત્રના ઉપર આટલું બધું કષ્ટ પડતું જોઈ એકવાર પોતાના પુત્ર પ્રહલાદને બોલાવી માતૃવાત્સલ્ય વરસાવતાં કહે છે બેટા ! તારા પિતા તારી ઉપર આટલો બધો ત્રાસ ગુજારે છે. તું કેટલો હેરાન થાય છે. એ મારાથી જોયું નથી જતું. બેટા તું એક કામ કર ને તું નારાયણ નારાયણ મોટેથી બોલવાનું બંધ કર, મનમાં બોલ્યા કર તો તારા પિતાનો ત્રાસ ઓછો થાય. કારણ મારાથી આ વેદના જોઈ શકાતી નથી અને હું કંઈ કરી શકું તેમ નથી. માટે તું મારી આટલી વાત માનીશ. ત્યારે પ્રહલાદજી પોતાનાં માતાને એક ઉદાહરણ આપે છે. જે ખૂબ સુંદર છે.

એક સુંદર મજાનું શહેર હતું. એ શહેરમાં મોટા મોટા બગીચા હતા. શહેરના રસ્તા પણ સુંદર અને સ્વચ્છ હતા. આ શહેરમાં બધી જ સગવડતા હતી અને ત્યાંના બંગલા પણ ખૂબ જ સુંદર હતા. એક શેઠ આ શહેરમાં રહેવા આવ્યા. સરસ એવો સુંદર મજાનો બંગલો ખરીદ્યો. બંગલામાં ખૂબ સારી એવી સગવડતા વાળું રાચ રચીલું હતું. સુંદર આરાસ અને ગ્રેનાઈટ લગાડ્યા હતા. રોજ રસોડામાં પકવાન થતા. એવા સમૃદ્ધ હતા. આ શેઠ રોજ શહેરમાં બગીચામાં ફરવા જતા અને પછી એક ખૂબજ કિંમતી ડબલબેડનો પલંગ બનાવ્યો. તેના પર સૂઈ જતા. એરકંડીશન રૂમ અને નાઈટ લેમ્પ બે બે મિનિટે એમાંથી પ્રકાશ ચેન્જ થતો જાય. આવી જાહોજલાલી, આવી સગવડતા, પણ ધીમે ધીમે ઋતુ બદલાઈ ચોમાસાની ઋતુ શરૂ થઈ. તેમાં એક દિવસ એક મચ્છર આ શેઠના બેડરૂમમાં ઘુસી ગયો. હવે થાય શું ? રાત્રે શેઠને ચટકો ભરેને કાનમાં ગુણ ગુણ કરવા લાગ્યું. આ શેઠ કંટાળ્યા. રાત્રી માંડ માંડ પસાર કરી. પછી તો સવારે ઉઠ્યા ત્યારે બેચેની જેવું જણાયું. એટલે નોકરે પૂછયું શેઠ કેમ ઊંઘ બરાબર નહોતી આવી. એટલે શેઠે કહ્યું કે એક મચ્છરે આખી રાત્રી મને હેરાન પરેશાન કરી દીધો. આખી રાત કાનમાં ગુણ ગુણ કરતુ હતું, ચટકા પણ ખૂબ ભર્યા માટે ઊંઘી ન શક્યો. ત્યારે આ વાત સાંભળી નોકર બોલ્યો તો શેઠ ચાલો હવે આ બંગલો વેચીને આ શહેર છોડીને બીજા શહેરમાં જઈએ. ત્યારે શેઠ કહે અરે ! મૂરખા એક મચ્છરના ગુણગણાટ થી કંઈ શહેર કે બંગલો થોડો છોડી દેવાય છે.

એમ આ વાત કરતા પ્રહલાદજી પોતાની માતાને સમજાવે છે કે મારા પિતાનો ત્રાસ તો આ મચ્છરના ગણગણાટ જેવો છે. એનાથી કંઈ ભગવાનની ભક્તિ થોડી છોડી દેવાય ? આમ જેણે ભગવાનના સ્મરણનો મહિમા જાણ્યો હોય તેની ઉપર ગમે તેટલી આપત્તિ આવે તો પણ તેનું દુઃખ એક સામાન્ય મચ્છરના ચટકા જેવું માને છે. અને ભક્તિ મારગમાંથી પાછા પડતા નથી. એટલે તો કહ્યું છે કે "હરિનો મારગ છે સૂરાનો, નહિ કાયરનું કામ જોને" ભગવાનને આવા પ્રહલાદજી જેવા શૂરવીર ભક્તો ગમે છે. ઢીલા પોચા નહીં.

માટે બાળ મિત્રો ! ભક્ત પ્રહલાદજી એ તો સહુ બાળકોનાં આદર્શ છે. પ્રેરણામૂર્તિ છે. નાની ઉંમરમાં ભગવાનની ભક્તિ કરીને ભગવાનનો સાક્ષાત્કાર કરીને સૌને પ્રેરણા આપી કે ભગવાન ભજવા માટે ઉંમર જોવાની હોતી નથી. આજથી જ શરૂ કરી દો.

?????????????????પ્રશ્નપેટી?????????????



સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(સ્વામિનારાયણ મંદિર જેતલપુર)

પ્રશ્ન : ૧ જેતલપુરના ગંગાબા કઈ જ્ઞાતિના હતા અને તે કઈ વિદ્યામાં કુશળ હતા ?

પ્રશ્ન : ૨ વાંસદા પાસેનું એવું ક્યું ગામ કે ત્યાંના રાણીને પરમચૈતન્યાનંદ સ્વામીએ સત્સંગ કરાવ્યો હતો તે રાણીનું નામ શું હતું ?

પ્રશ્ન : ૩ પ.ભ. વીર ભગુજી ક્યા ગામમાં જન્મેલા અને કોના સંગમાં આવવાથી સત્સંગ થયો ?

પ્રશ્ન : ૪ "પટેલ થોડા રૂપિયાની જરૂર છે આપશો ? પટેલે હા કહીને તરત પોતાના ગામ ભણી રવાના થયા. પોતાની સંપત્તિ ગાય, ભેંસ, બળદ, ગાડું વગેરે વેચીને સાડાચાર હજાર રૂપિયા લઈને મહારાજની પાસે અર્પણ કર્યા. - આ પ્રશ્ન મહારાજે ક્યા પટેલને કહ્યો હતો એ પટેલનું નામ અને તે ક્યા ગામ ના હતા ?

પ્રશ્ન : ૫ દેવાનંદ સ્વામી કોના શિષ્ય હતા ?

પ્રશ્ન : ૬ "જશોદા કહાન તમારો, રોકે છે સાંજ સવારો....." આ પદના રચયીતા કોણ છે ?

પ્રશ્ન : ૭ મા રાધિકાજીનો જન્મ ક્યારે અને ક્યાં અનો કોને ત્યાં થયો હતો ?

એપ્રિલ-૨૦૦૬ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને સાચા ઉત્તરો આપનારના નામ

(૧) ઉદયપુરના રાજાની રાણી ઝમકુબાઈને શ્રીજી મહારાજે ગઢપુર પહોંચાડી દીધા હતા. (૨) પૂર્વે ઉધ્ધવજી સ્વયં ઉદ્ધવ સંપ્રદાયના પ્રેરક હતા. (૩) હનુમાનજી, કૃપાચાર્ય, અશ્વસ્થામા, વિભિષણ, પરશુરામ, બલી, વ્યાસ નારાયણ (अश्वत्थामा बलिर्व्यासो, हनुमांस्च विभीषण, कृपः परशुरामश्च सप्तैते चिरंजीवनी ॥) (૪) સનંદન, સનક, સનાતન, સનત્કુમાર (૫) પાંચ જ્ઞાનેન્દ્રિયો, ત્રણ ગુણ તથા શક્તિ અને સંયોગ એ દસ અદ્રવ્ય જાણવા. (૬) "જે પરબ્રહ્મ પરમાત્મા પોતાના અક્ષરધામમાં નિત્ય દિવ્ય મૂર્તિમાન બિરાજે છે અને દરેક અવતાર એમાંથી પ્રગટ થાય છે ને પાછા તેમાં લીન થાય છે. માટે તેમને અવતારી સમજવા અને તે અવતારી સ્વરૂપ એક જ છે. (૭) સાંજે ભગવાનની આરતી સમય તે સાયંકાળ જાણવો.

૧. સોની ભગવાનદાસ વેલજી (મોરબી)
૨. માધવજી હરખજીભાઈ (મોરબી)
૩. વીણાબેન ભાવસાર (અમદાવાદ)
૪. ભાવનાબેન ભાવસાર (ચાંદલોડીયા)
૫. અરવિંદાબેન નરેશભાઈ ભાવસાર (ચાંદલોડીયા)
૬. સ્વા. મંદિર (બહેનોનું) સાં.યો. કંચનબા, કુંદનબા (મેડા/કડી)
૭. સવિતાબેન કાંતિભાઈ પટેલ (વિરાટનગર ઓઢવ)
૮. ભાવિક વિરેન્દ્રભાઈ પટેલ (વિરાટનગર ઓઢવ)
૯. માણેકબેન, શિલ્પાબેન પટેલ (દહેગામ)
૧૦. રેખાબેન કિર્તીકુમાર (ઉંઝા)
૧૧. અંજનાબેન મનુભાઈ (નાંદોલ)
૧૨. સાકરબેન નટવરભાઈ (નાંદોલ)
૧૩. કોકિલાબેન નટવરભાઈ પટેલ (મેમનગર)
૧૪. સાં.યો. આનંદીબા (વિરમગામ)
૧૫. સ્વા. મંદિર (મોખાસણ)
૧૬. ગોરધનભાઈ આર. વાધેલા (જામસર)
૧૭. ભાવેશ, પ્રયાગ, સંદિપ, કપીલ, ધર્મેન્દ્ર, પિનાકીન (મારૂસણા)
૧૮. શૈલેષ (ટ્રેકટર) દિલીપભાઈ પટેલ (ચીતરગાડા)
૧૯. સાં.યો. મંજુબા, ભારતીબા (હવેલી)
૨૦. ઠક્કર હસુબેન કનુભાઈ (મણીનગર)
૨૧. પટેલ ત્રિભોવનભાઈ લક્ષ્મણભાઈ (નવાવાડજ)
૨૨. ઉર્મિલાબેન તથા કલ્પનાબેન (નવાવાડજ)
૨૩. શારદાબેન કાંતિભાઈ પટેલ (નાંદોલ)
૨૪. કૈલાશબેન વિષ્ણુભાઈ પટેલ (નાંદોલ)

નોંધ :પ્રશ્ન પેટીના જવાબો દર માસની તા. ૨૨ સુધીમાં મોકલી આપવા. ત્યારબાદ આવેલ જવાબોના નામ લખવામાં આવશે નહીં. તેની નોંધ લેવી.

।। ભક્તિસુધા ।।

મોહનને ગમવાને ઈચ્છો માનની

- કંચનબેન રણછોડભાઈ પટેલ
(નારણપુરા)

ધનબાઈ મુક્તાનંદ સ્વામીના બહેન હતાં. તેમને પોતાના ભાઈ પ્રત્યે નિર્વ્યાજ પ્રેમ હતો. ભાઈ બહેનનો પ્રેમ તો સ્વાભાવિકપણે હોય જ છે. પણ ધનબાઈનો ભાતૃપ્રેમ અદ્વિતીય હતો.

મુક્તમુનિ સંસાર છોડી સાધુ થયા ત્યારથી ધનબાઈનું અંતર હંમેશા દુભાયા કરતું હતું. તેમનો અંતરાત્મા ભાઈને મળવા માટે તલસ્યા કરતો. મુક્તાનંદ સ્વામીને વ્યવહારમાં પાછા લઈ જવા માટે એમણે ઘણા પ્રયત્નો કર્યા હતા. પણ સ્વામીનો વૈરાગ્ય દૃઢ હતો. વિવશ બનીને એમણે વિચાર્યું કે ભાઈ ઈચ્છે છે તેમ કરીશ તો જ ભાઈ મારા પર રાજી રહેશે. સ્નેહીના ગમતામાં રહેવું એજ પ્રેમનું લક્ષણ છે. પ્રેમને વશ થઈ ધનબાઈ પણ સ્વામીએ અપનાવેલા આત્મ કલ્યાણનાં માર્ગે જવાનો વિચાર કરે છે.

ધનબાઈ એક દિવસ ગઢડા આવ્યા અને શ્રીજી મહારાજ પાસે જઈ પ્રાર્થના કરી. "મહારાજ ! મારે કલ્યાણનો ખપ છે. પણ અંતરમાં એક ઝંખના છે કે ભાઈ (મુક્તમુનિ) મને ઉપદેશ આપી મોક્ષ માર્ગ બતાવે. એમના મુખની વાણી સાંભળવાની મને ઉત્કંઠા છે. પ્રભુ !"

આ સાંભળી મહારાજ મુખ આડો રૂમાલ દઈને થોડું હસ્યા, પછી બોલ્યા કે "બાઈ ! અમારા સાધુને સ્ત્રી સાથે બોલવાની મનાઈ છે. પણ તમારે કલ્યાણનો ખપ છે તો અમે મુક્તાનંદ સ્વામીને કહીશું કે તમને ઉપદેશ કરે."

પછી મહારાજે બીજે દિવસે મુક્ત મુનિને અક્ષરઓરડીમાં બોલાવીને એમની પરીક્ષા કરવા માટે કહ્યું કે "મુક્તમુનિ, તમારા બહેન ત્યાગી થવા ઈચ્છે છે અને તમારા મુખેથી મોક્ષમાર્ગનો ઉપદેશ સાંભળવા ઈચ્છે છે તો તમે એમને ઉપદેશ કરો."

મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! એ રીતે હું સાધુનો ધર્મ કેવી રીતે પાળી શકીશ. આપની જ શિક્ષાપત્રીની આજ્ઞા પ્રમાણે અમારાથી સ્ત્રીઓને ઉદ્દેશીને વાત કેવી રીતે કરી શકાય ? જો આપ કૃપા કરીને મારી વાત સ્વીકારો તો હું ત્યાગનો માર્ગ અપનાવી ભક્તિમાર્ગ સ્વીકારવા ઈચ્છતી તમામ બહેનોને ઉપદેશ મળે એવા ચાર પદોની રચના કરું અને તેના ઉપરથી બહેનને પણ ઉપદેશ મળી રહેશે."

શ્રીજી મહારાજ મુક્તમુનિની ધર્મનિષ્ઠા અને આચાર દૃઢતા જોઈને અત્યંત પ્રસન્ન થઈ બોલ્યા કે "ભલે સ્વામી ! તેમ કરો."

શ્રીજી મહારાજની આજ્ઞા મળતા મુક્તાનંદ સ્વામીએ "મોહનને ગમવાને ઈચ્છો માનની" એ ઉપદેશનાં ચાર પદોની રચના કરી. રાત્રે સભામાં બેસી સ્વામીએ એ ચાર પદો ગાયાં, સ્વામીના મધુર કંઠે કલ્યાણનો કડવો પણ ગુણકારી ઉપદેશ સાંભળીને ધનબાઈના અંતરમાં અપાર શાંતિ થઈ. ત્યારબાદ એમનું બાકીનું જીવન મંદિરમાં જ પ્રભુભક્તિમાં વિતાવ્યું.

મોહનને ગમવાને ઈચ્છો માનની,
ત્યાગો સર્વે જુઠી મનની ટેકજો;
પતિવ્રતાનો ધર્મ અચળ કરી પાળજો,
હરિચરણે રહેજો અબળા થઈ છેક જો;
વળી એક વાત કહું છું અધિક વિવેકની,
સાંભળ બહેની તારા સુખને કાજ જો;
હરિજન સંગે રાખો પૂરણ પ્રીતડી,
ત્યાગો મદ મત્સર જુઠી કૂળ લાળજો;
સુખદાયક તું જાણે સુંદર શ્યામને,
અતિ દુઃખદાયક મન પોતાનું જાજો;
મુક્તાનંદનો નાથ મગન થઈ સેવજો,
સમજી વિચારી બોલો અમૃત વેણ જો;

પોતાની બહેન ધનબાઈને અનુલક્ષીને સ્વામી સ્ત્રીઓને સરળ શબ્દોમાં ઉપદેશ આપે છે કે સગપણ તો હરિવરનું જ સાચું ગણાય. સંસારના સર્વ સંબંધો તો સૂતરના કાચા તાંતાણા જેવા છે. ગમે ત્યારે તૂટી જાય. માટે પ્રભુ સાથે પ્રીતિ રાખીને સર્વ સંજોગોમાં હરિચરણે રહેવું. એજ જીવનનો મર્મ છે. આ સંસારમાં જો સુખદાયક કોઈ હોય તો એ સુંદર શ્યામ સ્વરૂપ શ્રી સહજાનંદ સ્વામી જ છે અને અતિ દુઃખદાયક જો કોઈ હોય તો એ આપણું જ મન છે. મનમાં આવતા ખોટાં તરંગો અને અનુમાનો પ્રમાણે આપણે વર્તીએ છીએ અને ન કરવાનું કરીએ છીએ અને ન બોલવાનું બોલીએ છીએ એટલે સંસારનાં દુઃખો જન્મે છે. પણ જો મોક્ષધર્મની આચાર-સંહિતા પ્રમાણે જ આપણા જીવનની ગતિવિધિ ગોઠવીએ તો આપણું મન સહાયક બનીને પ્રભુની પ્રાપ્તિ કરાવી દે એટલી જબરદસ્ત એની તાકાત છે. એટલે મુક્તાનંદ સ્વામી ભગવાન ભજવાની સલાહ આપતાં કહે છે કે "સમજી વિચારી બોલો અમૃત વેણજો."

શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં પણ કહ્યું છે કે, "જે વચને કરીને પોતાનો અને

પારકાનો દ્રોહ થાય એવું જે સત્ય વચન તે પણ ક્યારેય ન બોલવું.''

सत्यं च पियं च वद ।

સત્ય અને પ્રિય બોલવું - જેનાથી આવા ઘોર કળિયુગમાં પણ આપણે શ્રીજી મહારાજનો રાજીપો મેળવી શકીએ.

●

ને સૌએ ખીચડીનાં દાતણ કીધાં !

- તરલાબેન અતુલભાઈ પોથીવાલા (અમદાવાદ)

એક સમયે શ્રીહરિ બામણ ગામેથી મહેસાણા ગામમાં પધાર્યા. મહેસાણામાં શ્રીહરિનાં ભાવિક ભક્ત બ્રાહ્મણ જ્ઞાતિના કુશળબા રહેતા હતા. પંડે એકલાં જ. પરંતુ ''મહારાજ મારી સાથે છે પછી શી ચિંતા ?'' એવું મસ્તીમાં જીવે. કુશળબાના આનંદનો પાર ના રહ્યો. મહારાજ તથા સૌ સંતો પાર્ષદોને પોતાને ઘેર લઈ ગયા. શ્રીહરિ ને બેસવા માટે સુંદર સુશોભિત આસન બનાવી, શ્રીહરિને તે આસન ઉપર બિરાજમાન કરવા માટે કુશળબા ગદ્‌ગદ્‌ કંઠે શ્રીહરિની પ્રાર્થના કરવા લાગ્યા. શ્રીહરિ મહાપ્રભુ ભક્ત કુશળબાની પ્રાર્થનાનો સ્વીકાર કરી તે આસન ઉપર બિરાજમાન થયા. ત્યાર પછી સંતોને પણ યથાયોગ્ય સ્થળે નિવાસ કરાવતાં હતાં. ત્યારબાદ કુશળબાએ શ્રીહરિની પ્રેમભાવથી પૂજા કરી. તે સમયે સંતો પણ મધુર સ્વરે ભગવાનના કીર્તનો ગાઈને શ્રીહરિની પ્રસન્નતા મેળવતા હતા.

એવામાં સાંજ પડી ગઈ. ત્યાર બાદ કુશળબાએ પવિત્ર બ્રાહ્મણોને બોલાવી શ્રીહરિ તથા સંતોને ભોજન માટે ખીચડી તથા શાક બનાવડાવ્યા. ખીચડી તથા શાકમાં ભારોભાર ઘી નાંખવામાં આવ્યું. લવીંગ તજ ની સોડમથી ખીચડી મઘમઘી ઉઠી. મહારાજે સંતોની પંક્તિ કરી ને પોતે સૌને ખીચડી શાક પીરસ્યાં. તાણ કરી કરીને જમાડ્યાં. બાઈની ભક્તિને વશ થઈ મહારાજે પણ ખીચડી શાક લીધાં. બધા જ જમ્યાં છતાં ખચડી તો તપેલું ભરીને વધી. વધેલી રસોઈ ઢાંકી મૂકી ને બધા સૂઈ ગયાં.

સવાર પડી કે મહારાજ તથા સંતો-પાર્ષદો ચાલવા તૈયાર થયા. ત્યારે ડોશી તરત જ બારણા વચ્ચે ઉભા રહી ગયા. બોલ્યાં, ''મારું વિધવા બાઈનું બગાડશો ? આટલી બધી ખીચડી વધી છે તે હવે કોઈ ખાશે ? માટે તમારે સૌએ આ ખીચડી પૂરી કરીને પછી જ જવાનું છે.''

કુશળબાઈની આડાઈમાં મહારાજ પ્રત્યેની અસીમ પ્રીતનો ઓછાયો વર્તાતો હતો. મહારાજે સૌ સંતો પાર્ષદોને આજ્ઞા કરી કે ''બેસી જાવ મહાપુરુષો !''

પણ મહારાજ હજું તો દાતણ પણ નથી કર્યુ ને .....''

મહારાજ બોલ્યા. ''દાતણની ને નાવાની તો આ શરીરને ટેવ છે. પણ આત્માને શો બાધ છે ? બાઈ આટલા હેતથી કહે છે તો એમને થોડા નારાજ કરાય ?''

મહારાજની આજ્ઞા થઈ એટલે સૌ સંતો પાર્ષદો પંગતમાં બેસી ગયા. શીશીરની હેમ જેવી ઠંડીમાં ખીચડી તો ઠરીને ચોસલું બની ગયેલી. ખીચડીના ચોસલાં પાડીને પીરસવામાં આવી. મગસ મોહનથાળના ઢેંફા તો વારે ઘડીએ જેમલાં પણ આ ઘી થી તરબર ખીચડીનાં ચોસલાં પહેલીવાર જમ્યાં !

બાઈના આગ્રહને વશ થઈ આજે અંતર્યામીએ દિનચર્યાના નિયમોમાં છૂટ મૂકી દીધી ! ખીચડી હવે બરોબર આવી રહી.

કુશળબા આજે ખૂબ રાજી થયા. પ્રેમથી મહારાજને કહે, 'બસ મહારાજ, હવે આપ સુખેથી પધારો.'

''આજે આપે આવી મુજ વિધવાને અનંત ઘણું સુખ આપી દીધું.''

સંતો પણ આવા ખીચડીનાં દાતણથી નવાઈ પામી રહ્યાં.

●

નીચી ટેલ મળે તો માને મોટા ભાગ્ય જો

- નાનીબેન (વિરાટનગર)

અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ સ્વંય શ્રીજી મહારાજે જેમને સત્સંગની ''મા'' નું બિરૂદ આપ્યું છે. એવા સદ્‌ગુરૂ સમ્રાટ કવિ મુનિવર મુક્તાનંદ સ્વામી ખૂબ મહાન સંત હતા. કવિરાજ હતા. તેમણે શ્રીજી મહારાજની લીલાના ઘણા ઘણી કીર્તનો રચ્યા છે. તેમાનું એક કીર્તન છે ''મોહનને ગમવાને ઈચ્છો માનની ત્યાગો સર્વે જુઠ્ઠી મનની ટેક જો'' આ કીર્તનમાં આગળ બીજી કડીમાં કહ્યું છે ''દાસી થઈ તું રહેજે દીન દયાલની'' ''નીચી ટેલ મળે તો માને મોટા ભાગ્ય જો'' ''ભવ બ્રહ્માદિકને નિશ્ચે મળતી નથી.''

પુરુષોત્તમ પાસે બેઠાની જાગ્ય જો.'' નીચી ટેલ એટલે સેવા. જેમ સેવા નીચી એમ તેનું ફળ ઉંચુ. નીચે સેવા જ્યારે આપણને મળે ત્યારે મોટા ભાગ્ય માનીને કરવી. દા.ત. મંદિરમાં કચરો વાળવો. પોતા કરવા, મંદિર સાફસૂફ કરવું, ધોવું, સંડાસ બાથરૂમ ધોવા, સાફ કરવા, આવી બધી નીચે સેવા ગણાય. ઉત્સવ સમૈયામાં ડીસો ધોવાની સેવા હોય, વાસણ માંજવાની સેવા હોય, ચંપલ ગોઠવવાની સેવા હોય, આ સેવા એ નીચી ટેલ ગણાય. આપણે ઘણી વખત વાંચીએ છીએ કે તન-મન-ધનથી સેવા કરવી તેમાં પણ તન શબ્દ પેલા આવ્યો પછી મન

અને પછી ધન તો તનની સેવા એ ખૂબ જ ઉત્તમ ગણાય છે. આપણા. મૂળ સંપ્રદાયના ઘણા મંદિરોમાં ઘણા એવા ધનાઢ્ય સત્સંગીઓ નિયમ લે છે કે રોજ મંદિર વાળવું, મંદિરનો ચોક વાળવો, મંદિરમાં પોતા કરવા વગેરે એ ધનાઢ્ય કેવા ? તો એ લોકોના ઘેર કામ વાળા કામ કરતા હોય, પોતાને કોઈ દિવસ કંઈ કામ કરવાનું નહી, એવા લોકો કે તેમને સેવાનો કેટલો મહિમા હશે ! ઘણા એવા સત્સંગીઓ મંદિરોમાં ડઝન, ડઝન સાવરણીઓ મૂકી જાય. કારણ, પોતાની સાવરણી મંદિરમાં કચરો વાળવામાં વપરાય તેનું પણ ઘણું ફળ મળે છે. પોતાને ટાઈમ ના હોય તો એવું કરે છે. જેને મહિમા છે તેને કંઈ કહેવું પડે જ નહી. અને જેટલો મહિમા સમજાય તેટલું જ સુખ આવે. આનંદ આવે. એટલે મહિમા સમજવો. શ્રીજી મહારાજ જ્યારે નીલકંઠવર્ણી રૂપે વનમાં વિચરણ કરીને છેલ્લે જ્યારે લોજમાં પધાર્યા અને ત્યાં રહેવા લાગ્યા ત્યારે પોતે ખૂદ આવી સત્સંગની નીચી સેવાઓ ઘણી કરતા. એનું કારણ આપણને શીખવાડ્યું છે. નહીં તો એ તો સાક્ષાત્ ભગવાન હતા. તેમને વળી ક્યાં સેવા કરવાની જરૂર હતી. અને એ સેવા કેવી ? તો છાણ વીણવા જવું, લાવીને લીંપણ કરવું, ખેતરમાં જઈને ચીભડાના પોટલા લઈ આવવા, આદિ ઘણી સેવાઓ કરતા. એ મહિમા સમજાવવા માટેજ. અને શ્રીજી મહારાજને રામાનંદ સ્વામીએ જ્યારે ગાદીએ બેસાડ્યા અને ધર્મધુરા સોંપી ત્યાર પછી પણ શ્રીજી મહારાજને જ્યારે બધા સંતો-ભક્તો ભગવાન તરીકે પૂજવા માનવા લાગ્યા તો પણ એક વખત ગોપીનાથજીના મંદિર માટે ઘેલા નદીએથી અત્યારે જ્યાં ગઢપુરમાં મંદિર છે ત્યાં તે પથ્થર લાવવાના હતા. તો સ્વયં પોતે શ્રીજી મહારાજે પોતાના મસ્તક ઉપર સોનેરી મોળીયા ઉપર પથ્થર મુકીને લાવેલા. અને બીજાને શીખવાડતા અને બધાને આજ્ઞા કરેલી કે અત્યારે આ મંદિરના કામમાં બધાએ રોજ ઘેલા નદીએ ન્હાવા જાઓ ત્યારે એક એક પથ્થર લેતા આવવો અને મહારાજે જાહેર કર્યું હતું કે જે કોઈ આ મંદિરની સેવામાં એક શેરનોય પથ્થર લાવીને નાખશે તેની એક પેઢીનું અમે કલ્યાણ કરશું. ત્યારે એક મુસલમાન ભાઈએ એ વાત જાણી. એને એમ થયું કે આટલી જ બાબતમાં આટલી જ સેવામાં કલ્યાણ થતું હોય તો આ તો કરવું જ જોઈએ. તો લાવ હું પણ મંદિરમાં મારાથી ઉપાડાય તેવો મોટો પથ્થર લાવીને સેવા કરું એટલે મારી પણ કેટલીય પેઢીનું કલ્યાણ થાય. તેમ નક્કી કરીને તે ગઢડામાં શ્રીજી મહારાજના દર્શન કરવા આવ્યો અને પછી ઘેલા નદીએ જઈને તેણે એક સરસ મોટામા મોટો પથ્થર ઉપાડ્યો અને તેને તોલાવ્યો અને તે બરાબર ૨૧ શેરનો થયો અને પછી તે મંદિરના પાયામાં લાવીને નાખ્યો. અને મહારાજ પાસે આવીને કહેવા લાગ્યો કે હે સ્વામિનારાયણ તમે કહેલું છે ને કે આ મંદિરની સેવામાં જે કોઈ એક શેરનોય પથ્થર લાવીને નાખશે તેનું અમે એક પેઢીનું કલ્યાણ કરશું. શ્રીજી મહારાજ કહે હા, તો કહે, બોલો હું આ બરાબર ૨૧ શેરનો તોલીને લાવ્યો છું તો તમે મારી કેટલી પેઢીનું કલ્યાણ કરશો ? ત્યારે શ્રીજી મહારાજ રાજી થઈને બોલ્યા કે જા તારી એકવીસ પેઢીનું અમે કલ્યાણ કરશું. અને એની એ સેવા જોઈને ખૂબ જ રાજી થયા. એમ એ મુસલમાને એટલી જ સેવામાં એની ૨૧ પેઢીનું કલ્યાણ કરાવી લીધું. તો બોલો ભક્તો કેટલો એને સેવાનો, મહિમા કહેવાય ? બીજું એક નાનકડી વાત જોઈ લઈએ. ગઢપુરના મંદિરનું કામ ચાલતું હતું. ત્યારે ત્યાં મંદિરની બાજુમાં જ એક ડોશી રહેતી હતી. તે સત્સંગની દ્વેષી હતી. સત્સંગની વિરોધી હતી. અણસમજું હતી ને અજ્ઞાની હતી. કોઈ દિવસ કંઈ પણ સેવા કરેલી નહીં અને કોઈ કહે તો ખીજાઈ જાય. તેમાં એક વખત તેના આંગણામાં કૂતરૂ આવીને બેઠું અને બગાડી ગયું. પછી બીજે દિવસે પણ આવ્યું અને બગાડી ગયું. તેમ થોડા દિવસ એ રોજ હળી ગયું. રોજ આવે ને રોજ બગાડી જાય. એમાં એક દિવસ એ ડોશી કુતરા ઉપર ખીજાણી અને કૂતરાને કાઢવા માટે નાનો ઈંટનો ટુકડો લઈને માર્યો અને એ પથ્થરનો ટુકડો રગડતો રગડતો જઈને મંદિરના પાયામાં જઈને પડ્યો. એ જ એના જીવનનું પુણ્ય. બાકી બધું પાપ કરેલું છતાં તેના અંત સમયે શ્રીજી મહારાજ તેને તેડવા પધાર્યા. ત્યારે તે ડોશી પસ્તાવા લાગી અને હાથ જોડીને કહેવા લાગી કે હે સ્વામિનારાયણ તમે મને કેમ તેડવા આવ્યા ? આખી જીંદગી મેં પાપ જ કર્યું છે. તમારૂ નામ પણ લીધું નથી. મેં ભજન પણ કર્યું નથી અને તમારો અપરાધ કર્યો છે. ત્યારે મહારાજે એને કીધું કે તેં એક વખત કૂતરાને આંગણામાંથી કાઢવા માટે પથ્થર માર્યો હતો તે પથ્થર રગડીને અમારા મંદિરના પાયામાં આવીને પડ્યો તે પુણ્યે કરીને અમે તને તેડવા આવ્યા છીએ. તો વિચાર કરો કે અજાણતા સેવા થઈ છે અને તે પણ એક નાનકડા પથ્થરના ટુકડા ની ! તો પણ શ્રીજી મહારાજ તેને તેડવા પધાર્યા. તો આપણે તો મહિમા જાણીને સેવા કરીએ તો કેટલું ફળ મળે ? એટલે સેવાનો મહિમા વધુને વધુ સમજવો.

●

(અનુસંધાન પાના નં. ૧૫ ઉપર)

સત્સંગ સમાચાર

અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં રામનવમીનો સમૈયો ધામધુમથી ઉજવાયો

સર્વાવતારી પૂર્ણપુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની ૨૨૫મી જન્મ જયંતી સમૈયો ચૈત્ર સુદ-૯ રામનવમીના શુભ દિને અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં રાજાધિરાજ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં ધામધુમથી સંપન્ન થયો.

પ્રાતઃ ૬-૩૦ કલાકે અક્ષરભૂવનમાં બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજનો મહાભિષેક-પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદ વિધિસર સંપન્ન થયો. બપોરે ૧૨-૦૦ કલાકે મર્યાદા પુરૂષોત્તમ શ્રી રામચંદ્રજી ભગવાનનો પ્રાકટ્ય ઉત્સવ આરતી થઈ હતી. ત્યારબાદ આખો દિવસ શહેર અને ગામોગામના ભાવિકો દર્શન અર્થે ઉમટ્યા હતા.

સાંજે ૪-૦૦ કલાકે શ્રી નરનારાયણદેવ ધાર્મિક શિક્ષણ વિભાગ દ્વારા ગત વર્ષે લેવાયેલ પરીક્ષામાં સારા ટકાએ ઉર્તિણ થનાર વિદ્યાર્થીઓને અને કેન્દ્ર સંચાલકોને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ઈનામ વિતરણ અને સન્માન પત્ર આપીને બહુમાન કરવામાં આવ્યું હતું. નાના બાળકો પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ઈનામ લઈ ખૂબજ આનંદમાં આવી ગયા હતા. પ.પૂ. લાલજી મહારાજે સૌને ઉત્તરોત્તર પ્રગતિ થાય તેવા રૂડા આશીર્વાદ આપ્યા હતા. રાત્રે ૧૦-૧૦ મિનિટે સર્વાવતારી શ્રી ઘનશ્યામ મહારાજની પ્રાકટ્યોત્સવ આરતી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ઉતારી ત્યારે હજારો ભાવિકોએ દિવ્ય દર્શનનો લાભ લીધો હતો. પૂ. મહંત સ્વામીના માર્ગદર્શન હેઠળ સુંદર આયોજન થયુ હતું. *(કોઠારી ધર્મપ્રકાશદાસ)*

શ્રીહરિના ૬ઠ્ઠા વંશજ પ.પૂ. મોટા મહારાજશ્રીનો ૬૩મો પ્રાકટ્યોત્સવ ધામધુમથી ઉજવાયો

શ્રીજી મહારાજના ૬ઠ્ઠા વંશજ પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૬૩મો પ્રાકટ્યોત્સવ સર્વોપરિ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં ચૈત્ર વદ ત્રીજ તા. ૧૬-૪-૨૦૦૬ના રોજ ધામધુમથી ઉજવાયો હતો.

ભરતખંડના રાજાધિરાજ સર્વાવતારી શ્રી નરનારાયણદેવના સનિધ્યમાં પ્રસાદીના દિવ્ય સભામંડપમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની નિશ્રામાં પ.પૂ. મોટા મહારાજશ્રી શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ૬૩મો પ્રાકટ્યોત્સવ ઉજવવા હજારો સંતો-મહંતો અને હરિભક્તો સભામાં ઉપસ્થિત હતા. વિદ્વાન પંડિતોએ વેદના ગાન સાથે સ્વસ્તીવાચન કરીને પૂજન વિધિ કરી હતી. હરિભક્તો અને સંતોએ સમૂહ આરતી ઉતારી હતી. ત્યારબાદ પૂ. મહંત સ્વામી અને વિદ્વાન સંત-મંડળે પ.પૂ. મહારાજશ્રીના ૬૩માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે તેમના દિવ્ય સંકલ્પ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની પ્રવૃત્તિ અંગે ખાસ ભાર પૂર્વક સભાને જણાવ્યું હતું. પ.પૂ. મોટા મહારાજશ્રીએ પાંત્રીસ વરસ સુધી સત્સંગને જે સુખ આપ્યું છે તે માટે સમસ્ત સંપ્રદાય તેમના ઋણી છીએ. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત સભાને રૂડા આશીર્વાદ આપતા. પ.પૂ. મોટા મહારાજશ્રીના સંકલ્પને વહેલો પરિપૂર્ણ કરવા સૌને કટિબધ્ધ થવા અનુરોધ કર્યો હતો. અને ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજના - સરદાર સરોવર ડેમના આયોજનમાં સમસ્ત સંપ્રદાય ગુજરાત સરકાર સાથે જોડાયેલ છે. અને તેમાં આપણે સૌએ સહકાર આપવાનો છે. એમ કહી સૌને રૂડા આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ સંત-હરિભક્તોએ ક્રમવાર પ.પૂ. મોટા મહારાજશ્રીને પુષ્પહાર કરી આશીર્વાદ મેળવ્યા હતા.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી બપોરે ૨-૦૦ કલાકે યુનિર્વસિટિ ગ્રાઉન્ડ ખાતે મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સરદાર સરોવર ડેમનું બાંધકામના બંધના વિરોધમાં ૫૧ કલાકના ઉપવાસ ઉપર ઉતરેલા તેમને શ્રી નરનારાયણદેવ બળ પ્રેરે અને ગુજરાતની ૫ કરોડ જનતાના પ્રાણ સમાન નર્મદા પ્રોજેકટનું કામ પુનઃ ચાલુ થાય તેવા આશિષ સાથે પ.પૂ. મહારાજશ્રી અસહ્ય ગરમીમાં પણ સતત ૨ કલાક મુખ્યમંત્રી સાથે બેસીને તેમને વિશેષ બળ પ્રેર્યું હતું. આ પ્રસંગે અનેક સંતો-મહંતો પ.પૂ. મહારાજશ્રી સાથે જોડાયા હતા.

(કોઠારી ધર્મપ્રકાશદાસ)

સુરત શહેરમાં શ્રી નરનારાયણદેવ પીઠના ૬ઠ્ઠા નિવૃત આચાર્યશ્રી પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની પધરામણી

સુરત શહેરમાં શ્રી નરનારાયણદેવ દેશ અમદાવાદ અને મૂળીશ્રી રાધાકૃષ્ણદેવ દેશના હજારો હરિભક્તો નોકરી ધંધાર્થે સ્થાયી થયેલા છે. જેઓએ ત્યાં જઈને સત્સંગ સાથે શ્રી નરનારાયણદેવનું ગૌરવ-ગરિમા વધાર્યું છે.

સુરત શ્રી નરનારાયણદેવ સત્સંગ મંડળ અને અત્રેના હરિભક્તોના ઘણા સમયના આગ્રહ ભર્યા આમંત્રણ અને પ્રાર્થના સ્વીકારીને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના લાભાર્થે તા. ૮-૪-૨૦૦૬ થી તા. ૧૧-૪-૨૦૦૬ પર્યન્ત પ.પૂ. મોટા મહારાજશ્રી સુરત શહેરમાં પધાર્યા ત્યારે હજારો હરિભક્તોએ પ.પૂ. મહારાજશ્રીનું ભવ્યાતિભવ્ય સ્વાગત સામૈયું કરી પોતાના પ્રાણ પ્યારા પૂ. મહારાજશ્રીને વધાવ્યા હતા.

તા. ૯-૪-૨૦૦૬ના રોજ શિલ્પીની વાડીમાં ભવ્ય સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હજારો હરિભક્તોએ સભાનો દિવ્ય લાભ લઈ

અને પૂ. મહારાજશ્રીના રૂડા આશીર્વાદ મેળવ્યા હતા.

તા. ૧૦-૪-૨૦૦૬ના રોજ ઉમિયા માતાજી મંદિર ભાડેના વિસ્તારમાં વિશાળ સત્સંગ સભામાં સંતોએ પ.પૂ. મોટા મહારાજશ્રીના દિવ્ય સંકલ્પ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના નિર્માણ કાર્યની રૂપરેખા સમજાવી હતી અને છેલ્લે સભાને પ.પૂ. મોટા મહારાજશ્રીએ શ્રીજી મહારાજની પ્રસાદીની દિવ્ય અલૌકિક વસ્તુઓની કાયમી વૈજ્ઞાનિક ઢબે જાળવણી થાય અને સંપ્રદાયના ઈતિહાસમાં અને વિશ્વમાં અજાયબી સમાન સર્વોપરિ ભગવાનનું સર્વોપરિ મ્યુઝિમના નિર્માણનું મહિમા-માહાત્મયની વિગતવાર સમજણ આપીને સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

પ.પૂ. મોટા મહારાજશ્રી સુરતના રામપુરા, મોટા ભાગોળ, વરાછારોડ, ઉધના અને વેડ રોડના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દર્શનાર્થે પધાર્યા હતા.

સુરતના ૨૦૦ ઉપરાંત ધર્મકુળ પ્રેમી હરિભક્તોને ત્યાં પધરામણી કરીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી એ સૌનો વરસોનો સંકલ્પ પરિપૂર્ણ કરીને રૂડા આશીર્વાદ આપ્યા હતા. અહીંના હરિભક્તોએ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના નિર્માણ કાર્યમાં રૂપિયા પચીસ લાખ જેટલી રકમ પ.પૂ. મહારાજશ્રીને અર્પણ કરી હતી

પ.પૂ. મહારાજશ્રીની પધરામણી દરમ્યાન ૧૦૦ જેટલા શૂરવીર ભક્તો ભગુજીની જેમ મોટર સાયકલ અને મોટરકાર સાથે ખડે પગે સેવામાં રહ્યા હતા.

પ.પૂ. મોટા મહારાજશ્રીએ પ.ભ. નંદુભાઈ અમીચંદદાસ પટેલ (મોટપવાળા)ને ત્યાં રાંદેર વિસ્તારમાં સતત ત્રણ દિવસ રોકાઈને પ.ભ. નંદુભાઈ અને તેમના પરિવારને અલૌકિક લાભ આપ્યો હતો.

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી પ.ભ. ભગવાનજીભાઈ માધવજીભાઈ પરમારને ત્યાં ન્યુ સિવિલ વિસ્તારમાં ત્રણ દિવસ રોકાઈને આ હાલારી પરિવારને મહા લાભ આપ્યો હતો.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ત્રણ દિવસના પધરામણીના પ્રસંગમાં શ્રી નરનારાયણદેવ સત્સંગ મંડળ સુરતના પ.ભ. નંદુભાઈ કે. પટેલ, શ્રી ભગવાનજીભાઈ એમ. પરમાર, શ્રી દયાળજીભાઈ એમ. ટાંક, શ્રી મણીભાઈ શંકરભાઈ પટેલ આદિ અનેક નાના મોટા હરિભક્તોએ અવિરત સેવા બજાવીને શ્રી નરનારાયણદેવ અને લક્ષ્મીનારાયણદેવનો અતિ રાજીપો અને પ્રસન્નતા મેળવી હતી.

(શ્રી નરનારાયણદેવ સત્સંગ મંડળ સુરત)

શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં શ્રીમદ્ સત્સંગિભૂષણ સપ્તાહ

સર્વોપરિ શ્રીહરિની કૃપાથી અને શ્રીહરિના દિવ્ય કુળ ધર્મકુળ અને શ્રીહરિના અપર સ્વરૂપ પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પૂ. મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના સાથ સહકારથી સ.ગુ. શા.સ્વામી પરમેશ્વરદાસજી (પૂજારી રંગમહોલ)એ તેમના ગુરુ સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીની શિષ્ય પરંપરાના ૬ઠ્ઠા પેઢીના અ.નિ.સ.ગુ. સ્વામી માધવજીવનદાસજી ગુરુ સ.ગુ. સ્વામી ઘનશ્યામચરણદાસજીની પુણ્ય સ્મૃતિમાં શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં પ્રસાદીના સભા મંડપમાં તા. ૧૨-૪-૨૦૦૬ થી તા. ૧૮-૪-૨૦૦૬ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિભૂષણ સપ્તાહ પારાયણ સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિજીવનદાસજી (મહુન્દ્રાવાળા) અને શાસ્ત્રી સ્વામી શ્રીજીપ્રકાશદાસજી (હાથીજણ)એ પોતાના સુમધુર કંઠે કથામૃત પાન કરાવ્યું હતું. સંહિતા પાઠના વક્તા શા.સ્વા. શ્રીજીપ્રકાશદાસજી (સોકલી) રહ્યા હતા.

આ કથા પ્રસંગે મહંત સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી (ટોરડા) આદિ સંતમંડળે સુંદર સેવા બજાવી હતી.

પૂર્ણાહુતિના શુભ દિને શ્રીહરિના બન્ને અપરસ્વરૂપોના વરદ્ હસ્તે કથાની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. સ.ગુ. પૂજારી પરમેશ્વર સ્વામીએ ગુરુ પરંપરામાં મળેલ શ્રીહરિની અમૂલ્ય પ્રસાદીની વસ્તુ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ માટે પ.પૂ. મોટા મહારાજશ્રીને અર્પણ કરીને આશીર્વાદ મેળવ્યા હતા. સાતેય દિવસ સંત-વર્ણી-પાર્ષદોને રસોઈ અને ઠાકોરજીને થાળ કરવામાં આવ્યા હતા. પ્રાસંગિક સભામાં પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી, પૂ. મહંત સ્વામી, પૂ. પી.પી. સ્વામી આદિ વિદ્વાન સંત મંડળે પૂ. માધવજીવનદાસજી સ્વામીની સત્સંગની સેવા-સુવાસને બિરદાવી હતી. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

અમદાવાદ, સરઢવ, કટોસણ, માંડવણા, ગુલાબપુરા, દેવપુરા અને પંઢરપુર આદિ ગામોના હરિભક્તોએ આ પારાયણ પ્રસંગે સેવા-સહયોગ આપ્યો હતો.

(રઘુવીર સ્વામી)

જેતલપુર ધામમાં ૧૮૦મો પાટોત્સવ ઉજવાયો

સર્વોપરિ મહાન તીર્થભૂમિ જેતલપુર ધામમાં બિરાજમાન સંકલ્પ મૂર્તિ કર્તા સર્વોપરિ શ્રી રેવતીજી બળદેવજી હરિકૃષ્ણ મહારાજનો ૧૮૦મો પાટોત્સવ ધામધુમથી સંપન્ન થયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૧૭-૩-૦૬ થી ૨૩-૩-૦૬ પર્યન્ત શ્રીમદ્ ભાગવત સપ્તાહ શા. વ્રજવલ્લભદાસ તથા શાસ્ત્રી ભક્તિનંદનદાસના વક્તાપદે સંપન્ન થઈ હતી. ત્રિદિનાત્મક શ્રીહરિયાગ વેદ વિધિસર સંપન્ન થયેલ.

ફાગણ વદ-૮ના પ્રાતઃ શ્રીહરિના ૭મા વંશજ શ્રીહરિના અપર સ્વરૂપ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી

કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજનો ષોડશોપચાર વિધિથી મહાભિષેક સંપન્ન થયો હતો. ત્યારબાદ સભા મંડપમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ પ્રતિષ્ઠા અને અક્ષર મહોલ વાડીમાં પ્રાર્થના ખંડમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. કથાની પૂર્ણાહુતિ પૂ. મહારાજશ્રીએ આરતી ઉતારીને કરી હતી. પાટોત્સવના યજમાન પ.ભ. ચિમનભાઈ પરસોત્તમદાસ પટેલ (ભાતવાળા) ચિ. શ્રી નિરવભાઈ, શ્રી કલ્પેશભાઈ અને શ્રી અલ્કેશભાઈ વગેરે પરિવારે સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે અનેક ધામોના સંતો અને ગામોગામથી હરિભક્તોએ દર્શન કરી દિવ્ય લાભ લીધો હતો. પૂ. પી.પી. સ્વામી આદિ સંતોએ વિદ્વતાપૂર્ણ પ્રવચન કરેલ. છેલ્લે સમસ્ત સભાને પૂ. મહારાજશ્રીએ આશીર્વાદ આપ્યા હતા.

(મહંત કૃષ્ણપ્રકાશદાસ)

કાંકરિયા મંદિર બાલસ્વરૂપ કષ્ટભંજનદેવનો પાટોત્સવ ઉજવાયો

ચૈત્ર સુદ-૧૫ શ્રી હનુમાન જયંતીના કાંકરિયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બાલસ્વરૂપ કષ્ટભંજનદેવનો પાટોત્સવ એવં મારૂતિ યજ્ઞ પૂજારી દેવ સ્વામી અને કોઠારી આનંદ સ્વામીએ મહંત ગુરુપ્રસાદદાસજીના માર્ગદર્શનથી દાદાની અભિષેક વિધિ કરી હતી. સાંજે પ.પૂ. મોટા મહારાજશ્રીએ યજ્ઞની પૂર્ણાહુતિ પોતાના વરદ્ હસ્તે કરી હતી. યજમાનશ્રી જૈમિન પરીખને પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપી તેમની સેવાને બિરદાવી હતી. હરિભક્તોએ રાત્રે શ્રી હનુમાન ચાલીસાના સુંદર પાઠ કર્યા હતા. કષ્ટભંજન દેવ પાઠ મંડળને ચાર વર્ષ પૂર્ણ થતા સંતોએ આશીર્વાદ આપીને તેમને બળ પ્રેર્યું હતું.

(શ્રીનરનારાયણદેવ યુવક મંડળ, સાધુ સ્વયંપ્રકાશદાસ)

કર્મશક્તિ (નવા નરોડા) મંદિરનો ૭મો પાટોત્સવ ઉજવાયો

પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આશીર્વાદ સહ આજ્ઞાથી તા. ૨૧-૪-૦૬ના અત્રેના મંદિરમાં ઠાકોરજીનો પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધુમથી ઉજવાયો.આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૧૫-૪-૦૬ થી ૨૧-૪-૦૬ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિભૂષણ સપ્તાહ પારાયણ પૂ. મહંત શા.સ્વામી નિર્ગુણદાસજી તથા પૂ. શા.સ્વામી હરિજીવનદાસજીના વક્તાપદે સંપન્ન થઈ હતી. સમૂહ મહાપૂજા અને કથામાં આવતા જન્મોત્સવ ધામધુમથી ઉજવાયા. સાંસ્કૃતિક કાર્યક્રમ ૨ રાત્રી પર્યન્ત થયો હતો. સમસ્ત સભાને અને યજમાન પરિવાર પ.ભ. શૈલેષભાઈ પટેલને પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમસ્ત બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ અ.સૌ. ગાદીવાળાશ્રી પણ પધાર્યા હતા. અનેક હરિભક્તોએ આ પ્રસંગે વિવિધ સેવા કરીને લાભ લઈ કૃતાર્થ થયા હતા. પ.ભ. દાસભાઈના માર્ગ દર્શનથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળે ખડે પગે સેવા બજાવી હતી.

(ગોરધનભાઈ સીતાપરા)

શ્રી સ્વામિનારાયણ મંદિર ઉનાવા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ચૈત્ર સુદ-૯ના સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની ૨૨૫ મી જન્મ જયંતી-પ્રાકટ્યોત્સવના ઉપલક્ષમાં ઠાકોરજીને અભિષેક, મહાપૂજા, જનમંગલ, શિક્ષાપત્રી, વચનામૃતપાઠ, ૨૨૫ દિવાની રોશની કરી હતી. બાલિકાઓએ માથે કળશ લઈ શોભાયાત્રામાં જોડાઈ હતી. મહંત સ્વામી હરિવલ્લભદાસ અને મહેન્દ્ર ભગતે સુંદર આયોજન કર્યું હતું. *(શા. વ્રજવલ્લભદાસ)*

નવાગામ (જેતલપુરદેશ)માં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પ્રથમ આગમન

જેતલપુર શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના દેશમાં આવેલા નવાગામ શ્રી સ્વામિનારાયણ મંદિરના ૧૨૧માં પાટોત્સવ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા.

પ.પૂ. મહારાજશ્રીએ સૌ પ્રથમ ઠાકોરજીના પાટોત્સવની આરતી ઉતારીને દર્શનનો દિવ્ય લાભ આપ્યો હતો. દરેક હરિભક્તોના ઘેર પૂ. મહારાજશ્રીએ પધરામણી કરીને ઘરને તીર્થરૂપ બનાવ્યા હતા.

પ્રાસંગિક સભામાં મહંત સ્વામી આત્મપ્રકાશદાસજી, પૂ. પી.પી. સ્વામી અને શા. હરિઓમ સ્વામીએ પ્રસંગોચિત પ્રવચન કર્યા હતા. હરિભક્તોએ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પણ આર્થિક સેવા કરી હતી. છેલ્લે સૌને પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપ્યા હતા.

(કોઠારીશ્રી)

કોઠંબા (પંચમહાલ) મંદિરનો ૧૧મો પાટોત્સવ ઉજવાયો

ઝાડી દેશના ગુરુ કરશનદાસ સ્વામીએ પ્રાણ રેડીને સત્સંગની વાડી લીલા રાખી છે. દેવ-આચાર્ય પરત્વે અતૂટ નિષ્ઠા હશે તો કલ્યાણ ઢૂંકડુ છે. આવી સમજ સ્વામી હરિભક્તોને આપતા. આવા ઝાડી દેશના કોઠંબા શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવના ઉપલક્ષમાં તા. ૨૫-૩-૦૬ થી ૨૭-૩-૦૬ પર્યન્ત શ્રી પુરૂષોત્તમપ્રકાશ કાવ્યની પારાયણ પી.પી. સ્વામીના શિષ્ય મહંત શાસ્ત્રી ઈશ્વરજીવનદાસ (ધરિયાવદ) અને શા. ભક્તિનંદનદાસ (જેતલપુર)ના વક્તાપદે થઈ હતી. સમગ્ર ઉત્સવના યજમાન પ.ભ. પ્રભુદાસ રાયજીભાઈ પટેલ પરિવાર રહ્યા હતા.

તા. ૨૭-૩-૦૬ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે હરિભક્તોએ ખૂબજ ઉમળકાથી સામૈયું કરીને પૂ. મહારાજશ્રીને વધાવ્યા હતા.

ત્યાંથી સીધા મંદિરે પધારી શ્રીહરિકૃષ્ણ મહારાજનો વેદવિધિસર અભિષેક કરીને અન્નકૂટ આરતી ઉતારી હતી. ત્યારબાદ કથાની પૂર્ણાહુતિ કરી હતી. સભામાં સ્વામીના શિષ્ય સ્વામી માધવપ્રસાદદાસજી, હરિભક્તો, ટ્રસ્ટીઓ અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા હતા. જેતલપુર મંદિરથી પૂજારી શ્યામ સ્વામી, હરિઓમ સ્વામી અને અમદાવાદ થી સંતો પધાર્યા હતા. સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપ્યા હતા. *(શા. ભક્તિનંદનદાસ)*

ધરિયાવદ મંદિરમાં માગૃતિયજ્ઞ

સત્સંગમાં સાવ નવુંજ ગામ ધરિયાવદમાં શ્રી હનુમાનજી મહારાજના પ્રતાપે સત્સંગના બીજ રોપાયેલા અને ખૂબજ ટુંકા સમયમાં ભવ્ય પાંચ શિખરનું મંદિરનું નિર્માણ થયું.

અત્રે તા. ૧૩-૪-૦૬ના ચૈત્ર સુદ-૧૫ના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પી.પી. સ્વામી અને મહંત શા. ઈશ્વરજીવનદાસની પ્રેરણાથી આપણા મંદિરમાં માગૃતિયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હજારોની સંખ્યામાં હરિભક્તોએ દર્શનનો લાભ લઈ કૃતાર્થ થયા હતા. *(શા. ભક્તિનંદનદાસ)*

સાદરા મંદિરમાં પાટોત્સવ ઉજવાયો

ગાંધીનગર જિલ્લાના સાદરા ગામે આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને નારણઘાટના મહંત શા. ઘનશ્યામપ્રકાશદાસની પ્રેરણાથી ઠાકોરજીનો પાટોત્સવ ધામધુમથી ઉજવાયો હતો. મહાપૂજા વિધિ શા. વિજયપ્રકાશદાસે કરાવી હતી.

(શા. પૂર્ણપ્રકાશદાસ)

નવા વણઝર

અત્રે સરખેજ પાસેના નવા વણઝર ગામના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી સૌ હરિભક્તોએ સાથે મળી શ્રીહરિ જયંતીના ધૂન-ભજન કીર્તન અને રાત્રે પ્રાકટ્ય ઉત્સવ ઉજવ્યો હતો. શ્રી રાજુભાઈ (પેટ્રોલ પંપવાળા) શ્રી પ્રકાશભાઈ, શ્રી નિતીનભાઈ આદિ સૌ સેવામાં અગ્રેસર હતા.

(કોઠારી રમણભાઈ)

કઠલાલ મંદિરમાં દશાબ્દિ પાટોત્સવ ઉજવાયો

અત્રે કઠલાલ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૨૪-૩-૨૦૦૬ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો દશાબ્દિ પાટોત્સવ મહોત્સવ ખૂબજ ધામધુમથી ઉજવાયો હતો. હરિભક્તો એ સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન અર્ચન-આરતી કરી રૂડા આશીર્વાદ મેળવ્યા હતા. સમગ્ર આયોજન પૂ. શાસ્ત્રી પી.પી. સ્વામીના માર્ગદર્શન હેઠળ થયુ હતું.

(કોઠારી મહેશકુમાર)

નવાવાડજ શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તા. ૨૭-૩-૦૬ થી તા. ૨-૪-૦૬ પર્યન્ત શા. રામકૃષ્ણદાસજીના વક્તાપદે શ્રીહરિ ઐશ્વર્ય દર્શન પારાયણનું આયોજન કરવામાં આવેલ. તા. ૨-૪-૦૬ના રોજ પાટોત્સવ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. અને ઠાકોરજીની આરતી ઉતારીને સભામાં હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. અને ત્યારબાદ કથાની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. પ.ભ. પંકજભાઈ ભાવસાર (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ) પરિવારે યજમાન પદનો લાભ લઈ પ.પૂ. મહારાજશ્રીના આશીર્વાદ મેળવ્યા હતા.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ નવાવાડજ)

શ્રી નરનારાયણદેવ ધાર્મિક શિક્ષણ પરીક્ષાનું પરિણામ

અમદાવાદ શ્રી નરનારાયણદેવ ધાર્મિક શિક્ષણ વિભાગ દ્વારા તા. ૧૮-૧૨-૨૦૦૫ને રવિવારના રોજ ૨૨ કેન્દ્રોમાં લેવાયેલ ધાર્મિક પરીક્ષામાં ૨૧૫૦ સત્સંગી બાળકોએ ભાગ લીધો હતો. જેમાંથી ૧૨૪૦ બાળકો ઉતીર્ણ થયા છે.

૧. બાળ સત્સંગ : ૧. નયનકુમાર ભરતભાઈ પટેલ (અસારવા ગુરુકુળ) ૧૦૦ ગુણ. ૨. બ્રિજેશકુમાર જીતેન્દ્રભાઈ પટેલ (અસારવા ગુરુકુળ) ૧૦૦ ગુણ. ૩. હરદિપ હનુભાઈ પરમાર (એપ્રોચ બાપુનગર) ૯૬. ગુણ ૪. રવિકુમાર ચિનુભાઈ ચૌધરી (બાલવા) ૯૬ ગુણ. ૫. નિહારકુમાર આર. પડશાળ (મેધાણીનગર) ૯૬ ગુણ.

૨. કિશોર સત્સંગ : ૧. કિંજલકુમાર ભગવતભાઈ પટેલ (અસારવા ગુરુકુળ) ૧૦૦ ગુણ. ૨. જયકુમાર હસમુખભાઈ પટેલ (અસારવા ગુરુકુળ) ૧૦૦ ગુણ. ૩. વિજયકુમાર વિનોદભાઈ રાઠોડ (કોટેશ્વર ગુરુકુળ) ૯૯ ગુણ. ૪. હર્ષરાજ નરેન્દ્રસિંહ ડાભી (ડાંગરવા) ૯૮ ગુણ. ૫. ભવદીય ભરતભાઈ રાદડીયા (એપ્રોચ બાપુનગર) ૯૭ ગુણ.

૩. સત્સંગ પરિચય : ૧. ફાલ્ગુનીબેન એ. પટેલ (વિરાટનગર) ૯૯ ગુણ. ૨. નિરવકુમાર દિનેશભાઈ પટેલ (તાતા નગર) ૯૯ ગુણ. ૩. હાર્દિક વસંતભાઈ બાંધાણી (કોટેશ્વર ગુરુકુળ) ૯૮ ગુણ. ૪. નિરંજનકુમાર અશોકભાઈ દેસાઈ (અસારવા ગુરુકુળ) ૯૮ ગુણ. ૫. ઈલાબેન ડી. પટેલ (વિરાટનગર) ૯૭ ગુણ.

૪. સત્સંગ પ્રવિણ : ૧. અજયસિંહ વિક્રમસિંહ રાણા (કોટેશ્વર ગુરુકુળ) ૯૮ ગુણ. ૨. જિગ્નેશ મણીલાલ ચૌધરી (કોટેશ્વર ગુરુકુળ) ૯૮ ગુણ. ૩. જયકુમાર કાનજીભાઈ રાયકા (કોટેશ્વર

ગુરુકુળ) ૯૮ ગુણ. ૪. ચીરાયુકુમાર પી. દેવાણી (મેઘાણીનગર) ૯૭ ગુણ. ૫. હિતાંશુ રોહિતકુમાર ભટ્ટ (કોટેશ્વર ગુરુકુળ) ૯૧ ગુણ.

૫. સત્સંગ પારંગત : ૧. પ્રિયંકા પ્રવિણસિંહ ડાભી (ડાંગરવા) ૯૨ ગુણ. ૨. દેવેન્દ્રસિંહ દિલીપસિંહ ડાભી (ડાંગરવા) ૮૨ ગુણ. ૩. અશ્વિનકુમાર ગોવિંદભાઈ ગજજર (ડાંગરવા) ૮૨ ગુણ. ૪. જયદિપસિંહ ભાવસિંહ ડાભી (ડાંગરવા) ૭૭ ૫. જૈમિનીબેન જયેન્દ્રસિંહ પંડ્યા (ડાંગરવા) ૭૬ ગુણ.

ધાર્મિક પરીક્ષાના દરેક વિભાગના પ્રથમ પાંચ નંબરોને ઈનામ તથા પ્રમાણપત્ર તેમજ ધાર્મિક શિક્ષણ વિભાગના બધા જ સ્થાનિક કેન્દ્ર સંચાલિકોનું પ.પૂ. ભાવિ આચાર્ય લાલજીશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે ચૈત્ર સુદ-૯ શ્રીહરિ જયંતી તા. ૭-૪-૨૦૦૬ ને શુક્રવારના રોજ સાંજે ૪-૩૦ કલાકે સન્માન કરવામાં આવ્યું હતું.

(પ્રવિણભાઈ ટી. પટેલ)

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

સુરેન્દ્રનગર શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને મહંત સ્વામી પ્રેમજીવનદાસજીના માર્ગદર્શનથી ચૈત્રસુદ-૯ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ ધામધુમથી ઉજવ્યો હતો.

આ પ્રસંગે તા. ૫-૪-૦૬ થી ૭-૪-૦૬ દરમ્યાન શ્રીમદ્ સત્સંગિજીવન પૂર્વાધની કથા શા. સત્યસ્વરૂપદાસના વક્તાપદે થઈ હતી. ચૈત્ર સુદ-૯ પ્રાતઃ ઠાકોરજીને કેશર સ્નાન તેમજ સમૂહ હોમાત્મક મહાપૂજા અને ૧૨ કલાકની અખંડ ધૂન તેમજ શહેરમાં ભવ્ય શોભાયાત્રા અને રાત્રે ૧૦-૧૦ પ્રાકટ્યોત્સવ આરતી વગેરે પ્રસંગો ધામધુમથી સંપન્ન થયા હતા. ચૈત્ર સુદ-૧૦ના સત્સંગ સભા અને સમૂહ મહાપ્રસાદનું આયોજન કરેલ.

સમગ્ર પ્રસંગનું સંચાલન સ્વામી પ્રેમવલ્લભદાસજીના માર્ગદર્શનથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળે કર્યું હતું.

(શૈલેન્દ્રસિંહ ઝાલા)

ધ્રાંગધ્રામાં શ્રીજી મહારાજનો પ્રત્યક્ષ પરચો

મેથાણ ગામથી ભાગ્યે જ કોઈ અજાણ હોય. કારણ અહીં શ્રીજી મહારાજ અઢાર વાર પધારેલા છે. અહીં મહારાજનું વરદાન છે કે મારા આશ્રિતોને જમનું તેડું નહીં આવે. જે આજે પણ જોવા મળે છે. અહીં મહારાજના અતિ કૃપા પાત્ર દરબાર કાકજી ભાઈ તથા પૂંજાજીની ૬ઠ્ઠી પેઢીનો પરિવાર ધ્રાંગધ્રામાં સ્થાયી થઈ પ્રભુનું ભજન-સ્મરણ કરે છે. અ.નિ. જાલુભા દરબાના ધર્મપત્નિ ખુશમનબા (૮૫ વર્ષ) તા. ૧૦-૩-૦૬ અગિયારસે બપોરે ૧-૧૦ જ્યારે અક્ષરનિવાસી થયા ત્યારે ત્યાં ઓરડામાં શ્રીજી મહારાજની મૂર્તિમાંથી તેજ તેજ નો પ્રવાહ આખા ઓરડામાં ફેલાઈ ગયો. જ્યાં ઉપસ્થિત અનેક બહેનો અને ભાઈઓએ પ્રત્યક્ષ જોયો - અનુભવ્યો. એ સમયે ત્યાં લાઈટ બંધ હતી તેથી સંપૂર્ણ ખાત્રી બાદ જ સૌને ખ્યાલ આવ્યો કે પ્રત્યક્ષ સર્વોપરિ શ્રીજી મહારાજે આવીને ખુશમનબાને તેડી ગયા અને સૌને તેમની પ્રતિતિ બતાવતા ગયા. ખરેખર આ હળાહળ કળિયુગમાં ભગવાન પોતાના ભક્તોને આ રીતે દાખલો બેસાડીને તેડી જાય છે એ તો ધર્મવંશી આચાર્યશ્રી અને દેવના થયા હોય તેવા માટે આ બધું સ્વયં ભગવાન કરીને બતાવે છે. આ ખુશમનબા કુંશળકુંવરબાના ધરમપુર ગામના હતા. એટલે તેમાં શું બાકી હોય. *(અનીલભાઈ દુધરેજીયા)*

વહેલાલ મંદિર

પ.પૂ. મોટા મહારાજશ્રીના ૬૩ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે સત્સંગી બાળકોએ અડધી કલાક શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરીને પોતાના પ્રાણ પ્યારા પ.પૂ. મોટા મહારાજશ્રીના અંતરના આશીર્વાદ મેળવ્યા હતા.

(ગોરધનભાઈ સીતાપરા)

અયોધ્યા શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે અયોધ્યા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ચૈત્ર સુદ-૮ બુધવાર તા. ૫-૪-૦૬ના રોજ બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજની અયોધ્યા લીલા ચરિત્ર કથા પુરાણી સ્વામી વેદાન્ત સ્વરૂપદાસ ગુરુ પુરાણી સ્વામી જ્ઞાનજીવનદસાજી (નાસિકવાળા)એ સુંદર રીતે કરીને યજમાન પરિવાર પૂજારી કાનજી વાલજી ભૂડીયા તેમજ પુત્રો કરશનભાઈ કાનજી પરિવાર (સુખપર કચ્છ) દિવ્ય લાભ લઈ કૃતાર્થ થયા હતા.

(મહંત સ્વામી અક્ષરપ્રકાશદાસ)

કંજરીકંપા શ્રી સ્વામિનારાયણ મંદિરનો પાટોત્સવ ઉજવાયો

સાબરકાંઠાના કંજરીકંપા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૨૨-૩-૦૬ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી કલોલ ના સ્વામી હરિચરણદાસજી, સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામીદેવપ્રકાશદાસજી અને નાના પી.પી. સ્વામીએ પધારીને કથા-વાર્તા ધૂન ભજન અને ઠાકોરજીના પાટોત્સવની આરતી ઉતારીને હરિભક્તોને ખૂબજ સુંદર લાભ આપ્યો હતો. મહાપૂજા વિધિ સ્વામી સૂર્યપ્રકાશદાસજીએ કરાવી હતી. આજુબાજુના સીમરીકંપા, અલવા કંપા આદિ ગામના હરિભક્તોએ દર્શન અને પ્રસાદનો લાભ લીધો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ફોન દ્વારા આશીર્વાદ પાઠવ્યા હતા.

(કોઠારી ડાહ્યાભાઈ)

વિદેશ સત્સંગ સમાચાર

શ્રી સ્વામિનારાયણ મંદિર ન્યુજર્સી (U.S.A.)

પ.પૂ.ધ.ધુ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તા. ૮ એપ્રિલ ૨૦૦૬ના

ચૈત્ર સુદ-૯ના રોજ ઈષ્ટદેવ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો ૨૨૫મો જન્મ જયંતી મહોત્સવ શા. સ્વામી માધવપ્રસાદદાસજી અને હરિભક્તો એ સાથે મળી ઉજવ્યો હતો.

પ્રાતઃ ૧૧ થી ૩ સુધી શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરવામાં આવી હતી. બપોરના અનેક વિધ વાનગીઓનો અન્નકૂટ ભગવાનને ધરાવવામાં આવ્યો હતો. સાથે ભજન કીર્તન અને ધૂનની રમઝટ ચાલતી હતી. સાંજે ૩ થી ૮ મેડીકલ કેમ્પમાં I.S.S.O. 'સેવા' સંસ્થાએ 'બોન મેરો' કાર્યક્રમ યોજેલ. જેનો લાભ ઘણા હરિભક્તોએ લીધો હતો. માધવપ્રસાદ સ્વામીએ રામનવમી ઉત્સવનું સુંદર પ્રવચન કર્યું હતું. હરિભક્તો એ પ્રસાદીની વસ્તુના દર્શન કરી ભાવ વિભોર થઈ ગયા હતા. શ્રી નરનારાયણદેવ યુવક મંડળની બાલિકાઓએ સુંદર નંદ સંતોના રાસ-ગરબા કર્યા હતા. બાળકોએ જનમંગલના ૧૦૮ શ્લોક બોલ્યા હતા. ૨૫૧ યજમાન હરિભક્તોએ વ્યક્તિ દીઠ આરતી સમૂહમાં કરી હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગની પ્રવૃત્તિ અતિ સુંદર ચાલે છે.

(પ્રહલાદભાઈ વી. પટેલ)

શિકાગો શ્રી સ્વામિનારાયણ મંદિર
શ્રી નરનારાયણદેવ જયંતી

આપણા શિકાગો શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને મહંત શા. ધર્મવલ્લભદાસજીની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ જયંતી - ફૂલદોલોત્સવ ધામધુમથી ઉજવ્યો હતો. ઠાકોરજીનું સિંહાસન રંગબેરંગી સુંદર ફુલોથી શણગારવામાં આવ્યું હતું. સ્વામીએ શ્રી નરનારાયણદેવનો મહિમા અને હરિભક્તોએ ફુલદોલોત્સવ ના કીર્તન રાગમાં ગાયા હતા. વચનામૃત પ્ર.પ્ર. ૪૮ નિત્યે વાંચવા હરિભક્તોને સૂચન કર્યું હતું. અમદાવાદ મંદિરમાં બિરાજમાન સર્વોપરિ શ્રી નરનારાયણદેવનો અડગ આશરો અને નિશ્ચય રાખવા ઉપર સ્વામીએ ખાસ સૂચન કર્યું હતું. પ્રમુખશ્રી પ.ભ. જગદીશભાઈએ બોસ્ટન મંદિર પ્રતિષ્ઠાની જાહેરાત કરી હતી. આ પ્રસંગે મોટા ભગત, નાના ભગત ધીરૂભાઈ ભૂંગળીયા, નરેશ ગાંધી, ઠાકોરભાઈ અને વિષ્ણુભાઈએ સેવા કરી હતી.

સર્વાવતારીશ્રીહરિનો ૨૨૫મો
પ્રાકટ્યોત્સવ ઉજવાયો

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના ૨૨૫માં પ્રાકટ્યોત્સવના ઉપલક્ષમાં તા. ૧-૪-૦૬ થી ૮-૪-૦૬ પર્યન્ત સ.ગુ. ભૂમાનંદ સ્વામી રચિત શ્રી ઘનશ્યામ લીલામૃતસાગરની કથા શા. સ્વામી ધર્મવલ્લભદાસજીએ પોતાની સુમધુર ભાષામાં કરી હતી. તા. ૭-૪-૦૬ના સાંજે શ્રી દિનેશભાઈ જોશી દ્વારા મહાપૂજાનો દિવ્ય લાભ ઘણા હરિભક્તોએ લીધો હતો. ૨૨૫ હરિભક્તોએ સમૂહમાં આરતીનો લાભ લીધો હતો. કથાના યજમાન શ્રીહરિકૃષ્ણભાઈ અને અમરીષભાઈ રહ્યા હતા અને અન્નકૂટ આરતીના યજમાન કમલેશભાઈ શેઠ અને પ્રાકટ્યોત્સવની આરતીના યજમાન શ્રી વિષ્ણુભાઈ (સોલાવાળા) તથા વિશાલ રહ્યા હતા. પૂજારી સ્વામીએ સુંદર શણગાર ધરાવ્યા હતા. આ પ્રસંગમાં અનેક નામી - અનામી હરિભક્તોની સેવા પ્રસંશનીય હતી. તેમાં મહિલા મંડળે તો અદ્‌ભૂત સેવા કરી હતી. 'શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ'ની સેવા ઘણા હરિભક્તોએ નોંધાવી હતી. છેલ્લે મહંત સ્વામીએ અને પ્રમુખશ્રી જગદીશભાઈએ યજમાનોનું સ્વાગત કર્યું હતું.

(વસંતભાઈ ત્રિવેદી અને વિષ્ણુભાઈ)

કોલોનીયા (U.S.A.)
શ્રી સ્વામિનારાયણ મંદિર

કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે આપણા દરેક ઉત્સવો ખૂબજ ધામધુમથી ઉજવાય છે. અહીંના મહંત સ્વામી દેવપ્રસાદદાસજી ખૂબજ રસ લઈ હરિભક્તોને પ્રોત્સાહિત કરે છે.

તા. ૧૯-૩-૦૬ રવિવાર સાંજે ૪ થી ૮ શ્રી નરનારાયણદેવ જયંતી ફુલદોલોત્સવ ધામધુમથી ઉજવાયો હતો. બોસ્ટન મંદિરના મહંત સ્વામી હરિકૃષ્ણદાસ અને ન્યુજર્સીના મહંત સ્વામી માધવપ્રિયદાસ સ્વામીએ શ્રી નરનારાયણદેવનું માહાત્મ્ય સુંદર રીતે સમજાવ્યું હતું. ૨૬મી માર્ચ પાપ મોચની એકાદશીના સત્સંગ સભાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. દેવ સ્વામી અને હરિભક્તોએ કથાવાર્તા-કીર્તન આદિ કર્યા હતા. સેવા સંસ્થા દ્વારા મેડિકલ કેમ્પમાં ઘણા હરિભક્તોને ડૉ. હેમેન્દ્રભાઈ પટેલ, ડૉ. જસ્મિના ચોકસી, ડૉ. ચિરાગ પટેલ, પલકુ પટેલ અને ધર્મિષ્ઠા પટેલે ઉમદા સેવા આપી હતી. દેવ સ્વામીએ એકાદશીનું માહાત્મ્ય સમજાવ્યું હતું. પ્રમુખશ્રી નયનભાઈ પરીખે મહંત સ્વામી સાથે રહીને મહેમાનોનું સન્માન કર્યું હતું.

આજે ડૉ. કીરીટભાઈ પટેલના માતુશ્રીના અક્ષરવાસ નિમિત્ત સૌએ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરી હતી.

શ્રીહરિ પ્રાકટ્યોત્સવ ચૈત્ર સુદ-૯ના બપોરે ૧૨-૦૦ શ્રી રામચંદ્ર ભગવાનની આરતી કરીને જન્મોત્સવ ઉજવવામાં આવ્યો હતો. પ.ભ. ઉપેન્દ્ર શાહના પરિવારે પૂ. દેવ સ્વામી અને જેતલપુરના સ્વા. વિશ્વપ્રકાશદાસના માર્ગ દર્શનથી રંગબેરંગી ફૂલોનું સુંદર જન્મ સ્થાન તૈયાર કરી દર્શનાર્થે મૂક્યું હતું. આજે ૨૨૫મી જન્મ જયંતી નિમિત્તે ૨૨૫ મિનિટની ધૂન યોજવામાં આવી હતી. પૂ. દેવ સ્વામીએ બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજના લીલા ચિત્રની સુંદર કથા કરી હતી. આજના સમગ્ર ઉત્સવના યજમાન પ.ભ.

રમેશભાઈ પટેલ પરિવાર રહ્યા હતા. રાત્રે ૧૦-૧૦ શ્રીહરિ પ્રાકટ્યની આરતીના દર્શને હજારો ભક્તજનો ઉમટ્યા હતા.

તા. ૭, ૮ અને ૯ એપ્રિલના આપણા મંદિરમાં રામનવમી નિમિત્તે સત્સંગ સભાનું ભવ્ય આયોજન થયું હતું. સંતો અને હરિભક્તોએ શ્રીજી મહારાજનો સર્વોપરિ મહિમા અને ધર્મકુળ માહાત્મય દેવ સ્વામીએ સચોટ રીતે સમજાવેલ. પૂ. દેવ સ્વામીની પ્રેરણાથી ઠાકોરજીને ૨૦ હજાર ડોલરની નોટની ઉછવણી બોલાઈ હતી.

૨ જી એપ્રિલના મંદિરમાં સત્સંગ સભામાં પૂ. મહંત દેવ સ્વામી અને વિહોકન મંદિરના મહંત સ્વામી માધવ સ્વામીએ ભગવાનને કેવી રીતે ભજવા અને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીની અક્ષરઃસહ આજ્ઞા ખંટકો રાખીને પાળવી તો જ આપણું શ્રેય અને કલ્યાણ થાય. આજના યજમાન પ.ભ. રતીલાલ શાહનું સ્વામીએ સન્માન કર્યું હતું.

આમ અત્રે મંદિરમાં દરેક ઉત્સવો ધામધુમથી ઉજવાયા હતા.

(પ્રવિણભાઈ શાહ)

શ્રી સ્વામિનારાયણ મંદિર એલ. એ. (U.S.A.)

આપણા L.A. શ્રી સ્વામિનારાયણ મંદિરમા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રીહરિજયંતી - રામનવમીના ૨૨૫ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે મહંત સ્વામી કેશવચરણદાસજીની પ્રેરણાથી અને ટ્રસ્ટ કમિટીના આયોજનથી તા. ૭-૪-૦૬ થી ૯-૪-૦૬ પર્યન્ત શ્રી સત્સંગિ ભૂષણ ગ્રંથની કથા સ્વામી ઘનશ્યામદાસના વક્તાપદે થઈ હતી. બપોરે ૧૨-૦૦ શ્રી રામચંદ્રજી ભગવાનનો પ્રાકટ્યોત્સવ અને રાત્રે ૧૦-૧૦ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો પ્રાકટ્યોત્સવ ધામધુમથી ઉજવ્યો હતો. ૨૨૫ મિનિટની ધૂનનું પણ સુંદર આયોજન થયું હતું. યજમાનોને સત્સંગિભૂષણ ગ્રંથ ભેટ રૂપે આપવામાં આવેલ. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ સુંદર ચાલે છે.

(નટુભાઈ પટેલ પ્રમુખશ્રી)

શ્રી સ્વામિનારાયણ મંદિર સીડની (ઓસ્ટ્રેલીયા)

પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની કૃપા આશિષથી અહીંયા સત્સંગની પ્રવૃત્તિ વિશેષ ચાલી રહી છે.

શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા સત્સંગની પ્રવૃત્તિ સરસ થાય છે.

પ.ભ. અંજલેશ પટેલ તથા શ્રી વ્રજ મારુ મંદિરમાં પ્રવચનની સેવા બજાવે છે. શ્રી સુરેશ પટેલ તથા શ્રી ધર્મેશ વડોદરીયા વેબ સાઈટ તથા ડેટાબેજ ની સેવા બજાવે છે. શ્રી પંકિત, શ્રી ઘનશ્યામ પટેલ મંદિરની લાયબ્રેરીનું કામકાજ સંભાળે છે. શ્રી તેજસ પટેલ, શ્રી ભાવિન દહીયા, મંદિરમાં સભા સંચાલનની કાર્યવાહી કરે છે. શ્રી મહેન્દ્ર, રજનીકાંત અને બોબી વગેરે ભજન-કીર્તનની કામગીરી સંભાળે છે.

સત્સંગ સભા

તા. ૧૨-૩-૦૬ સભા પ.ભ. રયજીભાઈ દહીયા, તા. ૧૯-૩-૦૬ પ.ભ. સૂરજ ખીમજીભાઈ વાઘજીયાણી તરફથી સભા થઈ હતી. તા. ૨૬-૩-૦૬ એકાદશીના સવારે ૧૦ થી સાંજના ૪-૦૦ પર્યન્ત શ્રી સ્વામિનારાયણ મહામંત્ર લેખનનું આયોજન થયુ હતું. જનમંગલ પાઠની સમૂહ પારાયણ કરવામાં આવી હતી. આજની સભા શ્રી વ્રજ મારુ તરફથી થઈ હતી. આમ સીડની મંદિરમાં સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું ભજન-સ્મરણ હરિભક્તો સૌ સાથે મળી કરે છે.

(તેજસ બી. પટેલ)

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૬ ૩૦૦-૦૦	સ.ગુ. મહંત સ્વામી શ્રીહરિસેવાદાસજી ગુરુ સ.ગુ. સ્વામી જીષ્ણુચરણદાસજી (મૂળીવાળા-વડનગર મહંતશ્રી) શ્રીહરિના અપર સ્વરૂપ પ.પૂ.શ્રી મોટા મહારાજશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ૬૩મા પ્રાકટ્યોત્સવ પ્રસંગે (શ્રી સ્વામિનારાયણ અંકમાં આજીવન સભ્યોને આજના શુભ દિને સૌજન્ય ભેટ સાથે) શિષ્ય મંડળ શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી, કોઠારી શાસ્ત્રી સ્વામી વિશ્વપ્રકાશદાસજી અને પૂજારી સ્વામી અભિષેકપ્રસાદદાસ આદિ શિષ્ય મંડળ.	
૧૦૧-૦૦	શ્રી જયેશભાઈ ઠક્કર જન્મ દિવસ નિમિત્તે	
૧૫૧-૦૦	હિંમતનગર મંદિર બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજના ચરણકમળ સમીપથી એક હરિભક્ત	
૧૫૧-૦૦	શ્રી ધર્મેશ સુરેશચંદ્ર કાચા શિક્ષણ સહાયકની નોકરી મળવા નિમિત્તે	મોરબી
૧૧૧-૦૦	શ્રી જયંતીભાઈ મણીભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ચલોડા
૧૦૧-૦૦	શ્રી દેવાશ્રયીબેન કાંતિભાઈ પટેલ બેંગકોકના વીઝા મળ્યા તે નિમિત્તે	વિંછણ
૧૦૧-૦૦	શ્રી પરસોત્તમભાઈ ગોવિંદભાઈ રાઠોડ અરવિંદકુમારે નવું મકાન લીધું તે નિમિત્તે	વ્યારા
૧૦૧-૦૦	શ્રી નિર્મળકુમાર વિઠ્ઠલભાઈ વેકરીયા નવું બજાજ પલ્સર લાવ્યા તે નિમિત્તે	ગાંધીનગર
૧૫૧-૦૦	શ્રી બિરેન જર્નાદનભાઈ દેસાઈને ત્યાં બેબીના જન્મ પ્રસંગે	સીડની
૧૦૧-૦૦	શ્રી ગોવિંદભાઈ જે. ચાવડા શ્રીજી પ્રસન્નાર્થે	બળોલ-ભાલ

૫૫૧-૦૦	શ્રી રાજેશકુમાર ઈશ્વરલાલ પિત્રોડા નવી મારૂતિ ૮૦૦ એ.સી. ગાડી લાવ્યા તે નિમિત્તે	જુનાવાડજ-અમદાવાદ
૧૨૫-૦૦	શ્રી ભાણજીભાઈ શિવાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	જુનાદેવળીયા
૧૨૫-૦૦	શ્રી ડાહ્યાભાઈ દેવજીભાઈ કૈલા શ્રીજી પ્રસન્નાર્થે	વેજલપુર
૨૫૧-૦૦	અ.નિ. શ્રી ડાહ્યાભાઈ અંબાલાલ પટેલ (માજી ટ્રસ્ટી વડુ) તા. ૨૮-૩-૦૬ના સ્મરણાર્થે (હ. શ્રી નટવરભાઈ)	વિહાર
૧૦૧-૦૦	શ્રી મંગળભાઈ જીવીદાસ પટેલ પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે	ટોરેન્ટો - કેનેડા
૧૫૧-૦૦	શ્રી પૃથ્વીશકુમાર નરેન્દ્રભાઈ અમીન ચિ. શિવના જન્મદિન પ્રસંગે (તા. ૧-૫-૦૬)	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી ઠાકોરભાઈ કાશીભાઈ અમીન નવું એકટીવા લીધું તે નિમિત્તે	
૧૦૦-૦૦	શ્રી જીજ્ઞેશકુમાર અરવિંદભાઈ પટેલ જન્મ દિન પ્રસંગે	મોરબી
૧૦૧-૦૦	શ્રી બહાદુરસિંહ છનુભા ઝાલા પંચાસર શ્રીજી પ્રસન્નાર્થે	
૧૨૫-૦૦	શ્રી હરજીભાઈ નાનજી હાલાઈ દુબઈથી આવી શ્રી નરનારાયણદેવના દર્શન કર્યા તે નિમિત્તે	કેરા-કચ્છ (હાલ લંડન)
૨૦૧-૦૦	શ્રી કેશરબેન લાલજીભાઈ ગામી જન્મ દિવસ પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી લાલજીભાઈ દેવદાસ ગોહીલ અને હંસાબેન ગોહિલ રામનવમી જન્મ દિન પ્રસંગે	કનીપુરવાળા
૨૫૧-૦૦	શ્રી કિંજલબેન મનુભાઈ પટેલ દાંતના ડૉકટર (બી.ડી.એસ.) બન્યા તે નિમિત્તે	ટોરડાવાળા
૧૦૦-૦૦	ઘનશ્યામ જ્વેલર્સ તેમના પિતાશ્રીની પુણ્ય તિથિ નિમિત્તે	બળોલવાળા
૧૦૧-૦૦	શ્રી રાજેશભાઈ હરિભાઈ ખેર આલ્ટો ગાડી લાવ્યા તે નિમિત્તે	બળોલ-ભાલ
૧૦૧-૦૦	શ્રી ઘનશ્યામભાઈ શાંતિભાઈ ચિ. નિત્યરાજના જન્મદિન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી હરેશભાઈ રણછોડભાઈ વેકરીયા પુત્ર જન્મ પ્રસંગે	કાલીયાણા
૧૦૦-૦૦	શ્રી વિધિબેન જયેશકુમાર મોરી જન્મદિન નિમિત્તે	નવાવાડજ
૧૦૧-૦૦	અ.નિ. રમણલાલ મોહનલાલ ભાવસારના સ્મરણાર્થે હા. શ્રી પંકજભાઈ ભાવસાર	સોજા
૧૦૧-૦૦	શ્રી ભૂમિકાબેન ભગવાનદાસ ભોળીદાસ જન્મદિન અને ધો.૧૦ની પરીક્ષા આપી તે નિમિત્તે	ઘૂળકોટ
૧૦૧-૦૦	શ્રી તુલસીભાઈ હરજીભાઈ રાઠોડ ચિ. તારાગૌરી અને કંચનગૌરીના લગ્ન પ્રસંગે	મુંબઈ
૧૦૧-૦૦	શ્રી ચિમનલાલ મણીલાલ કાછીયા શ્રીજી પ્રસન્નાર્થે	સોખડા (વિજાપુર)
૧૦૦-૦૦	શ્રી અમૃતભાઈ કચરાભાઈ પટેલ ચિ. અનીલના લગ્ન પ્રસંગે	દહેગામ
૧૦૧-૦૦	શ્રી હસમુખભાઈ કાંતિભાઈ પટેલ નવી દુકાન ચાલુ કરી તે નિમિત્તે	ગાંધીનગર
૨૫૧-૦૦	શ્રી સેજલ રિતેશકુમાર રતીલાલ બેંગ્લોરમાં જોબ મળી તે નિમિત્તે	મોરબી
૧૦૧-૦૦	શ્રી સુરેશભાઈ આર. વિડજા ચિ. વિશ્વાબેનના ૪થા વર્ષમાં પ્રવેશ નિમિત્તે	મોરબી
૧૦૧-૦૦	શ્રી મુક્તાબેન નવિનભાઈ ખંધડા ચિ. નિલેશભાઈની સગાઈ નિમિત્તે	લીલાપુર
૫૦૦-૦૦	શ્રી જગજીવન ઝવેરભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	જયદેવપુરા
૧૦૦-૦૦	શ્રી ચંદ્રિકાબેન કાનજીભાઈ પટેલ P.T.C.માં ૮૧ ટકા આવ્યા તે નિમિત્તે	કુકરવાડા
૧૦૧-૦૦	શ્રી સંજયકુમાર દશરથલાલ ચિ. નિસર્જ ની બાબરી નિમિત્તે	ચાંદલોડીયા
૧૫૧-૦૦	શ્રી મહેશભાઈ માવજીભાઈ રાઠોડ નવું મકાન લીધું તે નિમિત્તે	લક્ષ્મણપુરા
૧૦૦-૦૦	શ્રી રામાભાઈ પૂંજાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ડેમાઈ
૧૦૦-૦૦	શ્રી કમલેશકુમાર તથા જયેશકુમારના બાબાની જેમ નિમિત્તે	ડેમાઈ
૧૦૧-૦૦	શ્રી ગીરીશભાઈ હીરાભાઈ પટેલ મારૂતિ ઝેનને ૧ વર્ષ થયું તે નિમિત્તે	વહેલાલ
૧૦૦-૦૦	શ્રી અંકિત વિક્રમભાઈ પટેલ શ્રીહરિ જયંતી સમૈયા પ્રસંગે	અડાલજ
૧૦૧-૦૦	શ્રી શિલ્પાબેન કમલેશભાઈ પટેલ ગાડી લાવ્યા તે નિમિત્તે	ડેમાઈ
૧૦૧-૦૦	શ્રી રાજેશકુમાર હીરાભાઈ ચિ. જેમિકના પ્રથમ જન્મદિન નિમિત્તે	અમદાવાદ
૧૦૫-૦૦	શ્રી મોહનલાલ નરોત્તમદાસ પ્રજાપતિ ૭૫ વર્ષ પુરા થયા તે નિમિત્તે	પોર
૫૦૧-૦૦	શ્રી રાજુભાઈ રમણભાઈ પટેલ શ્રીહરિ જયંતી સમૈયા પ્રસંગે	ગોઠીબ
૧૦૧-૦૦	શ્રી વાડીલાલ મનજીભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી નવદિપસિંહ કૌશિકભાઈ ચાવડા ૪ એપ્રિલ જન્મદિવસ નિમિત્તે	(મેડાવાળા)
૫૦૧-૦૦	શ્રી કુંદનબેન દીક્ષા લીધી તે નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	કેનેડા ટોરેન્ટો
૧૧૧-૦૦	શ્રી કિન્સી નીતા જીતેન્દ્ર પંચાલ ૧૨મી વર્ષગાંઠ પ્રસંગે	ડુમાણા
૧૦૧-૦૦	શ્રી ગેમરભાઈ ગણેશભાઈ કટારીયા શ્રી નરનારાયણદેવે સુખી કર્યા તે નિમિત્તે	

૧૦૧-૦૦	શ્રી કાંતિલાલ એચ. ચૌહાણ ચિ. હિરેન અને જતીન ને નોકરી મળવા નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી મુકેશભાઈ બકુભાઈ પરમાર અમરનાથ કો.ઓ. બેંકમાં જોબ મળી તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી બાબુભાઈ શામળભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	નરોડા
૧૦૧-૦૦	શ્રી જૈમિન નવનીતભાઈ મોદી બાઈક મળ્યું તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી રણછોડભાઈ એમ. બૂટિયા નવું બાઈક (ટુવ્હીલર) છોડાવ્યું તે નિમિત્તે (હા. દર્શન)	બળોલ-ભાલ
૧૦૦-૦૦	શ્રી બચુભાઈ એચ. અમીન મોતીયો ઉતરાવ્યો તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી શનિ ચંદ્રપ્રકાશ પટેલ ઓસ્ટ્રેલીયાના વીઝા મળ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી મીનાબેન એમ. પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૦-૦૦	શ્રી ચંદુભાઈ મંગળદાસ પટેલ નવાગામ (જેતલપુરદેશ) પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની પધરામણી નિમિત્તે	
૧૦૧-૦૦	શ્રી જિજ્ઞાસાબેન હર્ષદભાઈ પટેલ પગાર સ્કેલ મુજબ થયો તે નિમિત્તે	નાંદોલ
૧૦૧-૦૦	શ્રી હરિભાઈ નાથાભાઈ પટેલ નવો ટેલીફોન લીધો તે નિમિત્તે	નાંદોલ
૧૦૧-૦૦	શ્રી કુશલ-ડિમ્પલ પટેલ જન્મદિન નિમિત્તે	અમેરિકા
૧૦૧-૦૦	શ્રી ઈસિકાબેન અશ્વિનકુમાર સુથાર જન્મદિન પ્રસંગે	ઈટાદરા
૧૦૧-૦૦	શ્રી રિન્કુબેન દિનેશભાઈ પટેલ તા. ૧૧-૫-૦૬ શુભ લગ્ન પ્રસંગે	અમદાવાદ
૧૫૦-૦૦	શ્રી રાજેશભાઈ ભલાભાઈ પટેલ ચિ. કુંજની બાબરી નિમિત્તે	કુબડથલ
૧૦૧-૦૦	શ્રી ચેતનકુમાર અને ફાલ્ગુની સુથાર સગાઈ પ્રસંગે	બાકલપુર (વિસનગર)
૧૦૧-૦૦	શ્રી સંદિપકુમાર પોપટલાલ પટેલ વાપીમાં નવું મકાન લીધું તે નિમિત્તે	ધમાસણા
૧૦૧-૦૦	શ્રી કાંતિભાઈ રામાભાઈ પટેલ તેમના ધર્મપત્નિ કાશીબાનું સ્વાસ્થ્ય સારું થયું તે નિમિત્તે	સોનાસણ
૧૦૦-૦૦	શ્રી રમીલાબેન નટુભાઈ પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	વક્તાપુર
૧૦૧-૦૦	શ્રી રુદ્ર ત્રિવેદી શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૧૧-૦૦	શ્રી દિનેશભાઈ મંગળદાસ પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	વિહાર
૧૦૧-૦૦	શ્રી અશોકભાઈ સોમદાસ પટેલ નવો બંગલો લીધો તે નિમિત્તે	ડિંગુચાવાળા
૧૦૧-૦૦	શ્રી મમતાબેન નિતિનકુમાર વાલાણી પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ૬૩માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે	લંડન
૧૦૧-૦૦	શ્રી પ્રવિણચંદ્ર કેશવલાલ શાહ પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ૬૩માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી દિનેશભાઈ ભૂલાભાઈ પટેલ પુણ્યતિથિ નિમિત્તે	કનીપુર
૧૫૧-૦૦	શ્રી સુનીલભાઈ રમેશભાઈ પટેલ ચિ. ક્રિષાના જન્મની ખુશાલી પ્રસંગે	જ્યોર્જીયા (કોઠાવાળા)
૧૦૦-૦૦	શ્રી નિલેશ દયાળજીભાઈ મોતીભાઈ ટાંક સુરતમાં પ.પૂ. મોટા મહારાજશ્રીની પધરામણી નિમિત્તે	જીરાગઢવાળા
૧૦૧-૦૦	શ્રી જયાબેન રમેશભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	મુંબઈ
૧૧૧-૦૦	શ્રી દિપકભાઈ બુધાભાઈ ડાભી ચિ. હેતલબેનના લગ્ન પ્રસંગે	સિંઘાલી
૧૦૧-૦૦	શ્રી મહેશ રતીલાલ જાકાસણીયા શુભ લગ્ન પ્રસંગે	જુના ઘાટીલા
૧૦૧-૦૦	શ્રી રતીલાલ અમરશી પટેલ જીરૂ નં. ૪ સારુ થયું તે નિમિત્તે	જુનાદેવળીયા
૧૦૦-૦૦	શ્રી શિવાભાઈ શંકરદાસ પટેલ પરિવાર ચિ. સુમિતના લગ્ન પ્રસંગે	
૧૦૧-૦૦	શ્રી જિજ્ઞેશ લક્ષ્મણભાઈ ચાવડા શ્રી નરનારાયણદેવ ફુલ હારની સેવાનું વિશેષ બળ પ્રેરે તે નિમિત્તે	(સ્વામિનારાયણ બાગ, મેમનગર)
૧૦૧-૦૦	શ્રી યશ કમલ તથા ખુશ્બુના શુભ લગ્ન પ્રસંગે	અમદાવાદ
૧૫૦-૦૦	શ્રી હિંમતનગર બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજના ચરણકમળ સમીપથી	
૨૦૧-૦૦	શ્રી ગુણવંતલાલ ચુનીલાલ સોની નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે	ટોરડાવાળા
૧૦૧-૦૦	શ્રી નટવરભાઈ પ્રહલાદભાઈ પટેલ ચિ. તોરલબેન U.S.A. ગયા તે નિમિત્તે	ચડાસણા
૧૦૧-૦૦	શ્રી નટવરભાઈ પ્રહલાદદાસ પટેલ નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે	કલોલ
૧૦૧-૦૦	શ્રી નટવરભાઈ પ્રહલાદદાસ પટેલ નવું સ્કુટી લીધું તે નિમિત્તે	ચડાસણા
૧૦૧-૦૦	શ્રી પરેશકુમાર રજનીકાંત કા.પ. ચિ. કિરણના જન્મ દિન પ્રસંગે	મલાડ-મુંબઈ
૧૦૧-૦૦	શ્રી રમણલાલ અમૃતલાલ મોદી તેમના માતુશ્રીના સ્મરણાર્થે	હિંમતનગર
૧૦૧-૦૦	શ્રી કોઠારી વાધજીભાઈ મુળજીભાઈ પૌત્રીના લગ્ન પ્રસંગે	(કાંતિપુર) મોરબી

જાહેર સૂચના

આથી સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વ હરિભક્તો ને ખાસ જણાવવાનું કે આપણા સંપ્રદાયના દેશ વિભાગના લેખ તથા સત્સંગિજીવન આદિ શાસ્ત્રોના નિયમ પ્રમાણે ત્યાગી ગૃહી સર્વના ગુરુ સ્થાને બિરાજમાન ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા એજ સર્વોપરિ છે. તેવી પરંપરા ચાલી આવે છે. તે પ્રમાણે સંપ્રદાયના આપણા કોઈપણ ગામમાં કે મંદિરમાં સંતો હરિભક્તો પાસે દાન ધર્માદો લેવા કે કથા વાર્તા કરવા આવે ત્યારે આચાર્ય મહારાજશ્રીનો આજ્ઞા પત્ર (મહોરછાપ) લઈને જ આવે છે. આ મહત્વની સંપ્રદાયની પરંપરાનું દરેક સંતો તથા હરિભક્તોએ ખાસ ધ્યાન રાખવું અને મહારાજની આજ્ઞાનું સહેજે પાલન થાય તે માટે દરેકે અમદાવાદ દેશના ગામોમાં આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો આજ્ઞા પત્ર આવનાર સંત હરિભક્તો પાસે ખાત્રી માટે જોવાની અપેક્ષા રાખવી.

આજ્ઞાથી,

લી. મહંત સ્વામી


અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

બળોલ-ભાલ : સર્વોપરિ શ્રીજી મહારાજ જે ગામમાં રૈયાખટાણાને ઘેર થુલી અને દૂધ અને કેરાનું અથાણું જમીને કોણીએ રેલા ઉતરેલા તે પોતાની જીભ છેક કોણીએ અડાડીને અદ્‌ભૂત લીલા કરેલી તેવા રૈયા ખટાણાના વંશજ પ.ભ. મોહનભાઈ ગણેશભાઈ ખટાણા ફાગણ-વદ અમાસના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અંબાપુર (જી. ગાંધીનગર) : પ.ભ. રમણભાઈ ડાહ્યાભાઈ પટેલ તા. ૧૧-૩-૦૬ના શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

નારાયણપર (રાવરી) ઉપલોવાસ (કચ્છ) : પ.ભ. કરશનભાઈ રામજી વરસાણી તા. ૯-૩-૦૬ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

હિરાવાડી બાપુનગર : પ.ભ. પોપટભાઈ વલ્લભભાઈના માતુશ્રી પ.ભ. પાર્વતીબેન તા. ૧૯-૪-૦૬ના શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.



જેતલપુર મંદિરમાં શ્રી રેવતીબળદેવજી મહારાજના મહાભિષેક દર્શન





કોઠંબા મંદિરમાં પાટો. પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતાં પ.પૂ.મહારાજશ્રી
અને વાડજ મંદિરમાં પાટો.ની આરતી ઉતારતાં પ.પૂ.મહારાજશ્રી



નવા ગામ મંદિરમાં
આરતી ઉતારતાં પ.પૂ.
મહારાજશ્રી



જીરાગઢ (હાલાર)મંદિરમાં રોકડીયાદાદાની આરતી ઉતારતાં
પ.પૂ. મહારાજશ્રી



કુકરવાડા
મંદિરમાં
આશીર્વાદ આપતાં
પ.પૂ.મહારાજશ્રી



શ્રી નરનારાયણદેવ ધાર્મિક શિક્ષણના બાળકોને આશીર્વાદ
આપતાં પ.પૂ.લાલજી મહારાજશ્રી



કઠલાલ મંદિરમાં
પાટોત્સવ -
અભિષેક
પૂ. મહારાજશ્રીના
વરદ્ હસ્તે

SHREE SWAMINARAYAN
REG. NO. G.A.M.C. 003 Valid up to June 2006
permitted to Post AHME.P.S.O. On 11th of Every Month



રામનવમી - શ્રીહરિ જયંતી સમૈયા પ્રસંગે
આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી



Praful Kharsani

ગુજરાતની જીવાદોરી સરદાર સરોવર ડેમના અવરોધ દૂર થાય તે માટે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ઉપવાસ ઉપર ઉતરેલા. તેમના આ કાર્યમાં સહયોગ આપવા પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને કામ નિર્વિઘ્ને પૂર્ણ થાય તે માટે શ્રી હરિને પ્રાર્થના કરી હતી.